RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 1, Year: 71, April 2025, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧
મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨
સ્થાપના વિ. સં. ૧૯૬૨
ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪
Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઇસ્ટ)
મુંબઇ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જાન્યુઆરી -૨૦૨૫) સુધીમાં ૨૮૫૨૧ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ - ૯૦૮૬૦ કિલો, ગોળ - ૧૧૨૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્વવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ (૧૦ મહિના) માં ટોટલ ૩૦૨૨ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઇ ખાતે ઉપરના સરનામે મોકલશો.

Bank Name : AXIS BANK LTD.
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820
IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai

Bank Name : BANK OF INDIA
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219
IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.)

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**લી. ટ્રસ્ટીગણ**

**દાન એજ સફળ જીવન**


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી


Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા—મુંબઈ
## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી ચેરિટેબલ ટ્રસ્ટ

# આપણું ઝાલાવાડ ડિજિટલ ઝાલાવાડ



સહુ પ્રથમવાર યુ-ટ્યુબ પર લાઈવ પ્રસારણ, **તારીખ ૧૦ માર્ચ ૨૦૨૫ નાં સોમવારે શ્રી માનવ સેવા સંઘ-સાયન** મધ્યે આપણા ઝાલાવાડ ને કાયમ યાદ રહી જાય તેવું સંભારણું-લાઈવ લક્કી ડ્રો ઓન સ્ક્રીન ઓફ વસ્તિપત્રક. આ સમસ્ત આયોજન **સભાનાં ટ્રસ્ટી-પ્રમુખ શ્રી પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ ના પ્રમુખ સ્થાને કરવામાં આવેલ.** કાર્યક્રમની શરૂઆત શ્રી મહામંત્ર નવકારનાં પઠન થી કરવામાં આવી હતી.

**આ પ્રોજેક્ટ ના ડોનર શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી અને શ્રીમતી કૈલાશબેન વિનોદભાઈ ગોપાણી નો** આભાર માનવામાં આવ્યો હતો.

આ લાઈવ પ્રસારણ માં શ્રી પ્રવિણભાઈ શાહ, શ્રી પંકજભાઈ સંઘવી, શ્રીમતી મનીષાબેન શાહ, ડિજિટલ કમિટીનાં સભ્યો શ્રી નીરવભાઈ દોશી, શ્રીમતી બીનાબેન સંઘવી, સભાના પદાધિકારીઓ, કારોબારી સભ્યો, મહીલા મંડળનો પ્રમુખો તથા મિત્ર મંડળના પ્રમુખો હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમ યુ ટ્યુબ પર લાઈવ પ્રસારણ કરવાનો મુખ્ય હેતુ દરેક કાર્યકર્તા ને સમાજ ઓળખે અને જોનાર અન્યને આમાં ભાગ લેવાનું મન થાય અને લાઈવ લક્કી ડ્રો હોવાથી સભાનાં દરેક સભ્યો આમાં સહભાગી થાય અને સહુ એકબીજાની સાથે છે તેઓ અહેસાસ રહે.

**લક્કી ડ્રોના વિજેતા**

પ્રથમ : **શ્રી રમેશભાઈ રતિલાલ ગાંધી (ઘાટકોપર)**
દ્વિતીય : **શ્રી જીલેશભાઈ પ્રવિણચંદ્ર સંઘવી (સાયન)**
તૃતીય : **શ્રી કિરીટભાઈ વોરા (વસઈ)**

આ આયોજન ઝાલાવાડ ની ડિજિટલ સિધ્ધીઓમાં યશકલગી સમાન બની રહેશે.

આયોજનનું એંકરીંગ શ્રીમતી હીનાબેન પારેખે કર્યું હતું.

# અભિનંદન



*વઢવાણ નિવાસી - હાલ બોરીવલી.*

## સેજલબેન વિપુલ શાહ તથા
## વિપુલ ગીરીશચંદ્ર શાહ.
## ની સુપુત્રી.

# ચિ. દ્રિશા

**કંમ્પની સેક્રેટરી (C.S) ની પરીક્ષા ડિસેમ્બર ૨૦૨૪ માં**
**પ્રથમ પ્રયાસ માં ઉતીર્ણ થયેલ છે.**
**ખુબ ખુબ અભિનંદન**

## શુભેચ્છક પરીવારો

**દાદી - દાદા** : સ્વ. જ્યોત્સના ગીરીશચંદ્ર શાહ
**નાની - નાના** : સ્વ. સ્મિતા (કોકી) મહેન્દ્ર સંઘવી
ગિતા મહેન્દ્ર સંઘવી
**કાકી - કાકા** : કોમલ અલ્પેશ શાહ
**ફૈબા - ફુવા** : મમતા રાકેશ કુમાર ગોપાણી
**મામી - મામા** : ડોલી તુષાર સંઘવી
**માસી - માસા** : સોનાલી વિપુલ કોઠારી (દુબઈ)


શાહ - સંઘવી પરિવાર ના જય જીનેન્દ્ર

Advt.

Bio-Data

Hi, I am

# Manvi Gopani



| | |
|---|---|
| Date of Birth : | *3rd February, 1999* |
| Height : | *5 ft. 4 inches* |
| Religion : | *Zalawadi Visha Shrimali Sthanakvasi Jain* |
| *Native* : | *Botad* |
| Education : | *B.Tech. in IT from DJ Sanghvi College of Engineering* |

***Currently working as a Sr. Technical Consultant at Quantiphi Analytics, Mumbai***

## Family Details

| | |
|---|---|
| Father : | Sarju Navinchandra Gopani \| +91 9820347799 |
| Occupation: | Partner at Aakar Diajewel LLP, BKC, Mumbai |
| Mother : | Jigna Sarju Gopani \| +91 9819874247 |
| Sister : | Dhruvi Gopani - Pursuing masters at Texas, USA |
| Address : | A/103, Prajakta CHSL, TPS Road, Borivali - West, Mumbai 400092 |

## Paternal Family

| | |
|---|---|
| Grandfather : | Lt. Navinchandra Popatlal Gopani |
| Grandmother : | Premilaben Navinchandra Gopani |
| Uncles : | Bharat Navinchandra Gopani - Botad \| +91 9824290025 |
| | Sanjay Pravinchandra Gopani - Botad \| +91 9374836996 |
| Faiba & Fua : | Jasmine (Sonal) Ajay Gandhi - Borivali |
| | Ajay Bhogilal Gandhi \| +91 9825260931 |
| Cousins : | Rumit B. Gopani - Borivali \| +91 9920391661 |
| | Yash B. Gopani - Borivali \| +91 9687823732 |

## Maternal Family

| | |
|---|---|
| Grandfather : | Jitendrabhai Girdharlal Shah - Ahmedabad \| +91 9825727042 |
| Grandmother : | Kiranben Jitendrabhai Shah |
| Mama : | Dr. Viral Shah - Ahmedabad \| +91 9824430306 |
| | Dr. Saurabh Shah - Ahmedabad \| +91 9898470796 |

Advt.

WE DELIVER WHAT IS PROMISE !

WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !

ammpalholidays@gmail.com

Ammpal HOLIDAYS Dream. Explore. Discover.

# DISCOVER THE WORLD, THE AMMPAL WAY!

**Embark on unforgettable journeys with Ammpal Holidays! We specialize in crafting unique travel experiences, offering pure vegetarian & Jain tours to breathtaking international destinations.**























**WE ALSO HELP, PLAN & EXECUTE**

**EXCLUSIVE WOMEN TOURS**

**CUSTOMISE TOUR FOR SOCIAL GROUPS**

- Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
- Tour Inclusive of Air Fare* & Visa Assistance
- Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
- Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
- Stay at Luxurious Hotels

**AMMPAL HOLIDAYS**
Specialist in International & Domestic Tour Packages

**For Booking & Planning Your Tours Call Us Now!**
**AMIT SHAH 9833082820 | 8291099100**

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

એપ્રિલ ૨૦૨૫
વર્ષ : ૭૧ : : અંક : ૧
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-
છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# નથી રહ્યો

રેલાતા અંધકારમાં આકાર ના રહ્યો,
મારગ ભૂલાઈ ગયો ને રાહબર ના રહ્યો.

નયનો નીર વહેતાં થાકી થીજી ગયા,
મારા હતા જે એમનો આધાર ન રહ્યો.

ઝુરાપો તળ લગીનો સુનકારનો હવે,
પંખી ને વૃક્ષ વચ્ચે માળો નથી રહ્યો.

ભ્રમણામાં શક્ય ના હો એનું મિલન હવે,
જીવનનો મર્મ સમજે, તારણહાર નથી રહ્યો,

શંકાની સોયમાં જો ધાગો પરોવી જોયો,
વિશ્વાસ કેશ વસ્ત્રનો સીવનાર ના રહ્યો.

ખુલ્લી આંખે સતત પોકારું હવે તને,
'સ્નેહી' વિરહ પછી મિલનનો અણસાર નથી રહ્યો.

**- સુરેશ પરીખ (સ્નેહી)**

# અવિરત વરસતી પ્રેમધારા

**કુમારપાળ દેસાઈ**



ગ્રામક સન્નિવેશથી વિહાર કરીને ભગવાન મહાવીર શાલિશીર્ષ ગામમાં આવ્યા. અહીંના રમણીય ઉદ્યાનમાં તેઓ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન હતા.

માઘ મહિનાની કડકડતી ઠંડી હતી. હાડ સોંસરવો ઊતરી જાય તેવો પવન સુસવાટા લેતો હતો. એમાંય પ્રભુ મહાવીર ખુલ્લા, વિશાળ ઉદ્યાનમાં હતા તેથી પવન એમના વસ્ત્રવિહોણા દેહ પર શૂલની માફક ભોંકાતો હતો. ભલભલા બળિયાનાં હાડ ધ્રૂજી ઊઠે એવી આ કારમી ઠંડી હતી. શાલિશીર્ષના ગ્રામજનો તો ગરમ વસ્ત્રો ઓઢીને સૂતાં હતાં, છતાં કારમી ઠંડી એમને ધ્રુજાવતી હતી.

રાતના સમયે થીજી જાય એવી ઠંડીમાં ભગવાન મહાવીર વૃક્ષની નીચે ધ્યાનસ્થ મુદ્રામાં ઊભા હતા. બહારની દુનિયા વીસરાઈ ગઈ હતી. એમના અંતરના જગતમાં અજવાળાં પથરાયેલાં હતાં. ધ્યાનસ્થ દશા પણ એવી કે ગમે તેવો સુસવાટાભર્યો પવન આવે, ગમે તેવી કારમી ઠંડી હોય છતાં તદ્દન અડોલ, અપ્રતિબદ્ધ અને આલંબનરહિત હતા.

આ સમયે કટપૂતના નામની વ્યંતરીએ ધ્યાનસ્થ મહાવીરને જોયા અને એનું પૂર્વ વેર પ્રજ્વળી ઊઠ્યું. ભગવાનના ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં એમને એક રાણી હતી. એ અણમાનીતી રાણીનું નામ વિજયવતી હતું. એ પછી ઘણા ભવભ્રમણ બાદ કટપૂતના બની હતી. એણે જ્યારે પ્રભુ મહાવીરને જોયા, ત્યારે એના હૃદયમાં ભક્તિની પાવન ભાવના ઊભરાઈ નહીં, બલકે દ્વેષનો દઝાડતો દાવાનળ જાગી ઊઠ્યો.

ભગવાન મહાવીરનું મુખારવિંદ જોઈનએ વાત્સલ્યનો અનુભવ થવાને બદલે એનું હૃદય વેરથી ધગધગી ગયું. આનું કારણ એ હતું કે જુગજૂના વેરનો વિપાક જાગ્યો હતો. આ વેરને પરિણામે કટપૂતનાએ ધ્યાનસ્થ મહાવીરનો ધ્યાનભંગ કરવાનો વિચાર કર્યો. એમને હેરાન-પરેશાન કરવાના ઉપાયો વિચારવા લાગી.

એણે વિચાર્યું કે શિયાળાની આ કડકડતી ઠંડી એવી છે કે આ સમયે ભલભલાનાં ગાત્રો થીજી જાય. ભલે મહાવીર આ ઠંડીની સામે હજી સુધી અડોલ ઊભા હોય, પરંતુ એમના પર હિમ જેવું ઠંડું પાણી રેડું કે જેથી એ થરથરી જાય, ઠંડીથી ઠૂંઠવાઈ જાય. આમ થશે તો જ વેરથી બળતા મારા હૃદયને થોડી ટાઢક વળશે.

કટપૂતનાએ તાપસીનું રૂપ ધારણ કર્યું. એની જટામાંથી મેઘની ધારાની માફક હિમની શીતળતાને ભુલાવે એવું ટાઢું પાણી ભગવાન મહાવીરના દેહ પર વરસાવવા લાગી. ભગવાનના કોમળ ખભા પાસે ઠંડી હવાની કાતિલ લહેરો ફેલાવવા લાગી. એક બાજુ બરફના જેવું ઠંડું જળ ભગવાન પર છાંટવા માંડ્યું અને બીજી બાજુ તલવારના પ્રહારથી પણ વધુ તીક્ષ્ણ એવા જોરદાર પવનનો સુસવાટો શરૂ થયો.

કટપૂતના અટ્ટહાસ્ય કરતી જોઈ રહી. એને હતું કે હમણાં આ યોગી ધ્રૂજી ઊઠશે. ધ્યાન ધ્યાનને ઠેકાણે રહેશે અને જીવ બચાવવા દોડી જશે. અસહ્ય પવનના સુસવાટા નહીં ખમાય એટલે ચીસાચીસ કરી મૂકશે. એની આખીયે લીલા સમેટાઈ જશે.

કટપૂતનાનો આ શીત ઉપસર્ગ એવો હતો કે સામાન્ય માનવી તો આવી ઠંડીથી સાવ અચેતન બની જાય અને ઠૂંઠવાઈ-ઠૂંઠવાઈને મૃત્યુ પામે.

કટપૂતનાએ ભગવાનની કાયાને કષ્ટ આપવામાં કશું બાકી રાખ્યું નહીં, પણ કાયાની માયા કે મમતા મહાવીરને ક્યાંથી સ્પર્શે ? કાયાનું કષ્ટ એમને ક્યાંથી ધ્રુજાવી શકે ? બાહ્ય આપત્તિ એમને ક્યાંથી અકળાવી શકે ? કટપૂતનાને થયું કે થોડો વખત આ સહન થાય, પણ લાંબો વખત સહન થશે નહીં. થોડા સમયમાં જરૂર આ યોગી શાલિશીર્ષનું ઉદ્યાન છોડીને ભાગી જશે. આમ વિચારતી કટપૂતનાએ સતત ઠંડુ જળ અને કાતિલ પવનોનો મારો ચાલુ રાખ્યો. આખી રાત એણે ભગવાન મહાવીરને ધ્રુજાવી નાખવા કોશિશ કરી, કિંતુ પ્રભુ તો સુમેરુ પર્વતની જેમ પરિષહ સહેવામાં નિશ્ચલ રહ્યા.

એમણે આ શીતલ જળછંટકાવને આત્મામાંથી પ્રગટતી શીતળતાની જેમ વધાવી લીધો. સુસવાટાભર્યા પવનને આનંદની લહેરીમાં પલટાવી દીધો. કટપૂતના હારી-થાકી અને એનો ક્રોધ ધીરે ધીરે શમી ગયો. પૂર્વભવનું વેર ત્યજીને વિચારવા લાગી કે કેવી અદ્ભુત તિતિક્ષા અને કેવી અમાપ સમતા છે મહાવીરમાં ! એ ભગવાન મહાવીરના ચરણમાં નમી પડી અને પોતાના આવા ઘોર અપરાધ માટે એમની ક્ષમા માગી. ક્ષમાસાગર વાત્સલ્યમૂર્તિ પ્રભુ મહાવીરની પ્રેમધારા અવિરત વરસતી હતી !

❖❖❖

# શ્વેત હંસ માટે પરિભ્રમણનું પરિણામ

ગુણવંત બરવાળિયા

રઘુનંદન અને ગોપાલ બન્ને શાળામાં સાથે ભણેલા મિત્રો હતા. બંને બાજુબાજુના ગામમાં રહેતા હતા. બાજુના ગામમાંથી એકવાર બીજો મિત્રો આવ્યો. તેણે વાત કરી કે, રઘુની હાલત બહુ જ ખરાબ છે. તેનું ઘરવ્યવહાર બરાબર નથી. ગોપાલ વિચાર કરે છે કે, મારા કરતાં તો રઘુની ખેતી-ઘર વગેરે ઘણી મોટી મિલ્કત છે, છતાંય તેની હાલત ખરાબ કેમ હશે ? થોડા સમય પછી તે રઘુને ગામ ગયો. બન્ને મિત્રો ઘણા સમય પછી મળ્યા હતા તેથી રઘુના આગ્રહથી ગોપાલ એક દિવસ રઘુના ઘરે રોકાયો. ગોપાલે જોયું કે રઘુ આળસુ બની ગયો છે. વહેલો ઊઠતો નથી જેથી ખેતીમાં ધ્યાન આપી શકતો નથી. સવારે ગાયો, ભેંસો વગેરેની કાળજી પણ લેતો નથી. ઘરની પાછળ રહેલા વાડાનાં વૃક્ષો વગેરેનું ધ્યાન પણ રાખતો નથી. બધું જ કામ નોકરો પાસે કરાવે છે. તેનો ખેતી, બાગાયત કે પશુઓ વગેરેનો કારોબાર માત્ર નોકરો જ કરતા હોય છે. ગોપાલે નિરીક્ષણ કર્યું કે, રઘુની નિર્ધનતા, દરિદ્રતા અને શારીરિક અસ્વસ્થાનું કારણ માત્ર તેની આળસ છે.

રઘુ કહે, આ દરિદ્રતાથી તો હું મુંઝાણો છું. મિત્ર, આનો કાંઈ ઉપાય ખરો ? ચતુર ગોપાલે વિચાર્યું કે, આ મિત્રને આ પરિસ્થિતિમાં કાંઈ ઉપદેશ આપવો વ્યર્થ છે. તેણે રઘુ અને તેની પત્નીને પાસે બેસાડીને કહ્યું કે, મેં મારા એક સ્વજન પાસેથી વાત સાંભળી છે તે તમને કહું.

અમુક અમુક સ્થળે મહિને-બે મહિને એકવાર માનસરોવરથી એક સફેદ હંસ આવે છે. આ હંસનાં જો વહેલી સવારે આપણને દર્શન થઈ જાય તો આપણી બધી જ સમસ્યાનો અંત આવી જાય. તેની પત્ની તરત બોલી, ગોપાલભાઈ, હું સવારના વહેલી તમારા ભાઈને ઉઠાડીશ અને દૂધ-રોટલા વગેરેનું શિરામણ બનાવી દઈશ. રઘુ



કહે હંસનું દર્શન કઈ રીતે થાય ? હા રઘુ, એણે જે સંત પાસેથી આ વાત સાંભળી તેણે કહેલું કે ગાંધીબાપુને ગમતા ગીતની બે કડી વહેલી સવારે નાહીને સ્વચ્છ કપડાં પહેરીને ભાવથી ગાવાની અને પછી જ બહાર નીકળવાનું. હંસના આગમનના જે જે સ્થળની વાત કહી તે સ્થળો તો તારી નજીક છે. તારા ઘરની ઊગમણી દિશામાં તારી ગાયોનું ગોકુળ છે. તારા ઘરની પાછળના વાડામાં તારો બગીચો છે જ્યાં નાળિયેરી, આંબા વગેરે રસવાળાં ફળોનાં વૃક્ષો છે અને વળી તારા ખેતરની બાજુમાં જ સરોવર છે. દરરોજ સવારે અલગ અલગ જગાએ જવાથી ક્યારેક હંસનાં દર્શન થઈ જશે.

રઘુની પત્ની કહે ગોપાલભાઈ, ગાંધીબાપુવાળું ગીત લખીને આપો. અમે રોજ સવારે ભાવથી ગાશું. ગોપાલે એક ગીત લખી આપ્યું ને વિદાય લીધી.

***સત્ય, અહિંસા, ચોરી ન કરવી,***
***વણજોતું નવ સંઘરવું,***
***બ્રહ્મચર્ય ને જાતમહેનત,***
***કોઈ અડે ના અભડાવું,***
***અભય, સ્વદેશી, સ્વાર્થત્યાગ ને***
***સર્વધર્મ સરખા ગણવા,***
***એ અગિયાર મહાવ્રત સમજી***
***દૃઢપણે નીત આચરવાં.***

બીજે દિવસે રઘુ વહેલો ઊઠ્યો, તૈયાર થયો. બન્નેએ ગીત ગાયું અને ગોકુળ ગયો અને જોયું તો ગોવાળ બોઘરું ભરીને પોતાની પત્નીને દૂધ ચોરીછુપીથી આપી રહ્યો છે. આગળ ગાયો ને ભેંસોનો રખેવાળ એક-એક દૂધના કેનમાંથી એક-એક જગ ભરીને દૂધ કાઢીને અલગ કેનમાં ભરી રહ્યો હતો અને એટલું જ પાણી ભેળવી દૂધ વેચવા મોકલતો અને વધારાનું કેન પોતાને ઘરે મોકલાવતો હતો. રઘુને સમજાયું કે ગાયના દૂધની ચોરીથી વેચાણની રકમ ઓછી આવે છે અને ભેંસના દૂધમાં પાણી ઉમેરવાથી ભાવ ઓછો આવે છે, તે ચોરી બંધ કરાવી.

બીજે દિવસે વાડામાં જ્યાં ત્યાં નાળિયેરની ચોરી થતી જોઈ અને વાડાની કોઠીમાંથી ઘઉં ચોરાતા જોયા. ચોકીદાર મળેલો હતો. પોતાના ખેતર બાજુના સરોવરમાં જતા ખેતરમાં જોયું તો સમય થઈ જવા છતાં ખેતીકામ માટે માણસો આવ્યા ન હતા. પગાર પૂરો લેતા. મુકાદમ મળેલો હતો તે જાણ્યું. વળી સરોવર પાસેના પુરોહિતના ખેતરમાં હરિજનવાસના માણસો કામ

કરતા જોયા ને પૂછ્યું કે, આ માણસોને તો આપણે અડીએ તો અભડાઈ જઈએ અને બ્રાહ્મણ થઈને કેમ રાખ્યા ? પુરોહિત કહે, કે આપણા કરતાં આ હરિજનો ચોખ્ખા ને મહેનતુ છે અને કામચોર નથી, પ્રામાણિક છે.

રઘુએ જાણ્યું કે, હું જે માણસોને રાખું છું તેના કરતાં ઘણા જ ઓછા પગારમાં આ લોકો વધુ સમય અને સારું કામ કરે છે. તેને ગીતના શબ્દો યાદ આવ્યા : કોઈ અડે ના અભડાવુ''. ને ખેતીના બધા જ માણસો બદલ્યા. સવારના વહેલા ચાલવાથી તેનું સ્વાસ્થ્ય પણ સારું થવા લાગ્યું. થોડા દિવસમાં તો વ્રતની કવિતા કંઠસ્થ થઈ ગઈ. એક દિવસ આ વ્રતગાન ગાયા પછી રઘુની પત્ની કહે, આ ગીતામાં એક વાત આવે છે - ''જાત મહેનત''. આપણે જે માણસો પાસે કામ કરાવીએ છીએ તો તેની સાથે જાતે જઈને મહેનત કરીએ. હું દરરોજ ગાય-ભેંસનું ધ્યાન રાખીશ ને તમે બાગાયત ને ખેતીનું.

રઘુએ સમ્મતિ દર્શાવી ને ખોડા દિવસમાં તો તેનું પરિણામ દેખાયું. થોડા દિવસ પછી ગોપાલ આવ્યો. ઘરની રોનક બદલાઈ ગઈ તે જોતાં બોલ્યો કે, સફેદ હંસના દર્શન ફળ્યાં લાગે છે ! રઘુ કહે, હંસનાં દર્શન માટેનું મારું સવારનું પરિભ્રમણ અને તેં આપેલું વ્રતગાન અમારા જીવનમાં સમૃદ્ધિ લાવ્યું છે, તેને માટે તારો આભાર !

❖❖❖

# બુદ્ધિચાતુર્ય



**સ્વા**મી અખંડાનંદજી એક વખત ફરતાં-ફરતાં એક ખેતરમાં જઈ ચઢ્યા. બપોરનો સમય હતો. સૂર્ય તપતો હતો. સ્વામીજીને થયું કે થોડી વાર ખેતરમાં આરામ કરી લઉં પછી મુસાફરી આગળ વધારું.

એ ખેતરમાં એક કૂવો હતો. સ્વામીજીએ ત્યાં જઈને ઠંડા જળથી હાથ-મોં ધોયા અને બાજુમાં જઈ બેઠા. ખેડૂત પાકને પાણી પાવા માટે વહેલી સવારથી કોશ હાંકતો હતો. બપોર થતાં તેણે કોશ બંધ કર્યો અને કેટલા કયારામાં પાણી પહોંચ્યું એ જોવા ખેતરમાં જવા લાગ્યો.

ખેડૂતે ખેતરના ક્યારામાં જઈને જોયું તો માત્ર એક જ ક્યારામાં પાણી પહોંચ્યું હતું. આટલો બધો શ્રમ કર્યા પછી અને ઠેઠ સવારથી કોશ હાંકવા છતાં માત્ર એક જ કયારો પલળ્યો હતો એ જોઈ ખેડૂતને ખૂબ દુ:ખ થયું.

વીલે મોઢે ખેડૂત ઝાડને છાંયે શીરાવા બેઠો. સ્વામીજીને પણ તેણે આગ્રહ કરી થોડું લેવા કહ્યું. સ્વામીજીએ પ્રેમાળ આગ્રહને વશ થઈ થોડુંક  શાક અને અડધો રોટલો ખાધો. પરંતુ ખેડૂતનો ચહેરો પડી ગયો હતો. તેના મુખ પર પ્રસન્નતા દેખાતી નહોતી.

સ્વામીજીએ કહ્યું : 'ભાઈ, તારા મોં પર ચિંતા કેમ દેખાય છે ?'

ખેડૂતે કહ્યું : 'સ્વામીજી, વહેલી સવારથી કોશ હાંકું છું, પણ હજી સુધી માત્ર એક ક્યારો જ પલળ્યો છે. કોણ જાણે આખા ખેતરમાં ક્યારે પાણી પહોંચશે ? સૂવો જ ઊંડો ગયો લાગે છે.'

સ્વામીજીએ મંદ હાસ્ય કરતાં કહ્યું : 'ભાઈ, તું સવારથી કોશ હાંકે છે ?'

'હા મહારાજ.'

'તેં ક્યારેય પાછળ વળીને જોયું છે ?'

'ના, કેમ ?'

'જો કૂવામાં પાણી તો ખૂબ છે.'

ખેડૂતે નજર કરી તો વાત સાચી હતી. કૂવો તો પાણીથી ભરેલો હતો.

સ્વામીજીએ કહ્યું : 'એ પાણી તારા કોશમાં પણ ભરાય છે.'

'તો પછી આમ કેમ ?'

'કોશ ઉપર આવે છે ત્યાં સુધીમાં તો મોટાભાગનું પાણી કૂવામાં જ પાછું ઢોળાઈ જાય છે.'

'એનું શું કારણ સ્વામીજી ?' નિર્દોષ ખેડૂતે પૂછ્યું.

સ્વામીજીએ કહ્યું : 'કારણ તારો કોશ કાણો છે. તું આ કાણાને સાંધી લે અને પછી જો થોડી જ મહેનતે બધા ક્યારા પાણીથી છલકાય છે કે નહિ ?'

ખેડૂત સ્વામીજી સામે જોઈ રહ્યો. આભારવશ થઈ તેણે પૂછ્યું : 'સ્વામીજી, તમને આ વાતની કેમ ખબર પડી ?'

હસતાં-હસતાં સ્વામીજીએ કહ્યું : 'ભાઈ, હું પણ તારા જેવો જ ખેડૂત છું. હું પણ જીવન જળરૂપી કૂવામાંથી કોશ લઈને પાણી ખેંચું છું. થોડા વર્ષ પહેલાં તારી જેમ જ હું કોશ લઈને પાણી ખેંચતો હતો, પણ કોશમાં કાણાં હતા એટલે પાણી ઢોળાઈ જતું હતું. મેં એક પછી એક કાણા શોધી કાઢ્યા અને સીવી લીધાં એટલે આજે હું જીવનનો આનંદ માણી શકું છું.'


**- સ્પીડ બ્રેકર બુકમાંથી**

# સત્યને કોઈ સરહદ બાંધી શકતી નથી

મોરારિબાપુ • સંકલન : નિતિન વડગામા

યાત્રાઓ અનેક પ્રકારની હોય છે. એક હોય છે શબ્દયાત્રા. શબ્દ સાથે યાત્રા થાય છે. એક હોય છે તીર્થયાત્રા. એક હોય છે જીવનયાત્રા. બધી યાત્રામાં સૌથી શ્રેષ્ઠ હોય છે વિચારયાત્રા. સોક્રેટિસ વિચારયાત્રાના માણસ હતા. એમના વિશે અનેક લોકોએ લખ્યું અને વિચાર્યું છે. એમના વિચારોનો વધુમાં વધુ સંગ્રહ પ્લેટોએ કર્યો. બીજા ઘણા લોકોએ કર્યો હશે. ગુજરાતી સાહિત્યકાર મનુભાઈ પંચોળી 'દર્શક', એમણે 'સોક્રેટિસ' નવલકથા લખી. એ સમયે એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો. દર્શકદાદાએ તો કહ્યું કે હું મારા મુખે કહું એ યોગ્ય નહીં, પણ મારી 'સોક્રેટિસ' સર્વશ્રેષ્ઠ કૃતિ છે. પોતાની રીતે એમણે લખ્યું છે. એ નવલકથામાં એથેન્સની પરિસ્થિતિ, રાજકીય વાતાવરણ, સામાજિક વાતાવરણ વગેરેનું ચિત્રણ છે. પૌરાણિક દેવ-દેવીઓ તો અહીં પણ છે; અહીંની સભ્યતા છે. સોક્રેટિસ કહ્યા કરતા હતા કે હું કોઈને કંઈ આપતો નથી. એનામાં જ હોય છે એનું અનાવરણ કરું છું. કોઈ દાયણ કોઈ સ્ત્રીના ગર્ભમાં બાળક નથી આપી શકતી. ગર્ભ તો ઓલરેડી હોય છે; દાયણ એને ખોલે છે. મારું કામ એ જ છે, કેમ કે મા પાસેથી હું એ શીખ્યો છું. યુવાનોમાં જે પડ્યું છે એને હું ખોલું છું. આ રીત મને સારી લાગે છે.

હમણાં એક સાહિત્યકારની વાત નીકળી હતી. એક વિખ્યાત સાહિત્યકાર પર આક્ષેપ મૂકવામાં આવ્યો કે આ સાહિત્યકાર મોરારિબાપુની અસરમાં બહુ છે! એમણે જવાબ બહુ સરસ આપ્યો કે અમે મોરારિબાપુની અસરમાં નથી, પણ મોરારિબાપુના સ્નેહમાં છીએ. બહુ સુંદર



વાત છે. મારી વ્યાસપીઠની અસરમાં તમે ન રહેશો. મારી વ્યાસપીઠની મહોબ્બતમાં રહેજો. અસરમાં તો ઘણા આવી જાય છે! અસરમાં પરાધીનતા છે. કોઈ અસરમાં આવી જાય એ પણ ઠીક નહીં અને કોઈ અસર પાડવાની કોશિશ કરે એ પણ યોગ્ય નથી. વ્યક્તિ સ્વાધીન હોવી જોઈએ. અસરમાં ન આવવું. હું અસર પાડવા નથી આવ્યો. મારું એ કામ નથી. હું સ્નેહથી આવ્યો છું અને સ્નેહ કરવો એ ગુનો નથી, પાપ નથી. મારી અસરમાં આવવાથી શું? મારામાં છે પણ શું? મારી અસરમાં આવવાનું કોઈ કારણ પણ નથી. હું તમારા પ્રત્યે મમતા રાખું છું. તમે મને આદર આપો છો. આનંદ કરીએ છીએ. અસરને છોડો. અસર ઊતરતા વાર નથી લાગતી. ચાહે ઝેર હોય કે ચાહે અમૃત હોય.

સોક્રેટિસનું એક વાક્ય મને બહુ પ્રિય છે. સોક્રેટિસને કહેવામાં આવ્યું કે જલદી ઝેર પી લો. સોક્રેટિસે કહ્યું, ધીરે ધીરે પીવા દોને યાર! જિંદગી ધીરે ધીરે જીવ્યો છું, મોત પણ ધીરે ધીરે. કેવી આ ફકીરી હતી! શું સોક્રેટિસનો ઈરાદો એવો હતો કે એ મરે નહીં? ના; સોક્રેટિસનું બહુ સુંદર વાક્ય હતું કે હું ધીરેધીરે એટલા માટે પી રહ્યો છું કે ઝેર ચડે નહીં અને મરીશ નહીં તો જ્યૂરીને ફરી કહીશ, મને પાછું ઝેર આપો. પાછી મીરાં યાદ આવે છે. સત્યને કોઈ સરહદ બાંધી શકતી નથી. ક્યાં એથેન્સ ને ક્યાં જૂનાણાં! એક મીરાંએ કહ્યું હતું; આટલાં વર્ષો પછી મીરાંએ કહ્યું હતું. સત્ય માટે જીવવું હોય એમણે તો આમ જ બોલવું જોઈએ.

*રાણાજીને કહેજો પાછાં ઝેર મોકલે.*
*મીરાંબાઈ કરે છે મનવાર.*
*ઝેરને ઝીરવવા જીવણ મારો આવશે;*
*મને છે એનો એતબાર.*

હું સોક્રેટિસની અસરમાં નથી, એની મહોબ્બતમાં છું. એટલા માટે આ વાક્ય મને પ્રિય છે, બચવું નથી, બીજી વાર પી લઈશું. મને એ સારું લાગે છે, જે માણસ હસતાં હસતાં મૃત્યુની પ્રતીક્ષા કરે છે એ બહુ મુશ્કેલ છે. જેમને એ માફક આવી ગયું હોય એમના માટે એનાથી મંગલમય ઘડી બીજી કોઈ નથી. માણસ મૃત્યુના ભયથી નથી સૂતા હોતા. આ માણસ મૃત્યુની પ્રતીક્ષામાં નથી સૂતો! ક્યારે આવે, જરા પીઓ તો ખરા! એનો ટેસ્ટ કેવો છે, જરા જોઈએ તો ખરા! દુનિયામાં લોકો ઝેર-ઝેર કરે છે, એ શું છે? જરા જોઈએ તો ખરા!

કોઈની અસરમાં ન આવવું. લોકો એમ જ બોલ ફેંકે છે કે મોરારિબાપુ પાસે જાય છે, એમની અસરમાં છે! નહીં, નહીં, નહીં. ન હું કોઈની અસરમાં છું કે ન કોઈ મારી અસરમાં છે. અમે એકબીજાને પ્રેમ કરીએ છીએ. ગાય આપણને દૂધ આપે છે. ગાય આપણને ગોબર આપે છે. ગાયને આપણે માતા કહીએ છીએ. છતાં પણ આપણે ગાયને બહાર કેમ રાખીએ છીએ? ઘરમાં કેમ નથી રાખતા? આંગણામાં છાપરું બનાવી દઈએ છીએ. કૂતરો દૂધ આપે છે? કૂતરાનું મળ કોઈ ઉપયોગમાં આવે છે?

# લીંબડી કેળવણી મંડળ સંચાલીત

## એસ એમ. દવે હાઈસ્કુલ અને પાણીસણાની સી સી હાઈસ્કુલમાં

## જ્ઞાનોત્સવ કાર્યક્રમ



ઉપરોક્ત ત્રણે હાઈસ્કુલોનું ઉદ્‌ઘાટન મંડળના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ તથા દાતાશ્રીઓના વરદ્‌હસ્તે કરવામાં આવેલ.

લીંબડી કેળવણી મંડળ સંચાલીત ત્રણે સ્કુલોનું ઈમારત ઘણી જુની હોવાથી પાયાથી નવીન બનાવી અને અત્યંત આધુનીકરણ થી સજ્જ કરવામાં આવેલ છે.

લીંબડી કેળવણી મંડળની ૧૧ શૈક્ષણિક સંસ્થાઓમાં હાલ ૪૮૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. કુલ ૧.૧૮ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ચુક્યા છે.

ત્યારબાદ મંડળના પ્રમુખ તથા દાતાશ્રીઓ દ્વારા મળેલ દાનના ઋણ સ્વીકાર માટે તેઓનું સન્માન કરવામાં આવેલ. સૌથી વધુ રકમ લીંબડીના ધારા સભ્ય શ્રી કિરીટભાઈ રાણાએ રૂા. ૫૧ લાખ, મુંબઈના ગંભીરભાઈ ઉમેદચંદ શાહ ટ્રસ્ટ દ્વારા રૂા. ૨૫ લાખ એલ એન્ડ ટી એ રૂા. ૨૦ લાખનું માતબર દાન આપ્યું હતું.

વઢવાણના ધારાસભ્ય અને મુખ્ય દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ ઉપસ્થિત સૌ મહાનુભાવોનું મોમેન્ટો તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

દાતાશ્રીઓ તરફથી આવનાર વર્ષોમાં પણ જરૂરી દાન માટે તૈયારી દર્શાવવામાં આવી હતી. સમગ્ર શાળા વાઈફાઈ તેમજ તમામ ભૌતિક સુવિધાઓથી યુક્ત બને તેવી શુભ ભાવના ભાવી હતી. તેમજ તમામ સંસ્થાઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તે માટે અનેકવિધ શુભેચ્છાઓ પણ આપવામાં આવી હતી.

**સંકલન : ભરત છબીલદાસ શાહ (ગેડીવાલા)**

*(અનુસંધાન પાના નં. ૧૧ થી)*

કૂતરાને આપણે દેવ કહીએ છીએ ? છતાં પણ કૂતરાને આપણે ઘરમાં શું કામ રાખીએ છીએ ? શું કામ લોકો એને ગોદમાં બેસાડે છે ? અરે, કોઈ મહાનુભાવ તો એટલા બધા પશુપ્રેમી હોય છે કે કૂતરાને પોતાની સાથે સુવડાવે છે ! કારણ શું છે ? એક જ કારણ છે, ગાય પૂંછડી નથી હલાવતી, કૂતરું પૂંછડી હલાવે છે. પૂંછડી હલાવનારા અસરમાં છે, દૂધ પિવડાવનારા મહોબ્બતમાં છે. ચાહે રાજકારણી હોય, ધર્મવાળા હોય કે બીજા કોઈ હોય. ગાય એની નિજતામાં છે.

મનુષ્ય કેવો હોવો જોઈએ ? માણસ નિજતંત્ર હોવો જોઈએ. કોઈ કોઈની અસરમાં ન હોય. બધાં એકબીજાના સ્નેહમાં સિક્ત હોય. આપણે ત્રણ લોક કોને કહીએ છીએ ? સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ. આપણે ત્રિભુવન કહીએ છીએ. તો સ્વર્ગ એટલે જે ઉપર હોય. સ્વર્ગ શું છે એની મને ખબર નથી, પરંતુ સ્વર્ગ એટલે આકાશ. આકાશ સત્ય છે. કંઈ છે એ સત્ય નથી. કંઈ પણ નથી એ સત્ય છે. જરા અઘરું પડશે. સૂરજ છે એ સત્ય નથી, કેમ કે સૂરજ ખતમ થઈ જશે. ચાંદ ચાલ્યો જશે. સર્વોચ્ચ સત્ય કંઈ નથી એ છે. એટલા માટે સર્વોચ્ચ સત્ય આકાશ છે. પૌરાણિકોએ એને સ્વર્ગ એવું નામ આપી દીધું. વૈષ્ણવોએ એને વૈકુંઠ નામ આપ્યું. રામ ઉપાસકોએ એને સાકેતધામ નામ આપી દીધું. કૃષ્ણ ઉપાસકોએ એને ગોલોક નામ આપી દીધું અને મારી સમજ મુજબ પૃથ્વી છે પ્રેમ. પ્રેમ પૃથ્વી પર જ થાય છે. કોઈ થોડાક સ્પેસમાં જાય તો એકબીજાને ગળે પણ નથી મળી શકતા ! આકાશ સત્ય છે, પૃથ્વી પ્રેમ છે અને પાતાળ કરુણા છે. કરુણા જેવું ઊંડાણ કોઈનું નથી હોઈ શકતું. એને આપણે પામી શકતા નથી. કોઈ કોઈ મહાપુરુષ આપણી પાસે એવા આવ્યા; જેમ કે, નારદ આવ્યા એ સ્વર્ગમાં પણ જતા હતા; પૃથ્વી પર પણ આવતા હતા અને પાતાળમાં પણ જતા હતા. કેટલાક મહાપુરુષ એવા આવ્યા જેમનું રમણ સત્યમાં પણ હતું; જેમનું રમણ પ્રેમમાં પણ હતું; જેમનું રમણ કરુણામાં પણ હતું.

# વિધિના વિધાન


જ્ઞાનેશ જયચંદ લાપસીયા

વાન્દ્રા ટર્મીનસથી સવારે ૧૧.૨૫ વાગે ઉપડેલ ઉદયપુર એક્ષપ્રેસ વેગ પકડતી મુંબઈને ક્યારનું પાછળ મુકી સુરત અને વડોદરાથી આગળ રતલામ તરફ ગતિશીલ હતી. રાતના નવ વાગ્યાનો સમય થઈ ગયો હતો બપોરના ઘરેથી જેવું તેવું જમીને નિકળેલ વિમળા અને લહેરચંદ ટ્રેનમાં આવતા ફેરીયાઓ પાસેથી આચરકુચર ખાઈ પોતાની ભુખને ઠારવાના પ્રયત્નો કરી રહેલ, પણ રતલામ આવતા તો જાણે જઠરે બંડ જ પોકારેલ તેમ કકડીને ભુખ લાગી હતી. પેન્ટ્રીકારનો સેવક ખાના-ખાના કરી બૂમ મારી રહ્યો હતો, પણ તેના પૈસા વધારે લાગતા રતલામ સ્ટેશન આવતા નીચે ઉતરી પુરી શાકની હાંક મારી રહેલ ફેરિયા પાસેથી બે પેકેટ ખરીદી તેને ન્યાય આપી રહ્યા. ત્યારબાદ થોડીવારમાં પોતપોતાની બર્થ ઉપર જઈ બિછાના પાથરી સુઈ ગયા.

રાતના ઘોર અંધકારમાં આગ ઓકતી ટ્રેન સડસડાટ પોતાના નિર્ધારીત મુકામે પહોંચવા ઉતાવળી થઈ હતી. પૂર્વાચલે સૂર્ય પ્રભાત થયાની છડી પોકારી રહ્યો હતો. ટ્રેનમાં ''બોલો ચાય''ના શોર-બકોર સંભળાઈ રહ્યો હતો. લહેરચંદે એક ફેરિયાને ઊભો રાખી બે કપ ચા લઈ સાથે લાવેલ પાર્લેજી બિસ્કિટથી બન્નેએ શિરામણ કર્યાનો સંતોષ માની વહેલી સવારના બારી બહારના મનોહર કુદરતી દ્રષ્યો નિરખવા લાગ્યા.

કેટલા સમય બાદ મુંબઈથી દૂર આવેલ તેની ગણતરીઓ કરતા કરતા ઉદયપુરનો રસ્તો ટૂંકાવવા પ્રયત્નો કરતા રહ્યા. સવા બાર વાગતા તો ચિતોડગઢ પણ આવી ગયું. ત્યાંથી એક પ્લેટ પુરી અને બીરયાની લઈ બપોરના ભોજન તૃપ્તિનો આનંદ માણ્યો અને સાથે લાવેલ ગણતરીનો સામાન સમેટવા લાગ્યા. બરાબર ત્રણ વાગે આવી પહોંચ્યું ઉદયપુર સ્ટેશન.

એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ ઉપર જતાં પુલ ઉપરથી બહાર નિકળવાના માર્ગે આગળ વધ્યા. રીક્ષા કરી એસ.ટી. ડેપો પહોંચ્યા અને નાથ દ્વારા જતી બસની પૃચ્છા કરી અને ૪-૧૫ ની બસમાં બેસી ગયા.



અહીંથી માત્ર ૪૮ કિ.મી. અંતરે આવેલ નાથદ્વારા જ્યાં શ્રીકૃષ્ણના સાત વર્ષના બાલ્યવસ્થાની અલૌકીક પ્રતિમા નામે શ્રીનાથજી.

સાત સાત વર્ષથી પરણ્યા છતાં ખોળો ભરાયેલ ન હતો જેથી સારા દિવસો રહેશે તો સત્વરે પુન: શ્રીનાથજીના દર્શન કરવાની બાધા લઈને નીકળેલ બન્ને પતિ-પત્ની છેવટે સાંજે પહોંચ્યા નાથદ્વારા.

શ્રીનાથજીના દર્શનનો સમય નિયત હોઈ અને રાત્રે દર્શન શક્ય ના હોઈ રાત પસાર કરવા એક સામાન્ય કહેવાતી રૂમ ભાડે લીધી અહીંની ભોજનશાળામાં ક્ષુધાતૃપ્તિ કરી લંબાવ્યું.

નવી જગ્યા હોઈ સૂવાનાં ઘણા પ્રયત્નો છતાં ઊંઘ જાણે રિસાઈ હતી. જરીક આંખ લાગી ત્યારે રૂમમાં કાયમી અડ્ડો જમાવી રાખેલ ખટમલોએ પોતાની શક્તિનો પરચો બતાવવાનું શરૂ કર્યું. એકને વીણીને દૂર નાંખીએ ત્યાં સમયાંતરે બીજાની સવારી આવતી જ રહી. જેમતેમ કરી રાત પસાર કરી પરોઢ થતાં પૂર્વેજ નવસેકા પાણીથી સ્નાન કરી પ્રથમ વિમળા અને ત્યારબાદ લહેરચંદ પણ નવા પરિધાન સાથે સજ્જ થઈ ગયા.

રાતની અપુરતી ઊંઘને કારણે ભારે થઈ ગયેલ માથુ સણકા મારી રહેલ જેથી પહેલા કડક મસાલેદાર ચાયને ન્યાય આપી શિરામણમાં પૌઆ ખાઈ થોડીક રાહત મેળવી.

અહીં મંગળા, શૃંગાર, રાજભોગ, ઉત્પાપન તેમજ ભોગ આરતીના સમય નક્કી હતા જેથી જેમાં પહેલા તક મળે તેને વધાવવા શ્રીનાથજીના દ્વારા ઉઘડતાજ દર્શન કરી શકાય માટે ઉતાવળે પગે ચાલ્યા મંદિરની દિશામાં.

ધીરે ધીરે પરોઢ પલટાઈ પ્રભાતમાં અને વધવા લાગ્યુ માનવ મહેરામણ. નિયત સમય થતાં એક શંખનાદ પશ્ચાત ખુલ્યા દ્વાર અને મેદની બની બેકાબુ અંદરની તરફ ધપવા! ક્યાંક કોઈ અથડાયું, ક્યાંય ફંગોળાયું, કોકના વસ્ત્રો થયા મલિન તો ક્યાંક કોઈ પછડાયું, આવી અનઅપેક્ષિત પરિસ્થિતિ વચ્ચે સાચવીને જાળવીને ધીમે ધીમે આગળ સરકતા વિમળા અને લહેરચંદ પહોંચી જ ગયા શ્રીનાથજી સન્મુખ. પ્રસાદનો થાળ આપ્યો પુરોહિતને જેણે પ્રભુ સન્મુખ ધરી આંશિક નૈવેધ સ્વીકારી અને

પેકેટ આપ્યું પરત. શ્રીનાથજી સન્મુખ જેમ તેમ ઊભા રહી મનોકામના વ્યક્ત કરી અને પ્રવાહની સાથેસાથ સરકતા નીકળી ગયા મંદિરની બહાર.

કહું છું સાંભળો ''આ લ્યો પ્રસાદનો પેંડો. કરો ગળ્યું મોઢું'' કહી, મલકાતા મુખે વિમળા બોલી '' મેં તો શ્રીનાથજીના માથે મૂકી દીધો ભાર, હવે તે જ લાવશે સત્વરે આપણા જીવનમાં વસંત બહાર!''

લહેરચંદ બોલ્યો ''સૌ સારાવાના થશે, આટલા વર્ષો ધીરજ ધરી અને હવે પામ્યા મુરલી મનોહરના આર્શીવાદ પછી પુછવાનું શું હોય?''

''ચાલ વિમળા અહીં આસપાસ જોવાલાયક સ્થળો હોય તો પૃચ્છા કરી લઈએ અને ત્યારબાદ જઈશું આપણી હોટલ અને ત્યાંથી પુનઃ સ્વગૃહ તરફ! ચાલો, હું તો તૈયાર જ બેઠી છું'' કહેતા ઝડપભેર ઊભી થઈ ગઈ વિમળા.

આમને આમ આખો દિવસ વ્યતીત કરી, આવી પહોંચ્યા હોટલ અને થોડીવાર લંબાવ્યું. પછી ક્ષુધાતૃપ્તિ કરી રૂમનો હિસાબ ચુકવી ચાલ્યા એસટી સ્ટેન્ડ જ્યાંથી બસ પકડી ઉદયપુર જવાનું હતું.

બસમાં બેસતા જ સરી પડ્યો લહેરચંદ, વિમળા સાથેના પ્રથમ મિલનથી પરિણયની યાત્રા પર્યંતના સંસ્મરણો વાગોળવા આમને આમ અંતર ક્યારે પુરુ થઈ ગયું તેની જાણ પણ ના રહી અને આવી પહોંચ્યા ઉદયપુર.

નિયત સમયે પ્લેટફોર્મ પર ટ્રેન આવી ગઈ અને પોતાની બર્થ જોઈ બેસી પડ્યા. થોડીક પળોમાં ટ્રેન રવાના થઈ અને સાથોસાથ નિદ્રાદેવી પણ આંખોમાં વસવાટ કરતા આસનીયા પાથરી મનોમન માખણચોરનું સ્મરણ કરી સરી પડ્યા ઘેરી નિદ્રામાં. એક તો ગઈ રાતનો ઉજાગરો અને પ્રવાસના થાકને પરિણામે ઊંઘ પણ આવી ઘસઘસાટ. નિયત સમયે એકપછી એક સ્ટેશનો આવતા ગયા અને સવાર પડતા તો ફેરિયાઓ પણ વિવિધ વાનગી લાવતા રહ્યા, પોતાની જરૂરિયાત અનુસારની ખાદ્ય સામગ્રીને ન્યાય આપી વહેલી તકે મુંબઈ આવવાની રાહ જોઈ રહ્યા અને આખરે આવી પણ પહોંચ્યા વિમળા અને લહેરચંદ બોરીવલી.

બહાર આવી રીક્ષા પકડી દહાણુંકર વાડી માટેની, નિયત ભાડું ચુકવી પહોંચ્યા હેમખેમ સ્વગૃહે.

સમય વીતતો ચાલ્યો અને એક દિવસ વરસી શ્રીનાથજીની કૃપા અને વિમળાએ શરમ અને સંકોચ સાથે મુખે મલકાટભેર લહેરચંદને વધાઈ આપતા કહ્યું, ''સાંભળો છો... તમે પિતા બનવાના છો'' આ સાંભળી લહેરચંદ પ્રસન્ન થયો, તે દિવસે તેણે અડધા દિવસની રજા રાખી અને પહોંચ્યા ગાયનેકોલોજીસ્ટ પાસે. તપાસ કરાવી ખુશખબરીના સમાચારને ડોક્ટર મનસ્વીએ સમર્થન આપ્યું અને વિમળાને દવાઓ વગેરે કોર્સ લખી આપી અને નિયમીત ચેકઅપ કરાવવા આવવાની સલાહ આપી.

જેમ જેમ દિવસ પસાર થતાં ગયા તેમ તેમ તેની ખુશીઓમાં વધારો થવા લાગ્યો. આમ ને આમ સાત માસ વીતી ગયા પ્રત્યેક ડોક્ટરી તપાસ સમયે ઉદરમાં રહેલ સંતાન અને માતા બન્નેની સંપૂર્ણ સ્વસ્થતાના સમાચાર મળતા રહ્યા.

આ તરફ ધીરે ધીરે વિશ્વમાં કોવીડ - ૧૯ (કોરોના) વાયરસે પોતાનો પગપેસારો કરવાનો આરંભ કરી દીધો હતો. કેટલાંક દેશો તેના સકંજામાં આવી ગયા હતા અને રોજેરોજ હજારોની સંખ્યામાં મૃત્યુના મુખ તરફ ધકેલાઈ રહ્યા હતા. રોગ નવો અને સંસર્ગજન્ય હોઈ તેની કોઈ સારવાર પદ્ધતિ હજી શોધી શકવા તબીબી ક્ષેત્ર સફળ થયું ન હતું.

એક દેશથી બીજા દેશ અને બીજા દેશથી ત્રીજા દેશમાં પોતાનો પગદંડો જમાવતા કોરોનો વાયરસ ધીમે ધીમે આંતરરાષ્ટ્રીય ઉડ્ડાણોને પરિણામે ભારતમાં પણ પ્રવેશવા સફળ થઈ ગયો હતો. રોજે રોજ તેના સંસર્ગના કારણે ભારતભરમાં પણ કોરોનાના કેસોમાં વધારો થતો નોંધાયો. તેવા સમયે પ્રચાર માધ્યમોએ માત્ર તેના સમાચારો જ પ્રસાર કરી માનવ જાતના મનો મસ્તિક ઉપર ભયાવહ અસરો નિર્માણ કરી.

એક દિવસ પ્રધાનમંત્રી દ્વારા નેશનલ ટેલીવિઝન ઉપર પ્રત્યક્ષ આવી આ રોગ વિશેની આંશિક જાણકારી તેમજ તેનાથી સુરક્ષિત રહેવા 'ઘરે રહો સ્વસ્થ રહો'' ના સૂત્ર આપી સમગ્ર ભારત વર્ષની ગતિવિધિઓ પર ૨૪ માર્ચથી કડક લોકડાઉન લાદી દેવાયો, અને અત્ર-તત્ર સર્વત્ર સંપૂર્ણ કારોબાર સ્થગિત થઈ ગયા. જેના પરિણામે ભારતીય જન જન કોરોનાના સંક્રમણના વિચાર માત્રથી રીતસર હેબતાઈ કે ડઘાઈ જઈ ઘરમાં જ રહેવા વિવશ બની ગયા, જેમાથી વિમળા અને લહેરચંદ પણ મુક્ત રહી ના શક્યા.

આ તરફ પૂર્ણ માસ તરફ આગળ વધતી વિમળાએ એક દિવસ પોતાનું અંગ તાવથી ધખી રહ્યું છે, તેની જાણ કરતા લહેરચંદે ઘરે ક્રોસીન હતી તે ખવડાવી, પણ તેનું પરિણામ શૂન્ય. વિમળા તેને ડોક્ટર પાસે લઈ જવા વિનંતી કરવા લાગી, પણ લોકડાઉનના પરિણામે ડોક્ટર મનસ્વીએ દર્દી સાથે સીધા સંપર્કમાં નહીં આવવાનું કારણ બતાવી મુલાકાત માટે નનૈયો

પરખાવી દીધો. ત્યારે પોતાના ફેમિલી ડોક્ટરને આ બાબતની જાણકારી આપતા લહેરચંદે તેના ઈલાજ માટે પૂછ્યું તો તરત ડોક્ટરે પોતાના વિસ્તારની સરકારી હોસ્પિટલમાં તેને લઈ જઈ ઈલાજ કરવા સૂચવ્યું.

દહાણુકર વાડીથી સરકારી હોસ્પિટલ દૂર હોઈ અને રીક્ષા, બસ, ટેક્ષી સંપૂર્ણ લોકડાઉનના પરિણામે બંધ હોઈ તેણે પોતાની સોસાયટીના વાહન ધારકોમાંથી બે-ત્રણ સભ્યોને મદદે આવવા વિનંતી કરી ત્યારે માંડ એક પરિવારે સકારાત્મક વલણ દાખવી પોતાના વાહનમાં વિમળા અને લહેરચંદને સરકારી હોસ્પિટલે લઈ જવા હામી ભણી. ત્યાં પહોંચી પૂછપરછ અધિકારી સાથે વાર્તાલાપ કરતા તેમણે પ્રથમ વિમળાનું આ જ હોસ્પિટલમાં કોરોના ટેસ્ટીંગ કરવા જણાવ્યું તેનો રીપોર્ટ નેગેટીવ આવશે તોજ ગાયનેકોલોજિસ્ટ પાસે લઈ જવામાં આવશે તેમ જણાવ્યું અને નિદાન માટે ૪૫૦૦ જમા કરાવવા જણાવ્યું અને તેની સૂચના મુજબ લહેરચંદે વિધિ પૂર્ણ રરી.

કલાકની રાહ જોવડાવી વિમળાની ટેસ્ટીંગનો વારો આવ્યો જેનું નિદાન કોરોના પોઝીટીવ આવતા તત્ક્ષણ તેને કોરોના વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા, તેમજ લહેરચંદને પણ ૧૪ દિવસ ક્વોરોનટાઈન થવા આ જ હોસ્પિટલના અન્ય વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા.

વિમળાની સારવાર ચાલુ થઈ પણ બે દિવસ સુધી તાવ નિયંત્રણમાં આવી ના શક્યો. શરીરમાં ઓક્સિજન લેવલ ઓછુ થવા લાગ્યું. જેથી તેને ઓક્સિજનના બાટલા ચઢાવવામાં એક તરફ ઉદરમાં લગભગ સવા આઠ માસનું બાળક ઉછરી રહ્યું હતું અને એક તરફ વિમળા જીવન મરણ વચ્ચે નિઃસહાય એકલી ઝઝૂમી રહી હતી. ત્રીજા દિવસે વિમળાની તબિયત વધુ લથડતા તેણે લહેરચંદ સાથે વાત કરવા વિનવણી કરતા એક સ્ટાફ દ્વારા તેની વિનંતીનો અસ્વીકાર કરવામાં આવ્યો. તેનાથી સંતોષ ન માનતા વિમળાએ ચેકઅપ માટે આવેલ ડોક્ટરને બે હાથ જો પોતાની અવસ્થા ઉપર રહેમ ખાઈ મહેરબાની કરી લહેરચંદ સાથે વાત કરાવવા વિનંતી કરી, ત્યારે માંડ એક મિનીટ માટે તેને લહેરચંદ સાથે વાત કરવા ફોન જોડી આપવામાં આવ્યો અને તેણે પોતાની અસહાય પરિસ્થિતિ વિશે ટૂંકમાં જણાવી દીધું. ત્યારબાદ ગંભીર પરિસ્થિતિમાં અટવાયેલ વિમળા માટે અન્ય ડોક્ટરોની સાથે સલાહ મસલત કરી અને તાબડતોબ સિઝેરીયન દ્વારા બાળકની પ્રસુતિ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

વિમળાની આવી કથળેલ તબિયત સમાચારથી ક્ષુબ્ધ થયેલ લહેરચંદ દ્વારા અહીના સ્ટાફને વિમળાને રૂબરૂ મળવા હાથ પગ જોડી વિનંતીઓ કરવામાં આવી પણ એકેય વિનંતી કારગત ના રહી.

આ તરફ નક્કી થયા અનુસાર વિમળાને લેબર વોર્ડમાં લઈ જવામાં આવી અને નવજાત શિશુને જન્મ અપાવવાની મહેનત સફળ રહી, પણ વિમળાને બચાવવા ડોક્ટરો અસફળ રહ્યા.

ત્યારબાદ પ્રથમ નવજાત શિશુ પણ કોરોના સંક્રમિત છે કે નહીં તેની ટેસ્ટ કરવામાં આવતા તે નેગેટીવ રહી, જેથી બાળ જન્મ અને વિમળા નિધનના સમાચારથી લહેરચંદને વાકેફ કરવામાં આવ્યા. વધુમા જણાવ્યું કે, ''તમારા ક્વોરોનટાઈન પૂર્ણ થયા બાદ સંતાનની સોંપણી કરવામાં આવશે, ત્યાર પર્યંત તે સંતાન અમારી પાસે રહેશે અને વિમળાના અંતિમ સંસ્કાર અમારા સ્ટાફ મારફત કરવામાં આવશે.'' આટલું સાંભળ્યા બાદ વિમળાના અંતિમ દર્શન માટે લહેરચંદ કરગરતો રહ્યો અને આ તરફ સંધ્યા પર્યંત હોસ્પિટલ દ્વારા વિમળાને પ્લાસ્ટિકની બેગમાં બંધ કરી હિન્દુ વિધિ અનુસાર અગ્નિ સંસ્કાર કરાવી દેવાયા.

હોસ્પિટલ અધિકારીઓની આ વાતોથી ક્ષુબ્ધ બની ગયેલ લહેરચંદ બેહોંશ બની ગયો. કેટલોક સમય પસાર થયા બાદ પુનઃ હોંશમાં આવતા પોતાની વ્હાલસોયીના અંતિમ દર્શન થયાના દુઃખથી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો, પણ અહીં તેનું રૂદન સાંભળી સાંત્વના આપનાર કોઈ ના હતું. છેવટે નિઃસહાય લહેરચંદ હાથ જોડી આકાશ તરફ તાકતા શ્રીનાથજીને પ્રશ્ન કરી રહ્યો કે, તારી કૃપા દ્રષ્ટિએ અમો નિઃસંતાન દંપતિના જીવનમાં ખોળાનો ખુંદનાર તો પ્રાપ્ત થયો પણ તેના લાલનપાલન માટે તેની માતાને કોરોના વાયરસ દ્વારા છીનવી લેવું શું તને યોગ્ય લાગ્યું ? ત્યારે શ્રીનાથજી તેના કર્ણપટલ પાસે આવી જાણે તેનો જવાબ આપી રહ્યા ''જે જીવ તારી પાસેથી છૂટી મારી પાસે આવ્યું તેનું દુઃખ શા માટે ? તેની મનોકામના મુજબ નવો જીવ તને ઉપહારમાં મળ્યો તેનો ઉત્સાહ મનાવ, તેનું લાલન પાલન કરી ઉજ્જ્વળ ભવિષ્ય ઘડવા શક્તિમાન થા.'' અને તુરત વિમળાના મૃત્યુની વેદના ભુલી નવજાત શિશુના જીવનઘડતર માટે લહેરચંદ સજ્જ થયો.

હવે તેને કોઈની સાંત્વના કે દિલાસાની જરૂર ન હોતી. જોતજોતામાં ક્વોરોનટાઈનના શેષ દિવસો પૂર્ણ થતાં લહેરચંદના હાથમાં એક સુંદર અને સ્વસ્થ તંદુરસ્ત જ બાળક તેમજા વિમળાનો મરણ દાખલો આપવામાં આવ્યો તેમજ હોસ્પિટલમાંથી સ્વગૃહે જવા પરવાનગી અપાઈ.


❖❖❖

# સમયને પોતાનો મલાજો હોય છે

પ્રતિભા કોટેચા

થોડા સમય પહેલાં એક સંસ્થામાં સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે જવાનુ થયું હતું. સ્પર્ધાનાં પાંચ વિષયોમાંનો એક વિષય હતો... 'ભારતમાં સમયનું મહત્ત્વ'. દરેક જગ્યાએ નક્કી થયા મુજબ અમે સમયસર પહોંચી જવા ટેવાયેલા હોઈને. સ્પર્ધાનો આ વિષય જોઈને તો ખાસ મનથી નિર્ધાર કર્યા પ્રમાણે અમ પંદર મિનિટ વહેલા પહોંચી ગયા. ત્યારે બીજા નિર્ણાયક હજુ આવ્યા નહોતા. અમે રાહ જોઈ, જોવી પડી એટલે. એ નિર્ણાયક દોઢ કલાક મોડા આવ્યા. આ દોઢ કલાક અમારો કેવો ગયો એ અમારું મન સમજે છે. આ સમય દરમ્યાન મન સમય વિશેના વિચારોમા અટવાઈ ગયું. એક સંસ્થાની મીટિંગ હતી. અમને આમંત્રણ આપવામાં આવ્યું હતું. મીટિંગનો સમય સાત વાગ્યાનો હતો. પ્રમુખશ્રી આઠ વાગ્યે આવ્યા. મુખ્ય માણસ જ જો સમયસર ન પહોંચી શકે તો બીજા લોકોની પાસેથી આપણે શું અપેક્ષા રાખીએ. આવા અનુભવ કંઈ કેટલીયે વખત થતા હોય છે. તો પણ અમે સુધરતા નથી. સમય મુજબ પહોંચી જ જઈએ. જાપાનમાં નક્કી થયેલા સમય કરતાં પાંચ મિનિટથી વધારે કોઈ કોઈની રાહ જોતું નથી. ''સમયની પાબંદી તેમ જ સતત ઉદ્યોગે જાપાનની કાયાપલટ કરી નાંખી છે.''

અહીં એક કુટુંબ અને તેનાં ચાર જમાઈની વાત યાદ આવે છે. ચાર દીકરીઓનો બાપ સ્વભાવે રાંક હોય એ સ્વાભાવિક છે. વર્ષમાં વાર-તહેવારો ત્રણ-ચાર વખત મોટો જમણવાર રાખે.



દીકરીઓ, બાળકો, જમાઈઓ વગેરેને પ્રેમથી બોલાવે અને જમાડે. એમાં ત્રણ જમાઈ-દીકરીઓ સમયસર સાડા-બાર એક વાગ્યે આવી જાય. પરંતુ મોટો જમાઈ સમય પ્રમાણે આવે નહીં. આવતાં આવતાં બે વાગી જાય. ત્યાં સુધી બધાને એની રાહ જોવી પડે. અથવા તો તેને બોલાવવા માણસને મોકલવો પડે. ગાડી લઈને, ફોન કરવા પડે. કારણ કે જમાઈ શ્રીમંત હતા સમય જતાં એ જમાઈને બે માથાભારે જમાઈ મળ્યા. જે એને બરબરનાં પહોંચે છે. બધી સમયની બલિહારી છે. સમય કોઈને છોડતો નથી. આપણો સમય સારો હોય ત્યારે કારણ વગરનું ઉદ્ધત તોછડું વર્તન આપણને શોભા આપતું નથી. કોઈપણ જગ્યાએ સમય પ્રમાણે પહોંચવામાં આપણી સારી છાપ પડે છે. વળી યજમાન પક્ષનાં માણસો આપણને સારી રીતે સાચવી શકે છે. અન્ય માણસોની સાથે બે-ચાર વાતો અને વિચારોની આપલે થઈ શકે છે. નવી ઓળખાણ થતી હોય છે. આપણે લીધે બીજા માણસો મુશ્કેલીમાં મુકાતા નથી. આ બધું વિચારવું અને એ પ્રમાણે વર્તવું એમાં જ ખરી ખાનદાની છે. સજ્જનતા છે. 'પંક્ચ્યુઆલિટી ઈઝ ધ કર્ટસી ઓફ કિંગ્ઝ ?' સમયસર પહોંચી જવું એ રાજાઓનું સૌજન્ય છે. આ અંગ્રેજી કહેવત પ્રમાણે ગુજરાતી શ્રીમંતોએ, નેતાઓએ, હોદ્દેદારો સમયસર પહોંચીને પોતાનું સૌજન્ય દાખવવું રહ્યું.

પ્રાચીન ગુરુકુળમાં એક શિષ્યે પૂછ્યું. આ જગતમાં સહુથી મોટી હાનિ કઈ ?

પ્રજ્ઞાવાન ઋષિએ કહ્યું, 'સમયને ભૂલી જવો તે.'

સમયને ઓળખીને ચાલવું જોઈએ. ઘણી વખત મોટા માણસો પોતાના પ્રોગ્રામો ભૂલી જતાં હોય છે. જો કે તેઓના પ્રોગ્રામની નોંધ ડાયરીઓમાં રખાતી હોય છે. તેમના સેક્રેટરીઓ સાચવતા હોય છે તેમ છતાંય આવું બન્યા કરે છે. વળી કહેવાતા મોટા માણસો મોડા આવવામાં પોતાને બહુ મહત્ત્વની વ્યક્તિ સમજે છે અને પ્રચ્છન્નપણે તેમનો અહં સંતોષતા હોય છે. પરંતુ ખરેખર તો તેની છાપ બિલકુલ સારી પડતી નથી. એક સમયે સમાજમાં જેનું નામ અને સ્થાન અસાધારણ ઊંચાઈએ હોય છે. તેવા કલાકારો તેનાં ખરાબ સમયમાં રસ્તે ભીખ માગતા હોય છે. એટલે સમયનું અભિમાન તો ક્યારેય કરવાનું નહોય. સત્તા, સંપત્તિ આવે છે ને જાય છે. જાય છે ને આવે છે. સજ્જન મણસે સારા કે ખરાબ સમયમાં એક જ વાણી, વિચાર, વર્તન રાખવા જોઈએ. સમયને પણ પોતાનો એક મલાજો હોય છે. સમયને પોતાની આગવી ગરિમા હોય છે. એ સમયને આપણે સમજીને ન રહીએ તો સમય આપણો રહેતો નથી. સમયને માનપૂર્વક સાચવવાનો હોય છે.

❖❖❖

# પસ્તાવાનું પવિત્ર ઝરણું

દર્શાલી સોની



જીવનમાં હંમેશા સમજી વિચારીને નિર્ણયો લેવા જોઈએ. વિચાર્યા વગરનો નિર્ણય લેવાથી દુ:ખ અને અફસોસ જ થાય છે. પાશુપતબ્રહ્મ ઉપનિષદમાં નિર્ણયો અંગેની ઘણી વાર્તાઓ આપેલ છે.

ઈક્ષવાકું વંશના રાજા ત્ર્યણુંડ ખૂબ જ હોશિયાર અને હિંમતવાન હતા. તે ખૂબ જ તેજસ્વી રાજા હતા. તેમની બહાદુરીનો ડંકો પૂરા વિશ્વમાં વાગતો. સામાન્ય મનુષ્યની જ નહીં, પણ મોટા મોટા દાનવો અને દેવો પણ તેનાથી ડરતા. તેણે અનેક રાજાઓને હરાવીને પોતાની પ્રતિષ્ઠા સ્થાપી હતી.

ત્ર્યણુંડ વીર હોવાની સાથોસાથ ધર્માત્મા પણ હતા. તેને યજ્ઞ કરવા ખૂબ જ ગમતા. આથી તેના રાજ્યમાં વારંવાર યજ્ઞનું આયોજન કરવામાં આવતું. તે યજ્ઞ કરીને મોક્ષ પ્રાપ્ત કરવા નહોતા માંગતા. તે યજ્ઞ દ્વારા તેની પ્રજાની મુશ્કેલીઓ દૂર કરવા માંગતા હતા. રાજા ત્ર્યણુંડ હંમેશા કહેતા, ''યજ્ઞથી દેવો પ્રસન્ન થાય છે. જો દેવો પ્રસન્ન હોય તો પ્રજા સુખ ભોગવી શકે છે.''

ત્ર્યણુંડ રાજાનો એક ખાસ મિત્ર હતો. તેનું નામ વિષજાન હતું. બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. જે રીતે ત્ર્યણુંડ રાજા બહાદૂર હતા તે જ રીતે વિષજાન મહાજ્ઞાની હતા. બંનેએ સાથે મળીને વેદો અને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તેઓએ સાથે મળીને મંત્રોની રચના પણ કરી હતી. તેમજ મંત્રો સિદ્ધ કરીને શક્તિ પણ પ્રાપ્ત કરી હતી.

એકવાર ત્ર્યણુંડરાજાને દેશ-વિદેશ ફરવાનો વિચાર આવ્યો, તેણે વિષજાનને કહ્યું, ''હે મિત્ર! હું દેશવિદેશની યાત્રા કરવા માંગું છું. હું ઈચ્છું છું કે તમે મારા સારથી બનીને મારી સાથે ચાલો.'' વિષજાન રાજા ત્ર્યણુંડ સાથે જવા તૈયાર થયા.

આ રીતે રાજા ત્ર્યણુંડ અને વિષજાન યાત્રા કરવા નીકળી પડ્યા. રાજાએ અનેક દેશોની મુસાફરી કરી. તે જ્યાં પણ ગયા ત્યાં તેનું ખૂબ જ સમ્માન કરવામાં આવ્યું. તેમજ તેને અનેક પ્રકારની ભેટો પણ આપવામાં આવી.

જ્યારે રાજા યાત્રા પૂરી કરીને દેશમાં પાછા ફર્યા ત્યારે તેની પ્રજાએ ખૂબ ધૂમધામથી તેનું સ્વાગત કર્યું. દરેક જગ્યાએ ઝંડા લહેરાવવામાં આવ્યા. દરેક ઘરે તોરણ બાંધવામાં આવ્યા. રાજાના જયજયકારથી રાજ્ય ગુંજી ઉઠ્યું. ચારે બાજુ ખુશીઓનું વાતાવરણ સર્જાઈ ગયું.

રાજા રાજમાર્ગ પર પહોંચે તે પહેલા જ એક બ્રાહ્મણ યુવાન રથ નીચે આવી ગયો. તેમજ ત્યાં જ તેનું મૃત્યુ થયું. વિષજાનએ તરત જ રથ રોકી દીધો. રાજા ત્ર્યણુંડ પણ રથ પરથી નીચે ઉતરી ગયા. તેણે બ્રાહ્મણ યુવાનને મરેલી હાલતમાં જોયો. વિષજાને રાજાને કહ્યું. ''હે મહારાજ! આ તો અનર્થ થઈ ગયો. રથના પૈડા નીચે આવી જવાથી આ બ્રાહ્મણ યુવાનનું મૃત્યુ થયું.''

વિષજાનની વાત સાંભળી રાજા ત્ર્યણુંડ બોલ્યા, ''હા, તમારી વાત સાચી છે. આ દુર્ઘટના તમારા કારણે જ ઘટી છે. જો તમે રથની ઝડપ ન વધારી હોત તો આ યુવાન બચી ગયો હોત.''

રાજા ત્ર્યણુંડની વાત વિષજાનને ન ગમી. આથી તેણે જવાબ આપ્યો, ''મહારાજ! દેશ વિદેશમાં તમને જે માન-સમ્માન મળ્યું તે તમે સ્વીકાર્યું. આ જ રીતે આ અપજશ પણ તમારે જ સ્વીકારવો જોઈએ.''

રાજા ત્ર્યણુંડએ અસ્વીકાર કરતા કહ્યું, ''હું શા માટે અપજશ સ્વીકારું ? રથ તમે ચલાવી રહ્યા હતા. તેથી યુવાનના મૃત્યુ માટે પણ તમે જ જવાબદાર છો.''

વિષજાન ચૂપ ન રહ્યા. તેણે કહ્યું, ''વાહ મહારાજ! જશ તમે લઈ જાવ અને અપજશ મારા નામે આવે. આ વાત યોગ્ય નથી.''

આમ બ્રાહ્મણના મૃત્યુના કારણે રાજા ત્ર્યણુંડ અને વિષજાનના સંબંધો બગડી ગયા. વિષજાનએ મંત્રશક્તિથી બ્રાહ્મણ યુવાનને જીવિત કરી દીધો. આમ છતાં વિષજાનનો દેશ નિકાલ કરવામાં આવ્યો.

વિષજાન રાજ્ય છોડીને બીજા રાજ્યમાં જતા રહ્યા. વિષજાનના જવાથી રાજ્યમાં દુષ્કાળ પડ્યો. અન્ન અને પાણીના અભાવના કારણે મનુષ્યો અને પ્રાણીઓ મરવા લાગ્યા. યજ્ઞ અને કર્મકાંડ જેવા પવિત્ર કામો પણ બંધ થઈ ગયા. રાજ્યની પ્રજા ખૂબ જ દુ:ખી થઈ ગઈ.

ચારેબાજુ હાહાકાર મચી ગયો. તેમજ લોકોમાં દુ:ખનું મોજું ફરી વળ્યું. મહારાજ ત્ર્યણુંડ ચિંતામાં પડી ગયા. તેણે પ્રધાનમંત્રીને કહ્યું, ''પ્રધાનમંત્રીજી, મે વિષજાનને દેશનિકાલ આપીને ખૂબ જ મોટી ભૂલ કરી છે. તે મહાજ્ઞાની અને મહાતેજસ્વી છે. તેમજ તે મહાન આત્મા છે. તેનામાં મૃત વ્યક્તિને પણ જીવંત કરવાની શક્તિ છે. તે મનુષ્ય નહીં પણ

દેવ છે.''

પ્રધાનમંત્રી રાજા ત્ર્યણુંડની વાતથી સહમત થયા. પ્રધાનમંત્રીએ કહ્યું, ''હા, મહારાજ! વિષજાન ખરેખર મનુષ્યના રૂપમાં દેવ છે.''

મહારાજ ત્ર્યણુંડ ઊંડા વિચારમાં ડૂબી ગયા. થોડીવાર પછી તે બોલ્યા, ''પ્રધાનમંત્રીજી તમે વિષજાન પાસે જાવ. મારા વતી માફી માંગીને તેને મારી પાસે લઈ આવો. તેના આવ્યા વગર પ્રજાની મુશ્કેલીઓનો હલ નહીં થાય.''

મહારાજાની આજ્ઞા માની પ્રધાનમંત્રી વિષજાન પાસે ગયા. તેણે વિષજાનને પ્રજાની આપવીતી કહી. પરંતુ વિષજાન ખૂબ જ સ્વાભિમાની હતા. તેથી તે રાજ્યમાં પાછા ન ફર્યા.

જ્યારે પ્રધાનમંત્રી નિરાશ થઈને રાજ્યમાં પાછા ફર્યા ત્યારે રાજા ત્ર્યણુંડએ પાતે વિષજાન પાસે જઈને તેને મનાવવાનો નિર્ણય લીધો. તેના આ નિર્ણયનો રાણી કપીશાએ વિરોધ કર્યો. તેણીએ કહ્યું, ''વિષજાન અહીંથી ચાલ્યા ગયા તે જ યોગ્ય છે. તેને પાછા બોલાવવા ન જોઈએ.''

રાણી કપીશા ખૂબ જ ક્રૂર સ્વભાવની હતી. તે આખો દિવસ ખાતી જ રહેતી અને આખો દિવસ આરામ જ કરતી. તેને યજ્ઞ અને ધર્મમાં જરાપણ રસ ન હતો. પરંતુ મહારાજ ત્ર્યણુંડએ કપીશા રાણીની વાત પર ધ્યાન ન આપ્યું. તે પ્રજાના અમુક પ્રતિનિધિઓને પોતાની સાથે લઈ ગયા. તેમજ વિષજાનને મનાવીને પોતાના રાજ્યમાં પાછા લાવ્યા.

વિષજાન જ્યારે રાજ્યમાં પાછા ફર્યા ત્યારે તેની પ્રેરણાથી ફરીથી યજ્ઞો અને કર્મકાંડ શરુ થઈ ગયા. યજ્ઞના કારણે દેવો પ્રસન્ન થયા. લોકો ફરીથી હળીમળીને રહેવા લાગ્યા. બધા લોકોમાં આનંદ અને ઉત્સાહ પાછો આવી ગયો.

વિષજાનના કહેવાથી રાજાએ કલ્યાણયજ્ઞની રચના કરી. તેમાં તેણે દેશ વિદેશના મહાન ઋષિઓને આમંત્રણ આપ્યું. ત્યારબાદ યજ્ઞમંડપમાં યજ્ઞ શરુ થયો. વિષજાન યજ્ઞ કરી રહ્યા હતા. તેમજ રાજા ત્ર્યણુંડ વેદ વાંચનાર પાસે બેઠા હતા.

વિષજાનએ મહારાજની સામે જોઈને કહ્યું, ''મહારાજ આજે મને સમજાય છે કે શા માટે પેલો બ્રાહ્મણ આપણા રથ નીચે આવી ગયો, શા માટે આપણા બંને વચ્ચે ઝગડો થયો. તેમજ શા માટે તમે મારો દેશનિકાલ કર્યો. આ બધાના જવાબ માટે તમે રાણી કપીશાને બોલાવો.''

મહારાજની આજ્ઞાથી રાણી કપીશા યજ્ઞમંડપમાં આવ્યા. વિષજાનએ રાણી કપીશાની સામે જોયું. થોડીવાર પછી વિષજાનએ મંત્રો વાંચીને યજ્ઞકુંડમાં હવન સામગ્રી નાખવાનું શરુ કર્યું. અચાનક જ રાણી કપીશા ચીસો પાડવા લાગ્યા. તે ચીસો પાડતા પાડતા યજ્ઞકુંડમાં પડી ગયા. તેમજ અગ્નિમાં ભસ્મ થઈ ગયા.

વિષજાનએ મહારાજની સામે જોઈને કહ્યું, ''મહારાજ આ વ્યક્તિ તમારી રાણી ન હતી. તે એક રાક્ષસી હતી. તેના કારણે જ તમારા રથ નીચે બ્રાહ્મણ યુવાન આવી ગયો હતો. તેના કારણે જ તમે મને રાજ્યમાંથી તગેડી મુક્યો હતો. તેથી જ આ રાક્ષસી અગ્નિમાં પડીને ભસ્મ થઈ ગઈ.''

રાણી ભસ્મ થતા જ આકાશ વાદળોથી ઘેરાઈ ગયું. થોડી જ વારમાં અનરાધાર વરસાદ થવા લાગ્યો. મહારાજ ત્ર્યણુંડએ વિષજાનને પ્રશ્ન પૂછયો, 'હે પ્રખર પંડિત! આ રાક્ષસી કઈ રીતે મારી રાણીની આત્મામાં પ્રવેશી ?

ત્યારે વિષજાનએ જવાબ આપ્યો, ''જ્યારે આપણો આત્મા પાપોથી ભરાઈ જાય, ત્યારે તે આત્મા રાક્ષસી આત્મા બની જાય છે. તમારા લગ્ન જ રાક્ષસી સાથે થયા હતા.''

મહારાજ ત્ર્યણુંડ આ રહસ્ય સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા.

કોઈપણ બાબતનો નિર્ણય લેતા પહેલાં થોડું વિચારવું જોઈએ. પાપી આત્માઓને કારણે જ મનુષ્ય મુશ્કેલીઓનો સામનો કરે છે. જીવનમાં પાપ કરવાથી બચવું જોઈએ.

*(પાશુપતબ્રહ્મ ઉપનિષદમાંથી)*

---

## નાનો લીટો, મોટો લીટો

**બા**દશાહ અકબરે દરબારમાં આવીને કહ્યું – ''કોઈ પાસે એવો કીમિયો છે કે અડક્યા વગર જ નાનો લીટો મોટો કરી શકાય ?''

સૌ મૂંઝાયાં.

ગણગણાટ શરૂ થયો કે સ્પર્શ કર્યા વગર જ નાનો લીટો મોટો કઈ રીતે થઈ શકે ?

એવામાં બિરબલનું આગમન થયું. એણે હકીકત જાણી અને ઊભા થઈને બોર્ડ પાસે ગયાં.

ખિતો ઉપાડ્યો હળવેકથી.

નાનાં લીટાની પડખે બીજો નાનો લીટો દોરી દીધો. નાનો લીટો સ્પર્શ કર્યા વગર જ મોટો થઈ ગયો.

સહુ દરબારીઓ બિરબલની ચતુરાઈ પર વારી ગયાં.

અકબરે પણ બિરબલને મોટું ઈનામ આપ્યું. પછી કહ્યું, ''આપણે ગૌરવ લેવું જોઈએ કે બિરબલ જેવા અતિબુદ્ધિશાળી અને ચતુર પુરુષ આપણાં રાજદરબારને શોભાવે છે અને રાજમાનમાં અભિવૃદ્ધિ કરે છે.

આવાં હતાં પ્રજ્ઞારત્ન બિરબલ !

**- ડૉ. હરેશ 'તથાગત'**

# સુખ સૌને જોઈએ

**અમૃત બાન્ટાઈવાળા**



સુખ માણસ માટે અત્યંત જરૂરી છે. એવું માણસ માને છે. સુખ મેળવવા માટે માણસ સતત પ્રયત્નશીલ હોય છે. સુખને શોધવા એ આંધળી દોટ મૂકે છે એવું કહીએ તો પણ ચાલે.

સુખ એટલે શું ?

સામાન્ય રીતે ખાવા પીવાનું મળે, રહેવાનું મળે, ફરવાનું મળે, મોજ શોખનાં સાધનો મળે, માણસની બધી જરૂરિયાત સંતોષાય મળે તેને આપણે સુખ માનીએ છીએ. જેની પાસે આ બધાની કમી હોય એ માણસો દુઃખની અનુભૂતિ કરે છે.

જેઓ સુખી નથી તેઓ સુખ મેળવવા પ્રયત્ન કરે છે. આ સુખ શાનાથી મળે ? મોટા ભાગના માણસો એવું સમજતા હોય છે કે સુખ પૈસાથી મળે. આથી કેટલાક માણસો પૈસા પાછળ દોટ મૂકે છે, ગમે તેમ કરી પૈસો પેદા કરવા લાગે છે. કદાચ પૈસામાં સુખ મળી જાય. પરંતુ આ માન્યતા ખોટી છે, પૈસાથી સુખ મળે નહિ. પૈસાથી જો સુખ મળતું હોય તો જગતના તમામ ધનિકો સુખી હોત. ઘરમાં બત્રીસ પકવાન રોજ બનતાં હોય પણ ડૉક્ટરે ખાવાની ના પાડી હોય, જો કંઈ ખાધું તો ગયા. માત્ર તમારે ડૉક્ટરે આપેલી ગોળી જ ખાવાની છે. સુખની સુવિધાઓ હોય પણ એનો ઉપયોગ આપણે ન કરી શકતા હોઈએ તો સુખ શેમાં ? પૈસો એ સુખ નથી. કેટલાય પૈસાદારો અઢળક સંપત્તિના કારણે દુઃખી છે અને કેટલાય નિર્ધન માણસો પૈસા ન હોવાને કારણે દુઃખી છે.

ધનિક અને નિર્ધન બેમાંથી એકેય સુખી નથી.

સારું સ્વાસ્થ્ય, આરોગ્ય એ સુખ છે. બધું જ હોય પણ શરીર સારું ન હોય તો બધું નકામું છે.

આનંદ એ પરમ સુખ છે. બધું જ હોય પણ આનંદ ન પણ હોય. પૈસા હોય પણ સંપત્તિનો વારસ ન હોય તો ? પુત્ર હોય પણ મૂર્ખ હોય તો ? પત્ની હોય પણ અત્યંત ક્રોધી હોય તો ? આલીશાન બંગલા હોય પણ પડોશી કે સોસાયટી અથવા વિસ્તાર સારો ન હોય તો ? માણસ આનંદમાં રહી શકતો નથી. ખુલ્લા આકાશ નીચે નીરાંતે ઊંઘ લેતો સામાન્ય માણસ પણ સુખી છે. એક મજૂરને સવારના પહોરમાં આંગણામાં પાણીની ચકલીએથી ડોલભરીને નહાવામાં જે આનંદની અનુભૂતિ થાય છે, ગીત ગાતો જાય અને સ્નાન કરતો જાય એમાં જે આનંદ એને આવે છે તેવો આનંદ વૈભવી બંગલામાં, વૈભવી બાથરૂમમાં સ્નાન કરવામાં આવતો નથી. સો રૂપિયાનો મોંઘો સાબુ છે, શેમ્પૂ છે, ફુવારો છે પણ આનંદ નથી. આનંદ ગમે ત્યાંથી શોધી શકાય. જે આનંદમાં રહી શકે એ સુખી છે.

કેટલાક માણસો પોતે સુખી હોય છે. પણ બીજા માણસોનું સુખ જોઈ તેઓ દુઃખી થાય છે પોતાની પાસે પાંચ લાખની ગાડી હોય એના સુખની અનુભૂતિ કરે છે. પણ પડોશી આઠ લાખની ગાડી લાવે એ એને ગમતું નથી. પરિણામે એ દુઃખી થાય છે.

'મોન્તસ્ક' નામના વિદ્વાને કહ્યું છે કે ''આપણે જો સુખી થવા માગતા હોઈએ તો તે સહેલું બને પણ આપણે તો બીજાઓના કરતાં વધુ સુખી થવું છે અને તે બહુ મુશ્કેલ છે, કારણ કે તેઓ ખરેખર હોય તેના કરતાં વધુ સુખી આપણે બીજાઓને માનતા હોઈએ છીએ.'' બીજાના સુખની ઈર્ષામાં આપણે દુઃખી થઈ જઈએ છીએ.

'સંતોષ એ જ સુખ છે.' એવું પણ કહેવાય છે. પરંતુ માણસને ખરેખર સંતોષ હોય છે ખરો ? કોઈ ધનની પાછળ દોડે છે વધારે ને વધારે ધન ભેગુ કરવામાં રચ્યા પચ્યા રહે છે - સહેજેય સંતોષ નહીં. કોઈ કોઈ ઈચ્છિત ભોગો ભોગવવામાં રચ્યા પચ્યા રહે છે છતાંય તેમની ઈચ્છાઓ તૃપ્ત થતી નથી. કોઈને રૂપથી સંતોષ નથી પરિણામે સુખી નથી. સંતોષ રૂપી અમૃતથી તૃપ્ત થયેલા માણસોને જે સુખ મળે છે તે અહીં ત્યહીં દોડતા ધનના લોભીને ક્યાંથી મળે ?

- માણસે સુખમાં છકી જવું જોઈએ નહિ કારણ સુખ દરેક માટે કાયમી નથી. આજનું સુખ આવતી કાલે કદાચ ન પણ હોય ! આથી સુખ અને દુઃખ બન્ને સ્થિતિમાં સમત્વ રાખવું જોઈએ.

સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવે છે. સુખ અને દુઃખ ચક્ર (પૈડા) માફક ફર્યા કરે છે.

સુખને વહેંચો. તમારી પાસે જે કંઈ છે તે તમે પણ ભોગવો અને બીજાને પણ ભોગવવા દો. તમારામાંથી થોડું બીજાને પણ આપો. કોઈકની જરૂરિયાત સંતોષવામાંથી મળતું સુખ અનેરું હોય છે. સુખનો પણ ત્યાગ કરતાં શીખો. સુખ

બીજાને વહેંચતાં શીખો.

જે માણસો ત્રણ બાબતોમાં સંતોષ રાખવો જોઈએ. સંતોષથી શાંતિ અને સુખની પ્રાપ્તિ થાય છે.

એક પોતાની પત્ની જેવી હોય તેવી પણ એનાથી સંતોષ પામવો. પત્નીએ પણ એજ પ્રમાણે પોતાના પતિમાં - એની સાથેના જીવનમાં સંતોષ માનવો એના જેવું બીજું સુખ નથી.

બીજુ પોતાને જે કંઈ ભોજન પ્રાપ્ત થયું હોય તેનાથી સંતોષ પામવું જોઈએ. બીજાનાં મિષ્ટાન્ન જોઈ પોતાના લૂખા-સૂકા રોટલા તરફ અસંતોષ ન થવો જોઈએ. પોતાને મળેલા ભોજનથી સંતોષ પામવો એના જેવું બીજુ સુખ નથી.

ત્રીજુ પોતાની મહેનતથી જે કંઈ ધન મળ્યું છે એમાં સંતોષ માનવો જરૂરિયાત મુજબના ધનથી સંતોષ પામો. એના જેવું સુખ બીજું નથી.

- માણસ માટે સુખ જરૂરી છે.

- માણસે સુખી થવાના પ્રયત્નો પણ કરવા જોઈએ. પરંતુ આ પ્રયત્ન સાચી દિશાનો હોવો જોઈએ સન્માર્ગે થયેલો હોવો જોઈએ.

---

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>નિરવભાઈ<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>મિલનભાઈ<br>**9860125136** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ – મિલનભાઈ તુરખિયા<br>**9860125136** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય એવી આપણી માતબર સંસ્થાએ ૧૨૩ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક એકતા અને ઉત્કર્ષનાં ઉત્તમોત્તમ કાર્યો સંપન્ન કર્યા છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાશ્રીઓએ ઉદાર હૃદયે, હસતાં ચહેરે, દિલની ખુશીથી અને દિલેરી યુવકે હંમેશા સાથ આપ્યો છે... પણ છતાંય સહુને કહેવાનું મન થાય છે કે, આ સમાજ આપણો છે, તો તેમાં રહેતાં સાધર્મિકો પણ આપણાં જ છે, તો ચાલ ને હું પણ,

ફૂલ નહીં તો ફૂલની પાંખડી બની જાઉં,<br>
સમાજનાં આ દાનયજ્ઞમાં માટીની કોયડી બની જવું,<br>
કોઈકનાં જીવનને ઠારતી આંતરડી બની જાઉં,<br>
કોઈકનાં હરખનાં આંસુથી છલકાતી આંખડી બની જાઉં...<br>
ફૂલ નહીં તો ફૂલની પાંખડી બની જાઉં..

આપના ઘરે આવતાં શુભપ્રસંગે શ્રી સભાને યાદ કરી આપનાં હરખમાં સામિલ કરશોજી

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- લીંબડી નિવાસી (હાલ બોરીવલી) પૂજ્ય પિતાશ્રી પ્રાણલાલ કેશવલાલ સખીદાસના સ્મરણાર્થે હસ્તક કીર્તીભાઈ - નયના તથા ડો. કેતુલ - ડો. ઝરીન તરફથી
- લીંબડી નિવાસી (હાલ બોરીવલી) પૂજ્ય માતુશ્રી વિમળાબેન પ્રાણલાલ સખીદાસના સ્મરણાર્થે હસ્તક કીર્તીભાઈ - નયના તથા ડો. કેતુલ - ડો. ઝરીન તરફથી
- પૂજ્ય જયંતિલાલ રતીલાલ શાહના સ્મરણાર્થે હસ્તે શ્રીમતી બીનાબેન મિલિન્દભાઈ શાહ

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

### સભાના સભ્યોને અગત્યની સુચના

**શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી અને શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી પ્રયોજીત**

## ડિજીટલ વસતિ પત્રક - ૨૦૨૫

આપણા ઝાલાવાડી સમાજના સંપૂર્ણ ડેટા સાથેના DIGITAL વસતિ પત્રક માટે સભ્યોના લગભગ ૮૦ થી ૯૦ ટકા ફોર્મ ઑનલાઈન ભરાઈને આવી ગયા છે અને હજી પણ ઘણા સભ્યોના ફોર્મ ભરવાના બાકી છે તે સભ્યોને જણાવવાનું કે સંસ્થાની કાર્યવાહક સમિતિની મિટીંગમાં નક્કી થયા મુજબ. જે સભ્યોનું **વસતિ પત્રકનું ફોર્મ તા. ૩૦-૬-૨૦૨૫** સુધીમા નહી ભરાયું હોય તો વસતિ પત્રકનું ફોર્મ અને સભાના મેમ્બરશીપ પ્રોગ્રામ સાથે Link હોવાથી. તા. ૩૦-૬-૨૦૨૫ પછી આપનું એડ્રેસ ઓટોમેટીક બંધ થઈ જશે જેના કારણે સભા તરફથી મળતી સગવડ જેવી કે સેનેટોરિયમ બુકીંગ - સભાની પત્રિકા અને સભાનું લ્હાણું પણ બંધ કરવામાં આવશે. માટે આપ સહુને નમ્ર વિનંતિ કે તા. ૩૦-૦૬-૨૦૨૫ પહેલા વસતિ પત્રકનું ફોર્મ ભરીને સભાના આ ભગીરથ કાર્યમાં સહકાર આપશો.

**માનદ્ મંત્રીશ્રી**

## સાભાર સ્વીકાર

લીંબડી નિવાસી (હાલ ઘાટકોપર) સ્વ. કાંતિલાલ કેશવલાલ શેઠ તથા સ્વ. દિનેશચંદ્ર કાંતિલાલ શેઠના આત્મશ્રેયાર્થે.. હસ્તે માતુશ્રી ઊર્મિલા દિનેશચંદ્ર શેઠ, શ્રી ભાવિન દિનેશચંદ્ર શેઠ, શ્રીમતી હેમલ ભાવિન શેઠ

| | | |
|---|---|---|
| શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ | રૂા. | ૩૦૦૦ |
| શ્રી પાણીની પરબ | રૂા. | ૨૦૦૦ |
| શ્રીમતી કંચનબેન વ્રજલાલ શેઠ | | |
| નોટબુક યોજના ફંડ | રૂા. | ૩૦૦૦ |
| શ્રી રાહત ફંડ સ્વધર્મી યોજના ફંડ | રૂા. | ૩૦૦૦ |
| કુલ | રૂા. | ૧૧,૦૦૦ |

સ્વ. શ્રી હર્ષદભાઈ હિંમતલાલ શાહની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રીમતી ભારતીબેન હર્ષદભાઈ શાહના સુપુત્ર પારસ તરફથી સુરેન્દ્રનગર નિવાસી (હાલ મુંબઈ)

શુભ ફંડ ૧૧૦૦/-

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **દર્શીલ — દેવાંશી** | | |
| શ્રી રજનીકાંતભાઈ અમીચંદભાઈ ગોસલીયાના સુપુત્ર ગોદાવરી-સુરેન્દ્રનગર નિવાસી (હાલ -કાંદિવલી -મુંબઈ) | | |
| શ્રી મુકેશભાઈ અનંતરાયભાઈ દોશીની સુપુત્રી સાવરકુંડલા નિવાસી (હાલ - અંધેરી) મુંબઈ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| **જેનીલ — પૂજા** | | |
| શ્રી કેતનભાઈ જયંતિલાલ ઝવેરીના સુપુત્ર ધોલેરા નિવાસી (હાલ - સાયન) | | |
| શ્રી આશીષ મહેન્દ્રભાઈ દોશીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - વિલેપારલા) | ૨૧૧૦ | ૨૧૧૦ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **હર્ષ - પ્રિયંકા** | | |
| શ્રી સંજય યશવંતભાઈ ગોસલીયાના સુપુત્ર ચુડા નિવાસી (હાલ - અંધેરી (વેસ્ટ) | | |
| શ્રી ધર્મેશ કાંતિભાઈ તુરખિયાની સુપુત્રી સુદામડા નિવાસી (હાલ - ગોરેગાવ) | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **પૃથવ - ઉર્વી** | | |
| શ્રી પરેશભાઈ પ્રાણશંકરભાઈ જોશીના સુપુત્ર લોએજ નિવાસી (હાલ - અંધેરી-મુંબઈ) | | |
| શ્રી જીગ્નેશભાઈ પ્રવિણભાઈ સંઘવીની સુપુત્રી ધાંગધ્રા નિવાસી (હાલ - સાયન - મુંબઈ) | ૫૧૦ | ૫૧૦ |

**મે ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫–૦૪–૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**મે ૨૦૨૫ ના અંક માટે કુલ ૬ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**

**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**

**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે**

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે. Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

# કરુણાઃ ધર્મના સિદ્ધાંતોના પાયાનું તત્વ

બકુલ ગાંધી

વર્તમાન પેઢીને આગામી પેઢીના કલ્યાણ માટેની ચિંતા હોવી સ્વભાવિક છે. આ એક સાર્વત્રિક અને કાલાતીત ભાવના છે. બાળકો અને યુવાનો ધાર્મિક શિક્ષણ - સમજણ કેળવવા ઉત્સાહિત નથી જણાતા. ખાસ કરીને જ્યારે હાલના વાતાવરણ અને પરિસ્થિતિમાં ટેકનોલોજીકલ પ્રગતિની ઝડપી ગતિ અને સોશિયલ મીડિયા અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સના વ્યાપક પ્રભાવે યુવા પેઢીના સંસ્કારો, મૂલ્યો, રુચિઓ અને પ્રાથમિકતાઓ પર નોંધપાત્ર અસર કરી છે. તેથી ચિંતા થવી સ્વભાવિક છે. આપણે સહુ જાણીએ છીએ કે યુવા પેઢી પાસે શૈક્ષણિક અભ્યાસ (માતૃભાષામાં નહીં પણ અંગ્રેજી ભાષામાં જ) ની સાથે સાથે ઈતર પ્રવૃતિઓ ઉપરાંત શારીરિક તંદુરસ્તી જાળવવા જીમ જવું અપેક્ષિત હોય છે અને આવી બધી પ્રવૃતિઓમાં ડુબેલી નવી પેઢી ધાર્મિક મૂલ્યો અને ધર્મ શીખવા માટે વલણ ધરાવે છે? તેઓને પાઠશાળા, ઉપાશ્રય, દેરાસર કે મંદિર માટે સમય રહે છે? તેઓને પ્રાકૃત-સંસ્કૃત અથવા માતૃભાષામાં ધર્મના પાઠો ભણવા સમય મળશે? સમજણ પડશે?

ઉપરોક્ત સંજોગોમાં, શું ધર્મ સંસ્કારો સીંચવા માટે કોઈ વૈકલ્પિક અસરકારક અભિગમ છે? જેમ સારા ફળો આપવા માટે યોગ્ય બીજ જરૂરી છે, તેમ ધર્મના સંસ્કાર સીંચવવા 'કરુણા' રૂપી બીજ નો ઉછેર કરવો, કાળજી, ધ્યાન અને યોગ્ય વાતાવરણ પ્રદાન કરવાની આવશ્યકતા રહે છે. 'કરુણા' એટલે શું? 'કરુણા' ધર્મના સંસ્કાર સીંચવાનું બીજ કઈ રીતે છે? ધર્મોમાં કરુણાનો અર્થ દયા- સહાનુભૂતિ કરતાં વધુ ઊંડો છે. જ્યારે દયા-સહાનુભૂતિ એ બીજાના દુર્ભાગ્ય માટે દુઃખ અનુભવવાનો અર્થ છે, તે ફક્ત દિલગીરી કરતાં વધુ છે, ત્યારે કરુણા ભાવનાત્મક સહાનુભૂતિથી આગળ વધીને ઊંડી સમજણ, સ્વીકૃતિ અને ક્રિયાને સમાવે છે. દુઃખીના દુઃખ દૂર કરવા, પીડિતની પીડા દૂર કરવી એ 'કરુણા'.

આધ્યાત્મિક વિશ્વના મોટાભાગના ધર્મો (તે હિન્દુ ધર્મ, બૌદ્ધ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, શીખ ધર્મ, ઈસ્લામ, યહુદી ધર્મ, તાઓ ધર્મ, કન્ફ્યુશિયન ધર્મ હોય) કરુણાપૂર્ણ-કરુણાશીલ બનો - બનાવવાના સલાહકારો અને હિમાયતીઓ છે. ખરેખર, કરુણા એ એક સાર્વત્રિક પાયાનું મૂલ્ય છે, જે મોટા-ભાગના વિશ્વ ધર્મો અને આધ્યાત્મિક પરંપરાઓના હૃદયમાં રહેલું છે. તે એક મૂળભૂત માનવીય ગુણવત્તા છે, જે સાંપ્રદાયિક સીમાઓને પાર કરે છે અને આપણી સહિયારી માનવતા સાથે વાત કરે છે. કોઈપણ ધર્મના ઘણા મહત્વપૂર્ણ સિદ્ધાંતો માટે કરુણા કેવી રીતે પાયાનું અગત્ય તત્વ છે તેનું વિશ્લેષણ કરીએ તે પહેલાં કરુણા વિશે બાળ મનોવિજ્ઞાન પર સ્પર્શ કરીએ.

વિશ્વના મોટાભાગના ધર્મોમાં કરુણા એક સાર્વત્રિક મૂલ્ય હોવાથી, તે બિન-વિવાદાસ્પદ અને બિનસાંપ્રદાયિક છે, તે સર્વત્ર શૈક્ષણિક અભ્યાસક્રમ નો ભાગ બનાવવો હિતાવહ છે.

કરુણા બધા મનુષ્યોમાં જન્મજાત એક કુદરતી અને સહજ ગુણ છે. આપણામાંથી ઘણા લોકોએ જોયું હશે કે બાળકો ઘણીવાર પ્રાણીઓ પ્રત્યે, જેમ કે કબુતરોને ચણ, ગાયોને ચારો, બિલાડીઓ અને કૂતરાઓને દૂધ, રોટલી - રોટલા વિ આપતા, સંપૂર્ણ નિર્દોષતા સાથે કરુણા, દયા, અપેક્ષા રહિત ખુશી અને સંતોષ મેળવ્યાનો ભાવ દર્શાવે છે. આ હૃદયની કોમળતા દર્શાવે છે. આ નિઃસ્વાર્થ વર્તન તેમનામાં રહેલી સહજ ભલાઈ અને સહાનુભૂતિનો પુરાવો છે. બાળકોના કરુણા અને દયા પ્રત્યેના આ કુદરતી વલણને પોષણ અને પ્રોત્સાહન આપીને, આપણે તેમને સહાનુભૂતિશીલ, દયાળુ અને જવાબદાર વ્યક્તિઓમાં વિકાસ કરવામાં મદદ કરી શકીએ છીએ. બાળકોને તેમના રચનાત્મક ઘડતરના વર્ષોમાં કરુણા શીખવવી અને આત્મસાત કરાવવાથી તેમનુ મજબૂત ચારિત્ર્ય નિર્માણ થઈ શકે છે. બાળકો અને યુવાનોને દયાળુ અને કરુણાપૂર્ણ કાર્યોમાં જોડાવાની તકો આપો, જેમ કે પ્રાણીઓના આશ્રયસ્થાનોમાં વિવિધ અનાથાલયો, વૃદ્ધાશ્રમો, હોસ્પિટલો, અંધ, બહેરા અને મૂંગા, અપંગને સહાય આપતી સંસ્થાઓની સમયાંતરે મુલાકાતો, સ્વયંસેવા કરાવવી અથવા ચેરિટી ઈવેન્ટ્સમાં જોડાવવા, ભાગ લેવો. જૈન ધર્મના કરૂણાના બે દ્રષ્ટાંત- ૧) મહાવીર સ્વામીના ૨૭ ભવમાંના કરૂણામયી સુથાર નયસારના પ્રથમ ભવમાં પોતે ભોજન કરતા પહેલાં બીજાને જમાડવાના નિયમને પાળતા એક દિવસ જંગલમાં દિશા-માર્ગ ભુલેલા ભુખ્યા જૈન સાધુ-સંતનો લાભ મળ્યો અને ૨) મેઘકુમારના કરૂણામયી હાથીના ભવમાં સસલાને બચાવવા અઢી દિવસ પોતાનો પગ અદ્ધર રાખેલ તે અને કરુણામયી વ્યક્તિઓ-મહાત્મા ગાંધી, ડો. દ્વારકાનાથ કોટનીસ, જગડુ શાહ, વિનોબા ભાવે, બાબા આમટે, ફ્લોરેન્સ નાઈટીંગેલ, મધર ટેરેસા, માર્ટીન લ્યુથર કિંગ, નેલ્સન માંડેલા અને એવા અનેકના પ્રોત્સાહિત કરતા યોગદાન વિશેની વિગતોથી માહિતગાર કરાવતા રહેવું.

ઘણા ધર્મોમાં સાર્વત્રિક મૂળભૂત મૂલ્ય ધરાવતી કરુણાને જો શૈક્ષણિક શિક્ષણના ભાગ રૂપે સામેલ કરવામાં આવે અને ભાગીદારીનું મૂલ્યાંકન પ્રોત્સાહન ગુણ ફાળવવા માટે કરવામાં આવે, તો તે ચારિત્ર્ય નિર્માણમાં નોંધપાત્ર હકારાત્મક યોગદાન આપશે.

કોઈપણ ધર્મના ઘણા મહત્વપૂર્ણ સિદ્ધાંતો માટે કરુણા મુખ્ય તત્વ છે. પરંતુ જૈન ધર્મનો વિશિષ્ટ અભિગમ, પ્રથાઓ અને દાર્શનિક આધાર તેને અલગ પાડે છે. તેનું વિશ્લેષણ કરીએ. જૈન ધર્મના ત્રણ મુખ્ય સ્તંભો અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ માં કરુણા કેવી રીતે મુખ્ય તત્વ છે તે સમજીએ.

અહિંસા એટલે પોતાના થકી અન્ય કોઈપણ જીવને શારીરિક અને માનસિક દુઃખ ન પહોંચે તે પ્રત્યે જાગ્રત રહેવું અને તકેદારી રાખવી. વ્યાપક રીતે, દુઃખીના દુઃખ- પીડા દૂર જે વ્યક્તિમાં દુઃખીના દુઃખ દૂર કરવા, પીડિતની પીડા દૂર કરવી એવી અનુકંપાની ઊંડી સમજ ણ, સ્વીકૃતિના મૂળ રોપાયા છે, તેવી વ્યક્તિ અહિંસાના આ સિદ્ધાંતને આપમેળે સરળતાથી અપનાવશે. અહિંસા કરૂણાની પુત્રી છે. કરૂણા વિના અહિંસા અસંભવ છે. જે કરૂણા પીડા દૂર કરવા પ્રેરાયેલ છે, તે અહિંસા પીડા નહીં આપવા જાગ્રત રહેશે જ. કરુણા અહિંસાને પ્રોત્સાહન આપે છેઃ જેમ જેમ આપણે કરુણા કેળવીએ છીએ, તેમ તેમ આપણે નુકસાન અને દુઃખ ઘટાડવા માટે અહિંસા જેવા અહિંસક વર્તન અને વલણ અપનાવવા માટે વધુ વલણ ધરાવીએ છીએ.

જે વ્યક્તિની કરૂણા બીજાની ભૂખ સંતોષવાના, બીજાના દુઃખીના દુઃખ- પીડા દૂર કરવાના સંસ્કાર ધરાવે છે તેવી વ્યક્તિ પોતાની સાધન-સંપત્તિનો ઉપયોગ દુઃખીના દુઃખ- પીડા દૂર કરવા પ્રેરાશે જ. વ્યાપકપણે તેવી વ્યક્તિ અપરિગ્રહના સિદ્ધાંતના પાઠ સમજી શકશે અને આચરણમાં મૂકી શકશે. તો અપરિગ્રહી અન્ય વંચિત ન રહે તે ભાવનાથી જરૂરિયાતથી વધારે સાધન-સંપન્ન નહીં રાખવા પ્રેરાશે. કરુણા આપણને આપણી પ્રાથમિકતાઓનું પુનર્મૂલ્યાંકન કરવા અને અપરિગ્રહના સિદ્ધાંતો સાથે સુસંગત સરળ, વધુ સભાન જીવનશૈલી અપનાવવા તરફ દોરી શકે છે.

અનેકાંતવાદ- દર્શન કહે છે કે સત્ય એક જ છે, એનું સ્વરૂપ અનેક હોઈ શકે. એ સત્યનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું જોઈએ. પરંતુ એક દ્રષ્ટિએ- એકાંતે મતાંધતા, દુરાગ્રહ, અહંકારથી અન્ય વ્યક્તિની દ્રષ્ટિ થી ન જોવું કે જાણવું ઘર્ષણ, અશાંતિ ઉભી કરે છે. અનેકાંતવાદનો સિદ્ધાંત વિવિધ દ્રષ્ટિકોણના સહાસ્તિત્વને માન્યતા આપે છે અને જણાવે છે કે સત્ય અને હકીકતને વિવિધ દ્રષ્ટિકોણને હિસાબે જુદાજુદા અર્થે લેવાય છે. માટે કોઈ એક જ ચોક્કસ દ્રષ્ટિકોણ સંપૂર્ણ સત્ય હોય તે આવશ્યક નથી. કરુણાયુક્ત માં વ્યક્તિઓ ધ્યાનથી અને નિર્ણય લીધા વિના સાંભળવાની શક્યતા વધુ હોય છે, જેનાથી અન્ય લોકો તેમના વિચારો અને લાગણીઓને સંપૂર્ણપણે વ્યક્ત કરી શકે છે. કરુણા આપણને બીજા વ્યક્તિની દ્રષ્ટિએ વિચારવા, અનુભવવા અને લાગણીઓ પ્રત્યે આદર અને સમજણ માટે પ્રોત્સાહિત કરે છે.

જૈન ધર્મમાં, અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ ને ખરેખર મૂળભૂત સિદ્ધાંતો ઉપરાંત ક્ષમાપના માંગવી અને આપવી મહત્વપૂર્ણ અને આવશ્યક ગણાય છે. કરૂણા પોતાના થકી બીજા કોઈપણ રીતે દુઃખી પિડીત થયા હોય તો તેના પ્રત્યે સંવેદનશીલ બની ક્ષમા યાચવા પ્રેરે છે. કરુણા અન્ય લોકો પર આપણી ક્રિયાઓની અસર વિશે વધુ જાગૃત કરે છે. કરુણા એ દોરો છે જે આ સિદ્ધાંતોને એકસાથે ગૂંથે છે, જે સુમેળભર્યા અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ માટે પાયો પૂરો પાડે છે. આપણે બધા જીવોના જીવન પરસ્પર સમર્થન અને પરસ્પર નિર્ભરતા દ્વારા બંધાયેલા છે તે તત્વાર્થ સૂત્રમાંની એક મુખ્ય જૈન ઉક્તિ- **परस्परोपग्रहो जीवानाम** અને મહા ઉપનિષદની **वसुधैव कुटुम्बकम्** ની ભાવના કેળવાય છે.

આમ કરુણાને અભ્યાસના વિષય તરીકે નહીં, પરંતુ જીવનશૈલી તરીકે પ્રોત્સાહન આપવામાં આવે તો તે વ્યક્તિને જૈન ધર્મના અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ, ક્ષમાપના, કર્મનો સિદ્ધાંત, અઢાર પાપસ્થાન, સમ્યક દર્શન, જ્ઞાન, ચારિત્ર વિષે ઊંડી સમજણ પામવા અને પાલન કરવા માટે પ્રેરિત કરશે.

કરુણા કેળવવા અને વિકસાવવા માટે ઓનલાઇન ડિજિટલ વાતાવરણ વેબસાઇટ સ્થાપિત કરવાની યોજના છે જેના પર BEING COMPASSIONATE પર ઑડિઓ, વિડિઓ અને છાપેલી વાર્તાઓ બાળકો, યુવાનો અને પુખ્ત વયના લોકો માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેઓ સહભાગીઓ તરીકે નોંધાયેલા છે. વિસ્તારવાર, અનાથાલયો, વૃદ્ધાશ્રમો, દિવ્યાંગ બાળકો, હોસ્પિટલોની સંભાળ રાખતી વિવિધ સંસ્થાઓ પ્રાણીઓની સંભાળ રાખતી સમાન સંસ્થાઓ ની મુલાકાતોનું આયોજન કરવામાં આવે. સમયના અંતે સહભાગીઓને કરુણાશીલ હોવાનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

❖❖❖




SENIOR AGENCY AKSHAY SHAH: 98210 12193 / 77889 97781

**Distributors for Godrej Safes, Supreme Furniture, Alkosign & Alkon.**

Add: 413/C Vasant Wadi Ground Floor Near Metro Cycle Shop, Kalbadevi Road Mum-400002

Advt.

# SHREE WADHWAN MAHAJAN PANJARAPOLE
# શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ

**પાંજરાપોળનાં પશુ દવાખાનાનું અધતન સુવિધાયુક્ત આધુનિકરણનું તથા વીડ પાંજરાપોળની ફરતી ખૂબ જ લાંબી દિવાલ બનાવવાનું જીવદયા ક્ષેત્રનું ખૂબ જ અગત્યનું ભગીરથ કાર્ય**

**જીવદયાપ્રેમીઓ, દાતાશ્રીઓને પુણ્ય કમાવવાનાં અવસરે સહયોગી બનવા હૃદયભાવે નમ્ર અપીલ**

વઢવાણ મહાજન પાંજરાપોળ એક શ્રેષ્ઠ પાંજરાપોળ તરીકેની આગવી ઓળખ સાથે સુરેન્દ્રનગર જિલ્લાની મોટામાં મોટી અને જુની પાંજરાપોળ છે. આ પાંજરાપોળનાં પશુ સેવાના ઉમદા કાર્યો રૂબરૂ નિહાળીએ તો હૃદય ભિંજાય જાય છે. આંખો દયા - કરૂણાથી નમ બની જાય છે. આ પાંજરાપોળનાં ટ્રસ્ટીશ્રીઓ, વહિવટકર્તાઓ, કાર્યશીલ કાર્યકર્તાઓ, ડોકટર, સ્ટાફ વગેરેની એક સક્ષમ મજબૂત ટીમનું સુંદર કાર્ય અને ઉમદા સેવાઓ ઉલ્લેખનીય છે.

આ પાંજરાપોળમાં પશુઓને ઠંડી, ગરમી કે વરસાદમાં પણ તકલીફ ન રહે અને શાતા સારી રહે તે મુજબનાં હવા ઉજાસ વાળા પશુઓને રહેવા માટેનાં શેડ બનાવવામાં આવેલા છે. તેમજ હજુ **બે શેડ** વઢવાણ પાંજરાપોળમાં અને **બે શેડ** વીડ પાંજરાપોળમાં બનાવવાનાં છે. આ માટે **રૂ. ૨૦ લાખમાં મુખ્ય દાતા** અને **રૂ. ૧ લાખમાં સહયોગી દાતાઓનાં નામ લેવાનાં છે. દાતાશ્રીઓ યોગદાન આપી ઉમદા લાભ લઈ શકે છે.** ગ્રેનાઈટની તક્તીમાં ગોલ્ડન અક્ષરમાં દાતાશ્રીઓનાં નામ અંકિત કરવામાં આવશે. અન્ય નાની પાંજરાપોળો પાસે ખાસ ઈન્ફ્રાસ્ટ્રકચર ન હોય, તેમજ પશુઓનો ભાર વધારે હોય અને ફંડ ઓછું હોય, ત્યારે આવી પાંજરાપોળનાં પશુઓને વઢવાણ પાંજરાપોળ લઈ લે છે. આજુબાજુનાં ગામડાઓ - તાલુકાઓની કોઈપણ પાંજરાપોળનાં પશુઓને વઢવાણ પાંજરાપોળ સ્વીકારી લેતી હોય છે. આખલા વગેરે કે બિનવારસી પશુઓ કે જે સશક્ત હોય તેમજ પાકને નુકશાન કરતા હોય કે જેને અન્ય પાંજરાપોળો ન સાચવી શકતી હોય તો તેને વઢવાણ પાંજરાપોળ સંભાળવા તૈયાર હોય છે. આ પાંજરાપોળમાં પશુઓની ખૂબ જ સારી રીતે ટ્રીટમેન્ટ કરી, સર્જરી કરી સારવાર કરતા ડૉકટર, પશુ હોસ્પીટલ સ્ટાફ, પાંજરાપોળ સ્ટાફ ઉમદા સેવાઓ આપી રહયાં છે.

વઢવાણ પાંજરાપોળનાં પશુ દવાખાનામાં પશુઓનાં ઓપરેશનો પણ રેગ્યુલર થાય છે, અને તેના સારા રીઝલ્ટ પણ મળેલ છે. આમ જોઈએ તો આખા સુરેન્દ્રનગર જીલ્લામાંથી કયાંય પણ ક્રિટીકલ સ્ટેજમાં કોઈ પશુ પહોંચ્યુ હોય તો તે અહીયા વઢવાણ પાંજરાપોળમાં આવે છે. અહીયાનાં પશુ દવાખાનામાં દરરોજ સવારે ૯ થી ૧૧:૩૦ ઓપીડી ચલાવવામાં આવે છે. કોઈપણ માલીકીનાં પશુપાલક તેના બિમાર - માંદા કે ઘાયલ પશુને લઈને આવે તો તેની **સારવાર, ડ્રેસીંગ, સર્જરી, દવાઓ વગેરે સહિતનું બધું જ વિના મૂલ્યે ફ્રી માં** કરવામાં આવે છે. પ્રાઈવેટ પશુ દવાખાના કે પ્રાઈવેટ પશુ ડૉકટરો જયારે એમ કહી દે કે આ પશુ હવે બચે તેમ નથી કે આ પશુની સર્જરી બહુ કોસ્લી છે, ત્યારે એ પશુ અહીયા આવે છે. કોઈ પશુનો એક્સીડન્ટ થાય, પગ ભાંગી જાય, કોઈ ઓર્થોપેડીક પ્રોબ્લેમ હોય તેવા બધા પશુ અહીયા આવે છે. આમ સુરેન્દ્રનગર જીલ્લાનાં બધા ગામડાનાં આવા માંદા, બિમાર, ઘાયલ પશુઓ અહીયા આવે એટલે વઢવાણ પાંજરાપોળ તેને લઈ લે છે. તેને સંભાળી લે છે. તેની ખૂબ સારી સારવાર કરે છે. આવા પશુઓનું કુદરતી મૃત્યુ થાય ત્યાં સુધી તેની સાર સંભાળ લઈ, સારવાર કરી તેને આ પાંજરાપોળમાં સાચવવામાં આવે છે.

વઢવાણ પાંજરાપોળમાં **પશુ દવાખાનાને અધતન સુવિધાયુક્ત બનાવવા** સાથે ઓપરેશનની જગ્યા તેમજ સર્જરી અને લેબોરેટરી માટેનાં સાધનો અપગ્રેડેશન થશે. કન્સલ્ટીંગ રૂમ, મેડિકલ - મેડિસીન વિભાગ, ઓપરેશન થીયેટર, બે આઈ.સી.યુ. યુનીટ, ઓપીડી વિભાગ, લેબોરેટરી બનશે. સારા ક્વોલીફાઈડ ડૉકટર, મેડિકલ સ્ટાફ, પેરા મેડિકલ સ્ટાફ, લેબોરેટરીઝ સ્ટાફ, પશુઓ લાવવા લઈ જવા - ઉપાડવા માટે સ્ટાફ, અન્ય સ્ટાફ, દવાઓનો ખર્ચ - અન્ય ખર્ચાઓ પેટે દર મહિને અંદાજીત રૂપિયા પોણા બે લાખ થી બે લાખ આસપાસની જરૂરીયાત રહેશે. જેમ માનવી પોતે બિમાર પડે કે ઘાયલ થાય કે ક્રિટીકલ સ્ટેજ ઉપર હોય ત્યારે જે રીતે માનવીને ઈમરજન્સી મેડિકલ સર્વિસ મળે, સારામાં સારી ટ્રીટમેન્ટ મળે એવી રીતે પશુઓને પણ ઈમરજન્સી મેડિકલ સર્વિસ મળે, સારામાં સારી ટ્રીટમેન્ટ મળે તે માટેનાં આયોજનો, સુવિધાઓ ઉભી

Advt.

કરવાના પ્રયાસો રૂપ તૈયારીઓ કરવામાં આવી રહી છે. **પાંજરાપોળનાં પશુ દવાખાનાને અપગ્રેડ કરી, તેનું આધુનિકરણ કરી તેને સારામાં સારૂં સુવિધાયુક્ત બનાવવા** સૌ કોઈ ખૂબ જ પુરૂષાર્થ કરી રહયાં છે. આ માટે **દાતાશ્રીઓને યોગદાન આપી ઉમદા લાભ લેવા નમ્ર વિનંતી છે.** ગ્રેનાઈટની તક્તીમાં ગોલ્ડન અક્ષરમાં દાતાશ્રીઓનાં નામ અંકિત કરવામાં આવશે.

વઢવાણ મહાજનની મુળી પાસે **ખાખરાથળ વીડ (પાજરાપોળ શાખા નં.-૨)** ખૂબ જ વિશાળક્ષેત્રમાં પથરાયેલું એક જીવદયા સેવાકેન્દ્ર સમાન છે. જેની ફરતી બાઉન્ડ્રી અંદાજીત ૧૨ કિ.મી. ની રહેલી છે. અને આ બાઉન્ડ્રીને ૭ ગામોની સીમા લાગેલી છે. આ વીડની જમીનની આજુબાજુ અસામાજીક તત્વો ચારેબાજુથી દબાણ કરતા રહેતા હોય છે. તેઓ ખનીજ કોલસા માટે ત્યાં જમીનમાં ખોદકામ પણ કરી લેતા હોય છે. ઘૂસણખોરી કરવાના પ્રયત્નો પણ કરતા હોય છે. આ જમીન ચારેબાજુથી ખુલ્લી હોય પાંજરાપોળનાં પશુઓ પણ બહાર જતા રહેતા હોય છે. પશુઓ ચોરાઈ જવાનો સતત ભય રહેતો હોય છે. **વીડની આ જમીનને સુરક્ષિત કરવા** માટે વઢવાણ પાંજરાપોળ અને તેના ટ્રસ્ટીઓ, વઢવાણ મિત્ર મંડળ મુંબઈ, જીવદયાપ્રેમીઓ, દાતાશ્રીઓ, ત્યાંના સ્થાનિક સભ્યો વગેરે સૌ સાથે મળીને આયોજન સાથે નક્કર કાર્યવાહી કરી રહયાં છે. આ વીડની સીમા સુરક્ષા અર્થે વીડની જમીન ફરતે **લગભગ ૧૨ કિ.મી. લાંબી એક ઉચી, મજબૂત દિવાલ બનાવવા** માટેનું આયોજન છે. આ માટેનો પ્લાન પણ તૈયાર કરેલ છે. આ માટે અંદાજીત **૪ થી ૪.૫ કરોડ**નો ખર્ચ આવી શકે છે. **જે જીવદયાપ્રેમીઓ અને આપણા ઉદારદિલ દાતાશ્રીઓનાં યોગદાનથી પરિપૂર્ણ બનશે. આ કાર્ય માટે દાતાશ્રીઓને યોગદાન આપી ઉમદા લાભ લેવા નમ્ર વિનંતી છે.** ગ્રેનાઈટની તક્તીમાં ગોલ્ડન અક્ષરમાં દાતાશ્રીઓનાં નામ અંકિત કરવામાં આવશે. માનવરત્ન શ્રી મધુભાઈ શાહ, વઢવાણ મિત્ર મંડળ મુંબઈ, વઢવાણ મહાજન પાંજરાપોળની ટીમ વગેરે ખૂબ જ જહેમત લઈને પ્રયત્નો કરી રહયાં છે. વઢવાણ પાંજરાપોળ પાસે હાલ ૪૨૩૨ પશુઓ છે. તેમાંથી લગભગ ૩૧૯૦ થી ૩૨૦૦ પશુઓ **વઢવાણ પાંજરાપોળ શાખા નં.-૨ વીડ**માં છે. અને લગભગ ૧૦૩૨ જેટલા પશુઓ **વઢવાણ પાંજરાપોળ શાખા નં.-૧ વઢવાણ**માં છે. વીડ પાંજરાપોળમાં ૮૦૦૦ પશુઓને છાપરા નીચે છાયામાં રાખી શકાય તેવી પણ વ્યવસ્થા છે.

મારી અને **માનવરત્ન શ્રી મધુભાઈ ન્યાલચંદ શાહ**ની અંતરની ઉદાત ભાવના રહી છે કે અબોલ પશુઓનું આ કામ કરી **આપણે સૌ ભવો ભવનું ભાથું બાંધીશું. અબોલ જીવોની દુઆઓ મળશે. જીવન સાર્થક થયાનો સંતોષ થશે.**

**- શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ**

**વત્તી - શ્રી જવાહરભાઈ મણીયાર (૯૮૬૯૨૧૪૮૬૬)**

**શ્રી મધુભાઈ શાહ (૯૯૩૦૯૬૨૪૬૮), શ્રી પરેશભાઈ શાહ (૯૮૨૪૪૮૪૬૨૯), શ્રી ભરતભાઈ મઠીયા (૯૪૨૮૪૭૫૭૧૩)**

**વઢવાણ પાંજરાપોળ ડેલામાં પશુ દવાખાનાનું અધતન સુવિધાયુક્ત આધુનિકરણ માટે નીચે વિગતોએ દાતાશ્રીઓનાં નામ લેવાનાં છે. નામો ગ્રેનાઈટની તક્તીમાં ગોલ્ડન અક્ષરે અંકિત કરવામાં આવશે**

(૧) ઓપરેશન થીયેટર .............. રૂ. ૫૧ લાખ
(૨) આઈ.સી.યુ. વોર્ડ નં.- ૧......... રૂ. ૨૫ લાખ (મોટા પશુઓ માટે)
(૩) આઈ.સી.યુ. વોર્ડ નં.- ૨......... રૂ. ૨૫ લાખ (નાના પશુઓ માટે)
(૪) લેબોરેટરીઝ વિભાગ ............. રૂ. ૨૫ લાખ
(૫) એક્સ રે વિભાગ .............. રૂ. ૨૫ લાખ
(૬) કન્સલ્ટીંગ રૂમ ................ રૂ. ૧૦ લાખ
(૭) મેડિકલ સ્ટોર (મેડિસીન) ..... રૂ. ૧૦ લાખ
(૮) રીકવરી વોર્ડ નં.- ૧ ........... રૂ. ૧૦ લાખ
(૯) રીકવરી વોર્ડ નં.- ૨ .......... રૂ. ૧૦ લાખ
(૧૦) ઓફીસ ...................... રૂ. ૧૦ લાખ

ઉપરનાં વિભાગોમાં બે અથવા ત્રણ દાતાશ્રીઓ સાથે પણ લાભ લઈ શકે છે. ઉપરોક્ત દરેક વિભાગોમાં ઉપરની રકમ સિવાય રૂપિયા ૧ લાખ આપી આપ સહયોગી દાતા પણ બની શકો છો. ગ્રેનાઈટની તક્તીમાં ગોલ્ડન અક્ષરે સર્વે દાતાશ્રીઓનાં નામો અંકિત કરવામાં આવશે. આપે આપેલ દાન I.T. 80-G મુજબ કરમુકત છે. CSR ફંડમાંથી રકમ ફાળવી શકાશે.

Advt.

Mihaar

Where Fashion is an Expression

**Your one stop destination for exquisite women's Ethnic & Indo-Western clothing**

offering size up to 7XL for every style and occasion.



**અમારે ત્યાં કુર્તી, કુર્તા પેન્ટ સેટસ, પંજાબી સુટ, કોર્ડ સેટ, ગાઉન, ફ્રોક્સ, સ્કર્ટ, જ્વેલરી અને ટોપની શરૂઆત**

**ફક્ત રૂા. ૫૦૦/- થી...**







*We also Customise (on appointment) to give a perfect fit and express your style.*

Operational Days & Time
Monday to Saturday - 11 am to 7 pm




- **Sales Girl - who can manage store along with computer knowledge**
- **Boy/girl who can handle our Social media.**
- **Office helper boy**

A-36, 3rd Floor, Shriram Ind. Est., 13, G.D. Ambekar Marg, Wadala (West)
10 Mins from Dadar East and Wadala Station.

Contact : 99671 90361 mihaarstories www.mihaar.in

Advt.

# સૃષ્ટિરચના

સ્વામી સચ્ચિદાનંદ

જિજ્ઞાસુઓ માટે સૌથી વધુ રુચિકર વિષય સૃષ્ટિ-ઉત્પત્તિનો રહ્યો છે. આ બાબતમાં બધા ધર્મો એકમત નથી. ધારણાઓ ભાગ્યે જ એકમત હોય. વૈજ્ઞાનિક પરિણામમાં એકમતી આવે, પણ બૌદ્ધિક ધારણાઓમાં ભિન્નતા રહેવાની. આવી ધારણાઓને ઈશ્વરીય રૂપ અપાય તો તે જડબેસલાક થઈ જાય. આવી જડબેસલાક ઈશ્વરીય રૂપ અપાય તો તે જડબેસલાક થઈ જાય. આવી જડબેસલાક થયેલી ધારણાઓ સત્યને શોધવામાં સહાયક ઓછી થાય પણ બાધક વધુ થાય.

સૃષ્ટિ-ઉત્પત્તિ ઈશ્વર દ્વારા થઈ છે તેવું માનનારા ઈશ્વરવાદી છે. સૃષ્ટિરચના આપોઆપ થઈ છે, તેનો રચનારો કોઈ નથી તેવું માનનારા અનીશ્વરવાદીઓ કહેવાય છે. તેમાં પાછા બે ભેદ છેઃ ૧. આત્મવાદી અને ૨. અનાત્મવાદી. આત્મવાદીઓ ઈશ્વરને ભલે ન માને પણ આત્માને તો માને છે. આત્મા હોય એટલે પરલોક, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરે પણ હોય. અનાત્મવાદીઓ ઈશ્વરની માફક આત્માને પણ માનતા નથી. તેઓ માત્ર ભૌતિક તત્ત્વોને જ માને છે એટલે તેમને ત્યાં પુનર્જન્મ, પરલોક, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરે હોતાં નથી. આ બધું ન હોય એટલે તે બધાંને પ્રાપ્ત કરવાની સાધના-ઉપાસના પણ ન હોય. કશી જ સાધના-ઉપાસના ન હોય એટલે તેઓ સુખવાદી થઈ જાય તે સ્વાભાવિક છે. સુખવાદ એટલે બને તેટલાં સુખો ભોગવી લો. પછી કાંઈ જ નથી. આવા માત્ર ભૌતિકવાદીઓને ત્યાં કોઈ પાપ-પુણ્ય પણ નથી રહેતું, જેનું ફળ પાછળથી ભોગવવાનું હોય. એટલે પાપનો ભય અને પુણ્યની લાલચ પણ નથી રહેતાં. તેમનો સુખવાદ નિયંત્રણ વિનાનો થઈને ભોગવાદમાં અને પછી અતિભોગવાદમાં પરિણત થઈ જતો હોય છે. તેમની ધારણા છે કે વિશ્વની ઉત્પત્તિ કોઈએ કરી નથી, તે આપોઆપ થયું છે અને આપોઆપ ચાલી રહ્યું છે. જીવોની ઉત્પત્તિ રાસાયણિક



સંયોગીથી થતી હોય છે અને દૈહિક પ્રક્રિયામાં બાધા આવવાથી મૃત્યુ થતું હોય છે. જેમ ઘડિયાળ બંધ પડી જાય તેમ આ દેહના ધબકારા પણ બંધ પડી જાય છે. તેમાંથી કશું નીકળતું નથી. બધું અહીં જ રહી જાય છે, વગેરે. બીજા અનીશ્વરવાદી પણ આત્મવાદીઓમાંથી જૈનોનું કહેવું છે કે સૃષ્ટિ અનાદિ-અનંત છે, અર્થાત્ તેને કોઈએ ઉત્પન્ન કરી નથી. પણ તે અનાદિકાળથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી ચાલ્યા કરવાની છે. તેનો કોઈ કર્તા નતી. અનંત જીવાત્માઓ છે. તે આ સૃષ્ટિમાં પોતપોતાનાં કર્મો ભોગવતા રહે છે. તેમાંથી દુર્લભ માનવજન્મ ધારણ કરનારાઓમાંથી કોઈ એકાદ સાધના કરે છે અને પછી મોક્ષ પ્રાપ્ત કરે છે. મોક્ષ પ્રાપ્ત કરવા માટે સુખત્યાગ અનિવાર્ય છે. સુખનાં મહત્ત્વનાં બે કેન્દ્રો છે : ધન અને સ્ત્રી - આ બંનેનો ત્યાગ કરીને સાધુ દીક્ષા લઈને તીવ્ર સાધના કરવાથી મોક્ષ પામે છે. આમના મતે સૃષ્ટિની ઉત્પત્તિ અને વિનાશ છે જ નહિ. તે અનાદિ-અનંત છે. પણ પરમાણુઓથી બનેલી સૃષ્ટિ સતત ઉત્પન્ન અને નષ્ટ થવાની પ્રક્રિયા ચાલુ રાખે છે, જેથી બધું નાશવાન છે. પણ તેનાં મૂળ કારણ પરમાણુઓ નિત્ય હોવાથી કારણરૂપથી સતત ચાલુ રહે છે. જેમ કે માટીનો ઘડો નષ્ટ થઈ જાય છે તોપણ તેના પરમાણુઓ તો સતત ચાલુ જ રહે છે. તેનો નાશ થતો નથી. તેથી ઘડો અનિત્ય, નાશવાન, ક્ષણભંગુર છે, પણ તેના પરમાણુઓ નિત્ય છે. તેમણે સત્યની વ્યાખ્યા આવી કરી છેઃ

**''ઉત્પાદવ્યય ધ્રૌવ્યં સત્ ।''**

અર્થાત્ જેની ઉત્પત્તિ થતી હોય, વ્યય-નાશ થતો હોય અને પાછી ધ્રુવતા - નિત્યતા હોય તેને 'સત્' કહેવાય. વંધ્યાપુત્ર 'સત્' નથી, કારણ કે તેની ઉત્પત્તિ થતી નથી. તેનો નાશ પણ થતો નથી. કોઈ કહેતું નથી કે વંધ્યાપુત્ર મરી ગયો તેમ જ તેના મૂળ પરમાણુઓ પણ બાકી નથી રહેતા, તેથી તે 'સત્' નથી.

બૌદ્ધોનું કથન છે કે સૃષ્ટિ સ્વયંભૂ છે. તેનો રચનારો કોઈ ઈશ્વર નથી. જીવાત્મા છે પણ તે ક્ષણિક છે. તેની વિદ્‌ધારા ચાલે છે, જેમ વીજળીના પ્રવાહની ધારા ચાલે છે તેમ. તેમનું સત્યનું લક્ષણ સમજવા જેવું છે :

**''યત્ ક્ષણિકં તત્ સત્યમ્ ।''**

અર્થાત્ જે ક્ષણિક હોય તે જ સત્ય હોય. કોઈ વસ્તુ નિત્યનિર્વિકારી નથી. આત્મા

પણ ક્ષણિક છે. જગત પણ ક્ષણિક છે. ક્ષણિક છે માટે જ સત્ય છે. આ ક્ષણિકતાના પ્રવાહને અટકાવી દેવો તે જ નિર્વાણ છે. દીવામાં તેલનું છેલ્લું ટીપું બળી ગયા પછી દીવો શાંત થઈ જાય છે. તે ક્યાંય જતો નથી. તેમ જીવાત્મા પણ પોતાની ધારાને ક્ષીણ કરીને સમાપ્ત કરી દે તો તેનું નિર્વાણ થઈ જાય. એક રીતે પોતાના અસ્તિત્વનો અંત એ જ મોક્ષ કહેવાય. ઈશ્વરની ઈચ્છામાત્રથી સૃષ્ટિ રચાઈ જાય છે. કોઈ પ્રકૃતિ કે પરગાણુઓહોતાં નથી પણ એ બધું જ્યાં-જ્યાં જેની જેવી-જેવી જરૂર પડે છે તે બધું રચાઈ જાય છે અને ગોઠવાઈ જાય છે. માત્ર સાત જ દિવસમાં સૃષ્ટિરચના પૂરી થઈ જાય છે. આ સૃષ્ટિ માત્ર એક જ વાર રચાઈ છે અને એક જ વાર તેનો અંત થાય છે, વારંવાર થતો નથી. છેલ્લો દિવસ કયામતનો હોય છે. ત્યારે બધા જીવોમાંથી કેટલાક કાયમ માટે સ્વર્ગમાં જશે અને બાકીના કેટલાક કાયમ માટે નરકમાં જશે. બસ પછી બધું બંધ થઈ જશે.

લગભગ આવું જ કાંઈક ખ્રિસ્તી લોકો પણ માને છે. આ સૃષ્ટિ પહેલી અને છેલ્લી જ છે. વારંવાર ઉત્પત્તિ-પ્રલય થતાં નથી. જેમણે બાપ્તિસ્મા લીધો હશે તે જ સ્વર્ગમાં જશે, બાકી બધા નરકમાં જશે. ભલે સારાં કર્મો કર્યાં હોય તોપણ બાપ્તિસ્મા વિનાનાં બધાં નરકમાં જ જશે.

આ સેમેટિક ધર્મોમાં એક મુદ્દો ધ્યાન દેવા જેવો છે કે આ વર્તમાન સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં અનંતકાળથી કશું જ ન હતું તેમ જ કયામત (પ્રલય) પછી પણ અનંતકાળ સુધી કાંઈ જ નહીં રહે. હા, સ્વર્ગ અને નરક રહેશે, જેમાં બધા જીવો સુખ-દુઃખ કાયમ ભોગવતા રહેશે. પણ આ સ્વર્ગ-નરક સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં ન હતાં, કારણ કે કોઈ જીવાત્માઓ જ ન હતા. કયામત પછી જ સ્વર્ગ-નરકનું અસ્તિત્વ થયું લાગે છે. અનંત-અનંત કાળમાં સૃષ્ટિના અસ્તિત્વનો પિરિયડ માત્ર થોડાંક વર્ષોનો જ કહી શકાય. તે સમુદ્રમાં બિન્દુ બરાબર પણ ન કહેવાય. અસ્તુ ! સૌ-સૌની ધારણાઓ છે.

આપણે ત્યાં સૃષ્ટિ-ઉત્પત્તિનાં બે રૂપ છે : ૧. વૈદિક અને ૨. પૌરાણિક. વૈદિક સૃષ્ટિ આ પ્રમાણે છે. સૃષ્ટિ-ઉત્પત્તિનાં પ્રકરણો ઘણી વાર - વારંવાર આવ્યાં છે, તોપણ 'તૈત્તિરીય ઉપનિષદ'ની બ્રહ્માનન્દવલ્લીમાં આ પ્રમાણે કહ્યું છેઃ

**''સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ।''**

અર્થાત્ પરમાત્મા સત્ય છે, જ્ઞાનરૂપ છે અને અનંત છે. આવા બ્રહ્મથી પ્રથમ આકાશ ઉત્પન્ન થયું.

**તસ્માદ્ વા એતસ્માદાત્મન**
**આકાશઃ સંભૂતઃ।।**

સૌથી પહેલાં આકાશની ઉત્પત્તિ થઈ. આકાશની નિશ્ચિત વ્યાખ્યા કરવી કઠિન છે. આ ભૌતિક આકાશ નથી લાગતું. આ ઈન્દ્રિયાતીત તત્ત્વ દ્વારા પરમાત્માને સમજાવવાનો પ્રયત્ન થાય છે. પરમાત્મા આકાશ જેવો છે, અર્થાત્ ,સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. ઘણાં વર્ષો આકાશસૃષ્ટિ રહી. પછી છે,

**આકાશાત્ વાયુઃ।**

આકાશમાંથી વાયુ એટલે કે આકાશ કરતાં થોડા વધુ ભારે અને ઈન્દ્રિયગમ્ય પદાર્થ વાયુની ઉત્પત્તિ થઈ. આ આકાશ અને વાયુની મિશ્ર સૃષ્ટિ લાખો વર્ષો સુધી રહી. પછી.

**વાયોરગ્નિઃ।**

વાયુથી અગ્નિની સૃષ્ટિ થઈ, અર્થાત્ દશ્ય સૃષ્ટિ થઈ. આ અગ્નિસૃષ્ટિ એટલે કરોડો તારાઓ, સૂર્યો, નક્ષત્રો વગેરે, જે આંખ વડે જોઈ શકાતા હતા.

**અગ્નેરાપઃ।**

પછી અગ્નિમાંથી જળ થયું. અર્થાત્ અગ્નિ કરતાં વધુ સ્થૂળ સૃષ્ટિ થઈ. સૂર્યાદિ તારાઓમાંથી જે રાસાયણિક પ્રક્રિયા થઈ તેથી જળ બન્યું. સામાન્ય રીતે અગ્નિને જળ ઓલવી નાખે છે, પણ જળની ઉત્પત્તિ પણ અગ્નિમાંથી જ બતાવી છે. અગ્નિ એટલે જુદાજુદા ગૅસ. જેનું રૂપાંતરણ વાદળાંમાં થયું. અને વાદળાં લાખોલાખો વર્ષો સુધી વરસતાં રહ્યાં જેથી સમુદ્ર બન્યા.

**''અદ્ભ્યઃ પૃથિવી।''**

જળમાંથી વધુ ઘનીભૂત પૃથિવીની ઉત્પત્તિ થઈ. આ પ્રક્રિયા થતાં-થતાં કરોડો-કરોડો વર્ષો લાગી ગયાં.

**પૃથિવ્યા ઔષધયઃ।**

પછી પૃથ્વીથી ઔષધિઓ – વનસ્પતિની સૃષ્ટિ થઈ. લાખો વર્ષો સુધી પૃથ્વી વનરાજિથી છવાતી રહી. તેમાં જાત-જાતની અનેક વન્યસૃષ્ટિ થઈ. તેને ઔષધિ એટલા માટે કહેવાય છે કે તે બધી જ વનસ્પતિથી દવાઓ બને છે. કોઈ વનસ્પતિ એવી નથી જે ઔષધિ ન હોય.

**ઔષધિભ્યોઽન્નમ્।**

પછી આ ઔષધિઓમાંથી જવ-તલ-ઘઉં વગેરે અન્નો થયાં.

**અન્યાત્ પુરુષઃ સ વા એષ**
**પુરુષોઽન્ન રસમયઃ।**

પછી અન્નથી પુરુષ થયો, અર્થાત્ માનવદેહની રચના થઈ. આ દેહ અન્નરસમય છે, અર્થાત અન્નથી બનેલો છે અને બીજા કોઈના માટે પણ અન્ન બને છે. તે રસમય છે, અર્થાત્ સુખ ભોગવવાનું માધ્યમ છે. સુખ જ રસ છે. શરીર વિના સુખ-દુઃખાદિ ભોગવાય નહીં, તેથી તેને રસમય કહ્યું છે. શરીરને ઘૃણિત માનવું યોગ્ય નથી. બધા જ્ઞાનનો તથા સુખદુઃખના અનુભવનો તે આધાર છે.

આ રીતે સૃષ્ટિપ્રક્રિયા કરોડો વર્ષો સુધી

ચાલતી રહી અને અંતે પુરુષ એટલે કે માનવસૃષ્ટિ થઈ. પ્રથમ પુરુષને આપણે મનુ કહીએ છીએ તેથી મનુનાં બાળકો મનુષ્ય અથવા માનવ કહેવાય છે.

આમ આકાશથી માનવ સુધીની સૃષ્ટિ ક્રમેક્રમે થતી રહી.

હવે પૌરાણિક સૃષ્ટિ.

પુરાણો સૃષ્ટિના રચનારને બ્રહ્મા અથવા પ્રજાપતિ કહે છે. અહીંથી ત્રિદેવ થાય છે: બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. આ ત્રણ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કામ કરે છે. વૈદિક એક પરમાત્માનાં જ આ ત્રણ પૌરાણિક રૂપ છે.

શેષશાયી ભગવાન વિષ્ણુ જળમાં પોઢ્યા છે અને લક્ષ્મીજી તેમની સેવા કરી રહ્યાં છે. તેમની નાભિમાંથી કમળદંડ નીકળ્યો. જળની સપાટી ઉપર કમળ ખીલ્યું છે. તેમાં ચતુર્મુખ બ્રહ્મા પ્રગટ થયા. કરોડો વર્ષો સુધી બ્રહ્માજીએ તપ કર્યું, પછી તેમણે ક્રમવાર સૃષ્ટિની રચના કરવા માંડી. પહેલાં એકકોશીય અમીબાની રચના થઈ, પછી દ્વિકોશીય, ત્રિકોશીય એમ કોશો વધતાં-વધતાં રચના આગળ વધી અને અંતે માછલું થયું. તેને મત્સ્યાવતાર કહેવાયો. વળી પાછી ડાર્વિનની ઉત્ક્રાન્તિ આગળ ચાલી. કરોડો વર્ષ પછી માછલામાંથી કાચબો થયો, જે જળની સાથે સ્થળમાં પણ રહેવા લાગ્યો. ફરી પાછી સૃષ્ટિ આગળ વધી અને કાચબામાંથી વરાહ થયો. જેને આપણે વરાહાવતાર કહીએ છીએ. વરાહમાંથી નૃસિંહ થયો, જેમાં અર્ધું અંગ સિંહનું થયું. પછી વામનાવતાર અર્થાત્ ઠીંગણો માણસ થયો. એમ કરતાં-કરતાં પછી મર્યાદાબદ્ધ શ્રીરામ થયા, પછી પ્રેમાવતાર કૃષ્ણ થયા, પછી કરુણાવતાર બુદ્ધ થયા. આ ઉત્ક્રાન્તિની પ્રક્રિયા પ્રમાણે અવતારવાદ ગોઠવી શકાય.

પહેલાં તો એકલું બ્રહ્મ જ હતું, પણ પછી તેને પૌરાણિક જામો પહેરાવ્યો એટલે તે જ બ્રહ્મ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ થયું. આ ત્રણે દેવોની એક-એક શક્તિ થઈ જે તેમની પત્ની કહેવાઈ, કારણ કે શક્તિ વિના કામ ન થઈ શકે. બ્રહ્માની શક્તિ સાવિત્રી, વિષ્ણુની શક્તિ લક્ષ્મી, મહેશની શક્તિ પાર્વતી-દુર્ગા. આ ત્રણે શક્તિઓ દ્વારા ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કામ થયા કરે છે. આ ત્રિદેવ અને ત્રિદેવીઓથી પૌરાણિક ઈશ્વર સાકાર રૂપ ધારણ કરે છે. પછી તો તેમના પુત્ર-પરિવાર અને વિસ્તાર થાય છે. આમ તેત્રીસ કરોડ દેવસૃષ્ટિ બને છે. આ પૌરાણિક પ્રક્રિયા છે.

પણ આપણે આ સૃષ્ટિને પ્રથમ અને છેલ્લી માનતા નથી. તેનો કદી આદિ કે અંત નથી. આદિ અને અંત તો આપણા બ્રહ્માંડનો થાય છે. આપણે કરોડો-કરોડો બ્રહ્માંડો છીએ. આકાશમાં દેખાતી આકાશગંગામાં કરોડો તારાઓ છે. આવી કરોડો-કરોડો આકાશગંગાઓ છે, જેનો અંત નથી. આવી એક આકાશગંગાના એક ખૂણામાં આપણો સૂર્ય પોતાના ગ્રહો સાથે ટમ-ટમ ટમકી રહ્યો છે. એક સૂર્યનું એક બ્રહ્માંડ, આવા કરોડો સૂર્યનાં કરોડો બ્રહ્માંડ થાય. પણ કરોડ શબ્દથી પણ વાત પૂરી ન થાય, એટલે આપણે 'અનન્તકોટિ-બ્રહ્માંડાધિપતિ' એમ ભગવાનને 'અનંતકોટિ' શબ્દથી ઉચ્ચારીએ છીએ.

આવાં કરોડો-કરોડો બ્રહ્માંડોમાંથી કોઈ એક બ્રહ્માંડનો પ્રતિક્ષણ ઉદય થઈ રહ્યો છે અને બીજા કોઈ એક બ્રહ્માંડનો પ્રલય થઈ રહ્યો છે, અર્થાત્ ઉત્પત્તિ-પ્રલયની પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે છે. તેથી વિશ્વસૃષ્ટિ બંને તરફ છેડા વિનાની અનાદિ-અનંત છે. છેડો માત્ર આપણી સૃષ્ટિ જેવાં નાનાં-નાનાં બ્રહ્માંડોનો હોય છે, જેને ઉત્પત્તિ-પ્રલય કહેવાય છે. આપણી પૃથ્વીની જ વાત કરીએ. તેમાં ચૌદ ખંડ-પ્રલય થયા પછી એક મહાપ્રલય થાય છે. ખંડ-પ્રલય એટલે પૃથ્વીના એક ભાગનો નાશ. નાશ એટલે જળપ્રલય - બધું જળમાં દટાઈ જાય તેને જળપ્રલય કહેવાય. જળમાં દટાયેલાં વૃક્ષો, વનરાજિ વગેરેની કરોડો વર્ષો સુધી રાસાયણિક પ્રક્રિયા થતી રહે. આ કુદરતી ફૅક્ટરી કહેવાય. તેમાંથી પેટ્રોલિયમ, કોલસા, લોખંડ વગેરે ખનિજ પદાર્થોનું નિર્માણ થાય. જો ખંડપ્રલય ન થાય તો પૃથ્વીના પેટાળમાં ખનીજો પણ ન થાય. કરોડો વર્ષો પહેલાં જે દટાયું છે તે જ ખનીજ થઈને હવે બહાર નીકળે છે.

આમ કરતા કરતાં અંતે એક દિવસ મહાપ્રલય થઈ જશે. અર્થાત્ સૂર્યચંદ્રાદિ બધાનો નાશ થઈ જશે. તેને મહાપ્રલય કહેવાય. પણ આ તો અનન્ત અન્તરિક્ષમાંના એક નાના ટપકાનો નાશ થયો. અનન્ત અન્તરિક્ષમાં તો બીજાં કરોડો બ્રહ્માંડો વિલસી રહ્યાં છે. જીવન છે. અહીં નહીં તો બીજે જીવન તો છે જ. સર્વનાશ કદી થતો નથી. એટલે વિશ્વ પણ પરમેશ્વરની માફક શાશ્વત છે. ઈશ્વર કદી એકલો હોતો નથી. તેનાં અનંત કોટિ બ્રહ્માંડોના અસ્તિત્વની સાથે તેનું અસ્તિત્વ હોય છે. હવે આ બ્રહ્માંડોને અસત કે મિથ્યા કેમ કહેવાય ? તે પરમેશ્વરની અદ્‌ભુત કૃતિ છે, તેથી પરમેશ્વર મહાન છે. ઈશ્વર સત્ય છે તો જગત પણ સત્ય છે. જો જગત હોય જ નહીં કે મિથ્યા હોય તો ઈશ્વરનો કશો અર્થ જ નથી રહેતો. રજવાડાં વિનાનો કોઈ રાજા ન હોય. હોય તો નામમાત્રનો જ હોય. પણ આવું નથી. પરમેશ્વર અનંતકોટિ બ્રહ્માંડોનો અધિપતિ છે.

❖❖❖



# પથારો

હરિશ્ચંદ્ર

પથારો...... પથારો...... પથારો. ઘરમાં–બહાર, ઉપર –નીચે, જ્યાં જુઓ ત્યાં બસ, પથારો! વિજુ વાજ આવી ગઈ છે. હટ્ ! માની મોટી દીકરી થવું અને ચાર નાનાં ભાઈ-બહેનની મોટી બહેન થવું, એના જેવું બીજું કોઈ દુ:ખ નથી.

અત્યારે જ જુઓને ! બાલદી કપડાં ધોઈ આવી, અને સૂકવવા માટે લાકડી શોધી તો જડે નહીં, લાકડીનો તો અમારા ભઈલા ઘોડો કરી આંગણામાં દોડી રહ્યા હતા. ઘઉં સૂકવવા નાખેલા. સાંજ પડવા આવી એટલે થયું, લાવ ભરી લઉં, પણ ડબ્બો કયાં ? આખું ઘર શોધી વળી. છેવટે બીજું કાંઈક લેવા ઉપર અગાસીમાં ગઈ, તો નાનકો ડબ્બા-વેલણથી પડઘમ બજાવતો બેઠો હતો. માએ કહ્યું, આ કોપરું છીણી આપ. પણ ખમણી મળે ત્યારેને ! તેના પર તો મારું નવું બ્લાઉઝ પાથરી બેબી બાઈ એ પલંગ બનાવેલો અને તેના પર પોતાની બાબલીને સુવડાવેલી. છેવટે મા પાસે જઈને વિજુ છણકાઈ, 'મા, તું સંભાળ તારા છોકરાંવને ! આવાં ભાંડુડાંઓથી તો તોબા !'

તો મા બોલી, 'બેટા, છોકરાંવ તો એવાં જ હોયને ! તુંય નાની હતી ત્યારે આવી જ હતી. એક દિવસ તો બધાંને ભૂખ્યાં રાખેલાં. મેં રોટલી કરી ઘી લગાડીને થપ્પો ડબ્બામાં મૂકીને હું જરીક બહાર ગઈ. તું રસોડામાં ઢીંગલીને સુવાડતી બેઠી હતી. બહાર થોડુંક કામ પતાવી રસોડામાં આવી તો બહેનબા ડોલમાં એક પછી એક રોટલી ડૂબાડતાં બેઠા હતાં ! મેં ધોલ મારી, મૂરખી, આ શું કરે છે ? તો કહે, તું રોજ પાટલો-વેલણ ધૂએ છે ને તો હું રોટલી ધોઉં છું !'

મરક-મરક હસતી વિજુ ત્યાંથી નાઠી.

પછી ઝટઝટ એણે કચરો વાળ્યો, પોતાં કર્યાં, પલંગ પર ચાદર પાથરી, અને બાજુના બંગલામાં મીનાબહેન પાસે ગઈ.

એ બંગલામાં પતિ-પત્ની એકલાં જ છે. વિજુને મીના-બહેનનું ઘર બહુ ગમે છે. એવું સરસ સજાવેલું છે ! જ્યારે જુઓ ત્યારે ચોખ્ખું ચટ ! કોઈ વસ્તુ જ્યાં ત્યાં ન પડી હોય. બધું જ પોતપોતાની જગ્યાએ હોય. એક કૂતરી પાળી છે. તેનેય દિવસમાં બે વાર નવડાવી ચોખ્ખી રાખે. એક પોપટ છે. તેનું પાંજરુ એવું તો ચળકે છે. જાણે સોનાનું જ ન હોય ! ભરત-ગૂંથણનોય મીનાબહેનને ભારે શોખ. તે શીખવા નિમિત્તે પણ વિજુ એમની પાસે ઘણી વાર જતી. પોતાના ઘરની અવ્યવસ્થા અને ધમાચકડીથી કંટાળી હોય એટલે મીનાબહેનને ત્યાં એને ખૂબ ગમતું.

કલાકેક પછી ઘરે આવી. મા શાક લેવા ગઈ હતી. મોટી બહેનને જોતાં જ બેબીએ ભેંકડો તાણ્યો, 'ભૂખ લાગી છે.' નાનકાએ કૂદંકૂદા કરીને પલંગ પરની ચાદરો ચોળી નાખેલી. સવારે જ ધોયેલ ટેબલક્લૉથ પર ભઈ લો શાહીથી રંગકામ કરી રહ્યો હતો. અને બાબલો તુરતમાં જ દળી આણેલ ચણાનો લોટ મોઢે-માથે-ડિલે ચોપડી જોવા જેવો થયેલો.

ખરેખર, વિજુને એવો તો ગુસ્સો આવ્યો ! ધડાધડ એણે ચારેયને સારો એવો મેથીપાક આપ્યો. ચારેયે રડારોળ કરી મૂકી એટલે વળી એનો ગુસ્સો ઓર વધ્યો. ધમકાવીને ચૂપ કર્યાં. થોડી વાર ઘરમાં શાંતિ છવાઈ રહી. છેવટે ગુસ્સો ઊતર્યો, ત્યારે મોટીબહેન સામેથી લાડ કરવા લાગ્યાં.

બીજે દિ' સ્વેટરની નવી ડિઝાઈન શીખવા એ મીના-બહેનને ત્યાં ગઈ. મા કહે, બાબલાને લઈ જાને ! એટલે એને સાથે લઈ ગઈ. મીનાબહેન એને નવી ડિઝાઈન શીખવતા હતાં, તેવામાં એમનો ધોબી આવ્યો એટલે એ કપડાં આપવા ઊઠ્યાં. વિજુ દીવાનખાનું જોતી જ રહી. સામેની દીવાલ ઉપર એક સરસ મજાનું પેઈન્ટિંગ હતું. બાળકો કુદરતના ખોળે રમતાં હતાં. જમણી બાજુ એક મોટું કાંસાનું શિલ્પ હતું, બાળકને ધવડાવતી જનેતાનું. એવું આબેહૂબ લાગતું હતું ! કેલેન્ડરમાં પણ એક બાળકનું જ ચિત્ર હતું. ફૂલ ગુલાબી ગાલે એ કસતું હતું. ડાબી બાજુ ટેબલ ઉપર ગોપાલ-કૃષ્ણની હાથીદાંતની નાજુક નમણી મૂર્તિ હતી. આખા ઓરડામાં નીચે સરસ કાશ્મીરી ગાલીચો પાથરેલો હતો. વિજુ આ બધુ જોવામાં લીન હતી તેવામાં ધડામ્...

...અવાજ થયો. એણે ચમકીને જોયું તો બાબલો ટેબલનો ખૂણો પકડીને ઊભો હતો. ફૂલદાનીમાંનાં ફૂલ લેવા એણે હાથ લંબાવેલો. ત્યાં ટેબલક્લોથ ખેંચાવાથી ફૂલદાની પડી નીચે, તેના ટુકડા ચારેકોર વેરાયા. પાણીથી ગાલીચો ખરડાયો અને ગોપાલકૃષ્ણની મૂર્તિયે નીચે પડી. વિજુએ બાબલાને તમાચો ચોડી દીધો, અને શિયાવિયા થતી ટુકડા વીણવા લાગી.

બાબલાનો ભેંકડો સાંભળી મીનાબહેન દોડતાં આવ્યાં, એમમે બાબલાને ઊંચકી લીધો અને પ્રેમથી એને છાનો રાખવા લાગ્યાં. વિજુને એમણે ઠપકો આપ્યો, 'બાળકને મરાય કે ? ફૂલદાની તો નવી આવશે. બાળક વિના આ રાચરચીલું બધું નિષ્પ્રાણ જ છે ને !'

(શ્રી યોગિની જોગળેકરની મરાઠી વાર્તાને આધારે)

# ભૂયૉ યથા મે જન્માન્તરેપિ...



ગિરીશ ગણાત્રા

કોઈએ કહ્યું છે કે શંકાનો કીડો સળવળતા સાપ જેવો હોય છે. એ સતત સળવળ્યા કરે, ગમે ત્યાંથી ઊંચો-નીચો થયા કરે ને મનરૂપી માંસપેશીઓને દબાવતો રહે.

આવો એક કીડો મનસુખના મગજમાં ધીરે ધીરે આકાર લેતો ગયો, મોટો થતો ગયો ને વધતો ગયો.

આમ તો મનસુખ ભણેલો હતો, ગ્રેજ્યુએટ હતો ને એક ઈન્સ્યુરન્સ કંપનીમાં ડેવલપમેન્ટ ઑફિસર હતો. એનું સર્કલ પણ વિશાળ હતું. જેમ જેમ સામાજિક સંબંધો વિકસતા જાય એમ એમ માનવીની દૃષ્ટિ વિશાળ થતી જાય; પણ મનસુખ એમાં અપવાદ હતો. કદાચ એનું કારણ એનો કૌટુંબિક ઉછેર પણ હોઈ શકે. પિતાની કરિયાણાની દુકાન હતી. એટલે એ વહેલી સવારથી મોડી રાત સુધી દુકાને જ હોય. મોહો ભાઈ ખાસ ભણ્યો નહિ એટલે એ પણ પિતાની દુકાને બેસી ગયો. કુટુંબમાં કોઈ ખાસ ભણેલું નહિ – સિવાય કે મનસુખ. રૂઢિચુસ્ત કુટુંબની 'ભણી ગણીને શું ઉકાળવાનો' જેવી નીતિને કારણે કોઈ ભાઈ-બહેનો ખાસ ભણેલાં નહિ, જોકે મનસુખ એ રૂઢિની પરંપરામાં ઘડાયેલો તો હતો જ.

મનસુખ પરણ્યો ને એની પત્નીનાં કુમકુમ પગલાં ઘરમાં પડ્યાં ત્યારે ઘણા બોલી ઊઠ્યા હતા – કાગડો દહીંથરું લઈ ગયો. મનસુખને કાને આ કાગડા-દહીંથરાની વાત આવી ગઈ હતી એટલે એને બહુ જ ખરાબ લાગ્યું. પણ એ શું કરી શકે ?

એની પત્ની નિરુ ખરેખર સુંદર હતી. માત્ર સુંદર જ નહોતી, નમણી ને હસમુખી હતી. સૌની સાથે એ હળીભળી જતી. મનસુખ માટે જ્યારે છોકરીની વાતચીત ચાલતી હતી ત્યારે મનસુખે ચશરત મૂકેલી કે પત્ની તો ગ્રેજ્યુએટ જ હોવી જોઈએ. એથી ઓછી ઊતરતી ન ચાલે. આમ તો મનસુખના ઘરનાં જુનવાણી માનસને કારણે કોઈ પોતાની ગ્રેજ્યુએટ કન્યા આપવા તૈયાર ન થાય, પણ મનસુખ બી.કોમ. થયેલો ને ઈન્સ્યુરન્સ કંપનીમાં સારા પગારે ગોઠવાઈ ગયો હતો એટલે કેટલાંક મા-બાપો ગ્રેજ્યુએટ કન્યા આપવા લલચાતાં ખરાં પણ કોઈ હિંમત કરતું નહિ. આખરે, નિરુ જેવી સ્વરૂપવાન કન્યા મનસુખને એ શરતે મળી કે પરણીને એ નોખો રહે. મનસુખને પણ આ 'ભાવતું'તું ને વૈદે કીધું' જેવું થયું. એણે હા પાડી. જોકે હા પાડતાં પહેલાં એ થોડો અચકાયો હતો. કારણ આ જુદા ઘરનું નહોતું પણ નિરુપમાની સગાઈ કોઈ ઠેકાણે થયેલી ને કોઈ કારણસર એ તૂટી ગયેલી એટલે એને વિચાર કરવો પડેલો. પણ ગોરી, રૂપાળી, નમણી, ચાલાક પત્નીની ઈચ્છા કયા યુવકને ન થાય ? મનસુખે છેવટે નિરુપમા પર કળશ ઢોળ્યો.

એ પરણી ગયો. પરણીને પંદરેક દિવસ પછી જુદા ઘરમાં ચાલી ગયો.

લગ્નજીવનના આરંભમાં મનસુખ એના ઑફિસના મિત્રો, કૉલેજકાળના મિત્રો, બાળપણના ભેરુઓ – સૌને ચા-પાણી માટે નોતરતો. ધીમે ધીમે એને ઘેર કંપનીના ક્લાયન્ટોની અવરજવર નિયમિત થવા લાગી ને એમાંથી જન્મ્યો પેલો શંકાનો કીડો.

મનસુખને પેલા નાટકના શીર્ષક જેવું થયું ! 'જેની રૂપાળી વહુ, એના ભાઈબંધ સહુ.' મનસુખનું 'ભાઈબંધો'નું લિસ્ટ મોટું ને મોટું થવા લાગ્યું. એ મોટા લિસ્ટે જ ઘરમાં તકરારનો 'ત' ઘુંટાવ્યો. મનસુખ શરૂ શરૂમાં તો આડકતરો ઈશારો કરી લેતો પણ પછી એમાં સ્પષ્ટતા આવવા લાગી ને છેલ્લે છેલ્લે તો ખુલ્લંખુલ્લા આક્ષેપો કરવા લાગ્યો. એ આક્ષેપ ત્યાં સુધી થયો કે નિરુપમાના ઉદરમાં આકાર લેતું બાળક એનું નથી !

નિરુપમાના પ્રથમ માતૃત્વ પર જ્યારે આ કલંક લાગ્યું ને એમાંયે મનસુખના કુટુંબીજનો પણ મનસુખના આક્ષેપને દોહરાવવા લાગ્યાં, મેણાં-ટોણાં મારવા લાગ્યાં ત્યારે નિરુથી એ સહન ન થયું. એક દિવસ એ પોતાની કપડાંની બેગ ભરી, ઉદરમાં પોષતા પાંચ માસના ગર્ભ સાથે, મનસુખ પર એક લાંબો પત્ર મૂકી એની ગેરહાજરીમાં જ ઘર છોડી પોતાનાં મા-બાપને ત્યાં જતી રહી.

શરૂઆતમાં મનસુખને જરા પણ લાગી ન આવ્યું. 'ગઈ તો છો ગઈ, પાછી બોલાવે મારી બલારાત' કહી મન મનાવ્યું. એની આ જકને એના કુટુંબીજનોએ પણ બહેલાવી. માએ તો ત્યાં સુધી કહી દીધું 'આ ઘરમાં એનો હવે ટાંટિયો જ ન જોઈએ. મારા મનસુખને એક કરતાં એક હજાર છોકરીઓ મળી જશે પણ આ રાંડનો

પડછાયો આ ઘરમાં ન પડવો જોઈએ. એ અને એનો બાપ નોખું ઘર કરવા શું કામ આગ્રહ રાખતાં હતાં તે હવે ખબર પડી. આવાં અસ્ત્રીચરિતર કરતા તો...'

પણ આ બધો ગુસ્સો, રોષ, મેણાં, દાઝ, આળ, ખુન્નસ વગેરે બધાં હવામાં ઓગળી ગયાં – જેવા નિરુપમાને પુત્ર પ્રસવ થયાના સમાચાર સાંપડ્યા. જે કુટુંબ નિરુને 'એના પેટનું પાપ' કહીને ભાંડતું હતું એ હવે 'મનસુખને ઘેર બાબો આવ્યો' શબ્દોથી છાને છાને હરખ વ્યક્ત કરતા થઈ ગયા. પણ હવે થાય શું ? કયા મોઢે એ હવે વેવાઈને ત્યાં હરખ કરવા જાય ? નિરુના પિતા ઠીક ઠીક કહેવાય એવા સાધન-સંપન્ન હતા પણ નિરુ તો એથીયે અદકેરી હતી. એને એના પિયરનું ગુમાન નહોતું. પણ પતિના આક્ષેપથી એને લાગી આવ્યું હતું, એના સ્ત્રીત્વનું આ અપમાન હતું. ખુદ પતિ જ જ્યાં બોલી ગયેલો કે 'આ કોનું પાપ તારા પેટમાં છે ?' ત્યારથી જ એ સળગી ઊઠી હતી. એના નિષ્કલંક ચારિત્ર્ય પર એનો પતિ જ કાળો ધબ્બો મારી બેઠો હતો અને હવે એ દાઝી ગઈ હતી.

એક દહાડો નિરુએ પિતાને કહ્યું :

'હું મુંબઈ જઈને રહું તો ?'

'કેમ ?'

'બસ, આ શહેર મારે છોડવું છે. મને ડર છે કે મારાં સંસ્કાર વિનાનાં સાસરિયાઓ મને અહીં સુખે રહેવા નહિ દે. કોઈ ને કોઈ રીતે હેરાન કરતા જ રહેશે.'

નિરુની વાત એના પિતાને સાચી લાગી. પહેલાં અન્ય દ્વાર સમાધાનનો સૂર, પછી ધમકી, કોર્ટ-કચેરીની વાત, પુત્ર પરનો 'કાયદેસરનો કબજો વગેરેનાં કહેણો આવવા લાગ્યાં. મામલો ત્યારથી સળગ્યા જ કરતો હતો.

બહુ વિચાર કર્યા પછી પિતાએ પોતાના સાળાના દીકરાને ત્યાં નિરુને મોકલાવી દીધી. એ જાણતા હતા કે મનસુખ અને એનાં કુટુંબીજનો માટે મુંબઈ શહેર પહોંચની બહાર હતું.

નિરુ ગામમાં નથી એવા સમાચાર મનસુખે જાણ્યા કે એ સામા પગલે એના સસરાને મળવા દોડી ગયો. ત્યાં થોડી બોલાચાલી થઈ ત્યારે સસરાએ સંભળાવી દીધું – નિરુ અહીં રહેતી નથી. એ ઘર છોડીને ચાલી ગઈ છે. હવે તમે જાણો ને નિરુ જાણે...

'જો એવું જ હશે તો હું છૂટાછેડાનો દાવા માંડીશ.' મનસુખે ધમકી આપી.

'માંડો ને ! મેં ક્યાં ના પાડી ? સસરાએ ટાઢો ડામ દીધો, 'નોટિસ તો પિયરના સરનામે મોકલાવશોને ? એ આવ્યા પછી અને જોઈ લઈશું.'

હવે મનસુખ ફસાયો.

નિરુપમાએ નિર્ણય કર્યો હતો કે જેણે મારા સ્ત્રીત્વનું, માતૃત્વનું અપમાન કર્યું છે એને હું ક્યારેય છૂટાછેડા આપી બીજી સ્ત્રી સાથે તો નહિ જ પરણવા દઉં. એ બીજી સ્ત્રીનો પણ ભવ બગાડી શકે. જે વ્યક્તિ શંકાશીલ હોય એની માનસિક સમતુલા ક્યારેય સરખી ન હોય.

નિરુ મુંબઈ આવી હતી એક નિર્ણય કરીને. ધીમે ધીમે એણે એ પાર પાડવા માંડ્યો. એને એક કંપનીમાં રિસેપ્શનિસ્ટની જગા મળી ગઈ. પુત્રને સાચવવાની જવાબદારીથી માંડીને ઘર અને નોકરીની પણ જવાબદારીઓ અદા કરવા લાગી.

આ બાજુ મનસુખે પોતાનું ધ્યાન નિરુની શોધખોળમાં જ પરોવ્યું હોવાથી કંપનીમાં એ ધાર્યો એવો ધંધો મૂકી શક્યો નહિ. એની વારંવારની રજાઓ, માંદગી, ધંધામાં અપૂરતું ધ્યાન જેવી બાબતોને લક્ષમાં લઈ કંપનીઓ એને ગૌહતી ધકેલી દીધો. પરિણામે, મનસુખની નિરુપમા માટેની શોધ અટકી ગઈ ને લગ્ન-બજારમાંથી એનો છેદ ઊડી ગયો. છૂટાછેડા વિના એ બીજાં લગ્ન કરી શકે એમ નહોતો.

સમય-પંખી ઊડતું રહ્યું, ઊડતું રહ્યું, ઊડતું જ રહ્યું.

અને જ્યારે મનસુખ નિરુપમાને મળ્યો ત્યારે સમયની સપાટી પર ઘણાં ઘણાં પડ ચડી ચૂક્યાં હતાં.

મામાના દીકરા ભાઈના સહારે ને હૂંફે નિરુએ મુંબઈમાં પોતાનો ફ્લેટ લઈ લીધો હતો – જે બિલ્ડિંગમાં એનો ભાઈ રહેતો હતો એ જ બિલ્ડિંગમાં એક ખાલી થયેલા ફ્લેટમાં નિરુએ પોતાનું ઘર વસાવી દીધું. પુત્ર કૉલેજમાં ભણતો થઈ ગયો હતો. નિરુ પણ હવે પોતાની કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર બની ગઈ હતી. એ દરરોજ વિલે પાર્લેથી ચર્ચગેટ નોકરી કરવા જતી. એવી એક રોજિંદી ઘટમાળમાં મનસુખ અને નિરુ ચર્ચગેટ સ્ટેશનમાં જ ભેગાં થઈ ગયાં.

'તું... તમે ... અહીં છો ?' મનસુખે કહ્યું.

'હા, તમે ?'

'છએક મહિનાથી મુંબઈમાં મારી બદલી થઈ છે.'

એકાદ મિનિટનું મૌન. એ મૌન તોડવા મનસુખે સવાલ કર્યો–

'ક્યાં રહો છો ?'

'તમારે શું કામ છે ? સામેથી તીખો જવાબ મળ્યો.

મનસુખ અચકાયો. એ અત્યારે ગુનાહિત ભાવ અનુભવવા લાગ્યો. પણ જિંદગીની લાંબી મંજિલ કાપીને હવે એ ઠાવકો થયો હતો. એણે નિરુપમાને કહ્યું :

'મારી એક વિનંતી સાંભળશો ?'

'....'

'પાંચેક મિનિટ મારી સાથે ચા પીવા

ગાળશો ?'

જેનું પડખું એક વાર સેવ્યું હતું એના વિશે જાણવાની કુતૂહલવૃત્તિથી નિરુપમાએ હા પાડી.

બન્ને બાજુની હોટલમાં ચા પીવા ગયાં. એક ટેબલ પર બેઠાં પણ વાતનો મુદ્દો હજુ કોઈએ છેડ્યો ન હતો. બન્નેને એકબીજા વિશે જાણવાની ઈચ્છા થઈ, પણ પહેલ કોણ કરે ?

આખરે મનસુખે સંભાળીને એક નાજુક પ્રશ્ન પૂછ્યો.

'નિરુ, મારા પુત્રનું મને મોં જોવા દેશો ?' લાગ જોઈને નિરુએ વળતો ઘા કર્યો– 'એ તમારો પુત્ર છે એમ તમે માનો છો ?'

'હા.'

'ચોક્કસ ?'

'ચોક્કસ...'

'ધારો કે... કે... એ તમારો ન હોય તો ?'

'એ માનવા માટે હું તૈયાર નથી.' મનસુખે ચાનો કપ રમાડતાં રમાડતાં નીચું મોં રાખી મક્કમતાથી જવાબ આપ્યો.

હવે નિરુએ મોં ખોલ્યું –

'આ જ શબ્દો આજથી વીસ વર્ષ પહેલાં તમે મને કહ્યા હોત તો ?... બાય દ વે, તમે ફરી પરણી ગયા છો ?'

'ના.'

'કોઈ... કોઈ અપનાપનવાલું...'

'કોઈ જ નહિ. જિંદગીમાં એકલો છું. નોકરી કરું છું ને જેમતેમ કરી સમય પસાર કરું છું.'

નિરુને મનસુખની દયા આવી. એણે કહ્યું :

એક શંકા વેલને પાંગરવા દીધી ને તમે બે જણના ભવ બગાડી નાખ્યા. હું રૂપાળી હતી એ જ મારો ગુનો હતો ? મેં તમને પસંદ કર્યા હતા એમ કહેવાને બદલે તમે જ મને પસંદ કરી હતી એમ કહું તો ચાલે. લગ્ન પહેલાં આપણે સાથે ફરતાં હતાં ત્યારે જ તમે મને ઓળખી લીધી હોત તો ? જિંદગીની આવડી મોટી સફરમાં તમારા સાથીદારને તમે ઓળખવાની તસ્દી ન લીધી... ?'

'લીધી હતી, પણ જુવાનીના જોરમાં, કોઈના ચડાવ્યા ચડી ગયો ને... મારી ભૂલ કબૂલ કરું છું. હવે એનું પ્રાયશ્ચિત... ?'

નિરુ વિચાર કરવા લાગી. મનસુખે બે મસાલા ઢોસાનો ઓર્ડર આપ્યો ને પછી બન્ને વાતોએ વળગ્યાં. નાસ્તો પતાવીને બન્ને બહાર નીકળ્યાં ત્યારે નિરુએ જવાબ આપ્યો :

'જો તમે ખરેખર સુનીલને તમારો પુત્ર માનતા હો તો... તો તમે એને મળી શકો છો. પણ... પણ... એ કેટલે અંશે તમને સ્વીકારવા તૈયાર હશે ? એ હવે નાનો નથી. કૉલેજનો વિદ્યાર્થી છે. મેં આટલાં વર્ષે, એકલે હાથે એને ઉછેર્યો છે. એની મા બની, મિત્ર બની ને હવે વડીલ બની છું ત્યારે એ નિર્ણય છોકરાએ લેવાનો છે. મારે માત્ર માર્ગદર્શન જ આપવાનું રહે. જુઓ, આજ સુધી મેં તમારા તરફ માત્ર નફરત ને ધિક્કારની જ લાગણી સેવી છે. એના છાંટા સુનીલ પર પણ ઉડાડ્યા છે. તમારી કથની મેં સાંભળી. મને ખરેખર તમારા પર દયા આવે છે. પણ એક વાત કહું ?' એ થોડી અટકી. મનસુખે એની સામે જોયું. 'આટલાં વર્ષો સુધી હું જ માતા-પિતાનો રોલ ભજવતી હતી. હવે તમે પિતાનો રોલ ભજવી બતાવો.'

'કઈ રીતે ?'

'તમે મારે ઘરે આવો, સુનીલને મળો. હું પણ સુનીલને બે શબ્દો કહીશ. તમે સુનીલને મળી શકો છો, પણ તમારી રીતે. તમે એને પિતાની લાગણી આપો ને એ તમને સ્વીકારે પછી જ... પછી જ...'

પછી શું ?

'પછી તમે મારા સુધી પહોંચી શકો છો. એ સિવાય અન્ય રસ્તો નથી. ચાલો, હવે હું જાઉં ?'

'સુનીલને મારે કઈ મળવું ?' ઉતાવળા પગલે જતી નિરુને મનસુખે કહ્યું.

'કાલે, આ જ સમયે મને અહીં મળજો. કાલે તમને લઈ જઈશ...' કહી નિરુપમાં ટ્રેન પકડવા દોડી ગઈ.

બીજે દિવસે એ મનસુખને પોતાના ફ્લેટ પર લઈ ગઈ. મનસુખનો એણે સુનીલ સાથે પરિચય કરાવ્યો – એક મિત્ર તરીકેનો જ. બીજી વધુ કશી ઓળખાણ ન આપી. મનસુખ જ્યારે ચા-પાણી પી નીચે ઊતરતો હતો ત્યારે નિરુ એને વળાવવા ગઈ ત્યારે એણે હસીને પૂછયું :

'કોનો ચહેરો-મહોરો લાગે છે ?'

'મારો જ – અસ્સલ મારી જ કાર્બન કોપી.'

તમારી આ શંકા દૂર થઈ હોય તો હવે એનાથી અજાણતાં એને પિતૃભાવ આપો. એ તમને સ્વીકારશે તો હું તમને સ્વીકારી શકીશ. જોઈએ, આ કસોટીમાં તમે કેવી રીતે પાર ઊતરો છે તે...'

'ઊતરીશ જ.' મનસુખે જવાબ આપ્યો.

બિલ્ડિંગના ગેટ આગળથી જ્યારે મનસુખ નિરુપમાથી છૂટો પડ્યો ત્યારે એણે હળવેકથી પૂછી લીધું :

'નિરુ, મેં જરા યે આશા નહોતી રાખી...'

'શેની ?'

'કે તું આ રીતે મને સુનીલને મળવા દેશે. તું મને વઢશે, લડશે, ઝઘડશે, મારી કોઈ વિનંતી માનવા તૈયાર નહિ થાય, મને ઘસીને મળવાની ના પાડી દેશે. એવી બધી મેં ગણતરીઓ કરી રાખી હતી.'

'બધી ખોટી પડીને ?' હસીને નિરુપમાએ કહ્યું.

'હા. આટલાં વર્ષો પછી અચાનક મને તારી મુલાકાત થઈ ગઈ ને... મારી અવળચંડાઈ, શંકાશીલ માનસ, આ બધુ જોતાં તે મને કેમ માફ કરી દીધો એ જ મને સમજણ પડતી નથી !'

હસીને નિરુએ કહ્યું :

'એક તો, આ ઉંમરે મને તમારી યાદ આવે છે. મેં શું શું સહન કર્યું છે એ હું જાણું છું પણ તમે આટલાં વર્ષો એકલવાયી જિંદગી જીવ્યા ત્યારે મને થયું કે તમને ખરેખર પ્રાયશ્ચિત થયું છે. તમે ભલે મારું અપમાન કર્યું... પણ... પણ... હું ય એક મા છું. તરછોડાયેલી વ્યક્તિ પર કેવું વીતે છે એ મેં અનુભવ્યું છે. તમે જ્યારે પેલી હોટલમાં ઢોંસો ખાતાં ખાતાં રડી પડયા હતા ત્યારે મેં તમારી મનોવેદના જાણી લીધી હતી. હું ભૂતકાળ ભૂલી ગઈ, પણ મેં તમને સુનીલની નજદીક આવવા દીધા એનું એક કારણ હતું...'

'શું ?'

'એ ક્યારેક કહીશ. ચાલો હવે જાઉં. હજુ મારે રોટલીઓ ઉતારવાની છે ને સુનીલને જમાડવાનો છે.'

પ્લીઝ નિરુ,' કહી મનસુખે નિરુપમાનો હાથ પકડ્યો. આટલાં વર્ષો પછી એનો આ પ્રથમ સ્પર્શ હતો. 'મને કહે. ન કહે તો તને... તને... મારા સોગંદ.'

'હાથ છોડો, બધા જોતા હશે.' કહી એણે હાથ ખેંચ્યો. પણ મનસુખે એ પકડી રાખ્યો હતો. એની આંખમાં પાણી હતાં. જાણે કહેતો ન હોય કે મારા સોગંદ આપ્યા તો ?'

'કહું છું.' કહી એણે હળવેકથી હાથ છોડાવી કહ્યું 'હું જાણું છું કે સુનીલના પિતા તમે જ છો.'

અને એ ટ્રેન પકડવા દોડી ગઈ.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

### શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય • શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન
### શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા

શ્રી નંદલાલ તારાચંદ વોરા ઉપાશ્રય Nallasopara ખાતે ચૈત્રી આયંબિલ ઓળી તપ કરાવવામાં આવશે. આયંબિલ ઓળી તા ૪/૪/૨૫ થી ૧૩/૪/૨૫ સુધી છે.

કાયમી તિથી સ્વ. જય અશોકભાઈ મનસુખલાલ સંઘવી તથા આ વર્ષ ના સહયોગી દાતા: વઢવાણ શહેર નિવાસી હાલ વાલકેશ્વર, શ્રીમતી પ્રેમાબેન મહેશભાઈ વોરા એ રૂપિયા ૩૧૦૦૦/માં લાભ લીધો છે.

આ આયંબિલ તપ કરાવવા રૂપિયા ૨૦૦૦/- સહાયક દાતા તરીકે નામ લખાવવા નમ્ર વિનંતી છે

જેઓના નામ આવી ગયા છે તેમના નામ:

(૧) શ્રી પંકજભાઈ વી. સંઘવી
(૨) શ્રીમતી મનીષાબેન એમ. શાહ
(૩) શ્રી કીરીટભાઈ વી. શેઠ
(૪) શ્રી નરેન્દ્રભાઈ સી. ગાંધી
(૫) માતુશ્રી શારદાબેન સી. ગાંધી
(૬) સ્વ કનૈયાલાલ સી. ગાંધી
(૭) સ્વ હેમલતાબેન કે. ગાંધી
(૮) શ્રીમતી શ્રુતિબેન એમ. શાહ
(૯) શ્રીમતી દિપ્તીબેન એસ. શાહ
(૧૦) શ્રી અશોકભાઈ એલ. તુરખીયા
(૧૧) શ્રી નિરવભાઈ બી. ખંધાર
(૧૨) શ્રી દિલીપભાઈ એચ. શાહ- ભાયંદર
(૧૩) શ્રી મહેશભાઈ બી. દોશી
(૧૪) શ્રી સુબોધભાઈ એન. શાહ
(૧૫) માતુશ્રી સરોજબેન પી. અજમેરા
(૧૬) માતુશ્રી કિરણબેન પી દોશી
(૧૭) શ્રીમતી મીરાંબેન શાહ
(૧૮) માતુશ્રી પ્રવિણાબેન એન. ગોપાણી
(૧૯) શ્રી અશોકભાઈ એમ. સંઘવી
(૨૦) શ્રીમતી ચંદ્રીકાબેન એ. સંઘવી
(૨૧) માતુશ્રી તારાબેન લક્ષ્મીચંદ શાહ
(૨૨) માતુશ્રી હંસાબેન કીર્તિભાઈ શાહ
(૨૩) માતુશ્રી શારદાબેન બી. જોબાલીયા
(૨૪) શ્રી દીપકભાઈ એન. મહેતા
(૨૫) શ્રી પરાગભાઈ પી. દોશી
(૨૬) શ્રીમતી રશ્મિબેન શાહ
(૨૭) શ્રી નિરજભાઈ શાહ
(૨૮) શ્રી કિશોરભાઈ અજમેરા
(૨૯) શ્રીમતી સરોજબેન પંચમીયા
(૩૦) શ્રીમતી અલકાબેન ગાંધી
(૩૧) શ્રીમતી લતાબેન સખીદાસ
(૩૨) શ્રીમતી પુષ્પાબેન દેસાઈ
(૩૩) શ્રીમતી છાયાબેન અંતુભાઈ
(૩૪) શ્રી કાંતિભાઈ લક્ષ્મીચંદ વોરા
(૩૫) શ્રી શરદભાઈ એમ. ગાંધી
(૩૬) શ્રીમતી નીકિતાબેન નિમેશભાઈ શાહ
(૩૭) માતુશ્રી સુશીલાબેન રમણીકલાલ ગોપાણી

દરેક સભ્યોને આયંબિલ ઓળી તપ માં અનુમોદના કરવા કન્વીનરોનો સંપર્ક કરવા નમ્ર વિનંતી, વધુ નામો મે મહિનાની પત્રિકામાં છાપવામાં આવશે.

નાલાસોપારા ઉપાશ્રય કમિટી ના જય જિનેન્દ્ર

સંપર્ક :

દિપ્તીબેન શાહ - ૯૩૨૩૬૩૧૦૪૭

નરેન્દ્રભાઇ ગાંધી- ૯૮૨૦૦૭૬૪૬૦

❖❖❖

## સંસ્થા સમાચાર

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન મહિલા મંડળ – નાલાસોપારા**

તા. ૯-૩-૨૫ શનિવારના રોજ પોગ્રામ શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય, વિવિધલક્ષી હોલમાં રાખવામાં આવેલ. ખૂબજ સફળતાપૂર્વકના સંચાલનથી કાર્યક્રમ શાનદાર - ભવ્યાતિભવ્ય અને યાદગાર રૂપે ઊજવાયો.

આગમન સમયે ચા-નાસ્તો ની લિજ્જત માણી. પ્રમુખશ્રી પ્રીતિબેન ડી. શાહે દરેક સભ્યોનુ હૈયાના હરખથી સ્વાગત કર્યુ. દરેક કમિટી મેમ્બર્સ તેમજ હંમેશા ઉષ્માભર્યો સાથ અને સહકાર આપનાર દિલીપભાઈ શાહ, જીતુભાઈ શાહ, અશોકભાઈ શાહ, યતીનભાઈ શાહ, રાજુભાઈ વિ. ને અંતરના અહોભાવથી આવકાર આપી ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવેલ.

પ્રોફેશનલ બહેન દ્વારા અવનવી, મોજ-મસ્તી અને હાસ્ય ભરપૂર, નવ-દસ ગેઈમો રમાડવામાં આવી. સહેલીઓની સોનેરી સંગત સાથે રમત-ગમતની રમઝટ જામી. ૨૫ વરસથી લઈને ૭૫ વરસ સુધીની હાજર તમામ સભ્યોએ ગેઈમ રમવામાં ભાગ લઈ આનંદવિભોર થઈ ગયા. થોડીવાર હળવાશ માણ્યા બાદ મહિલા મંડળના ઉત્સાહી મંત્રીશ્રી ઝરણાબેન શાહ અને જયશ્રીબેન તુરખિયાએ હાઉઝી ગેઈમ રમાડી, ખૂબજ સક્રિય ટ્રેઝરર શ્રી હીનાબેન શાહે નવી-નવી ગેઈમો રમાડી, હાઉઝી ઈનામ સમયે પ્રશ્નો પૂછી મઝા કરાવી. છેલ્લે સંગીતના સૂરે ગરબા-દાંડિયા રાસની રમઝટ ચાલી. દરેક રમતના વિનર્સ, હાઉઝી ગેઈમના ઈનામ વિ. ઝા. મહિલા મંડળની કમિટી તરફથી આપવામાં આવેલ. છેલ્લે તો ફોટા ફંક્શનમાં તો બધાને ખૂબ મઝા પડી ગઈ.

ઝા. સ્થા. જૈન મહિલા મંડળ નાલાસોપારાના સફળતા પૂર્વકના કાર્યક્રમોમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકી ખૂબ સારી સંખ્યામાં સભ્યોએ રીન્યુઅલ ફી ભરી, નવા મેમ્બર્સ બનીને ઉત્સાહમાં વધારો કરેલ. તે દરેકનો તમામ કમિટી મેમ્બર્સનો આભાર વ્યક્ત કરેલ.

છેલ્લે મનગમતા ભોજનનો રસથાળ માણ્યા બાદ દરેક સભ્ય સહેલીઓ મુખ પર આનંદ અને પ્રસન્નતા સાથે છૂટા પડયા.

❖❖❖

## મૈત્રી કે કીર્તિ

**નીલેશ મહેતા**

બંગાળમાં નંદિયા નામના સ્થળે એક વિદ્યાલય. ત્યાં બે મિત્રો અભ્યાસ કરે. એકનું નામ રઘુનાથ અને બીજાનું નિમાઈ. બંને તેજસ્વી વિદ્યાર્થીઓ અને બંનેમાં ખૂબ જ મૈત્રી. ગુરુની આજ્ઞા થતાં બંનેએ ન્યાયદર્શન પર પુસ્તક લખવાનું શરૂ કર્યું. એક જ વિષય પર બંને લખે. લખી રહ્યા પછી બંનેએ એકબીજાનું લખાણ વાંચ્યું. નિમાઈનું પુસ્તક વાંચીને રઘુનાથે કહ્યું, 'ભાઈ, તારી વિચારધારા, તારું લખાણ, તારી શૈલી, અને ઊંડાણ એ બધું જોતાં મારું પુસ્તક તો સાવ પ્રાથમિક લાગે છે. એટલે ગુરુજીને બતાવવા જવાની મારી હિંમત થતી નથી.' રઘુનાથના પુસ્તકને અવગણવામાં આવશે તે વિચારે નિમાઈને વિચાર કરતો કરી દીધો અને રઘુનાથને ઉદાસ બનાવી દીધો. ગુરુજીને પુસ્તક બતાવવાનો દિવસ આવી ગયો અને પ્રથમ આવનાર વિદ્યાર્થીનું સન્માન થવાનું હતું તેની બંનેને જાણ હતી જ. નિમાઈ રઘુનાથ પાસે ગયો, સાથે પોટલામાં વીંટાઈને એના



ગ્રંથને લીધો અને રઘુનાથને કહે, 'ચાલ આપણે જરા ફરી આવીએ.' રઘુનાથને ફરવા જવાની ઈચ્છા જ હતી નહિ. નિમાઈના આગ્રહને વશ થઈ તેમની સાથે ફરવા જવું પડ્યું. ફરતાં ફરતાં બંને નદી કિનારે આવ્યા. રઘુનાથ તદ્દન ચૂપ જ હતો. નિમાઈ કારણ જાણતો હતો છતાં પૂછ્યું. 'દોસ્ત, આજે કેમ એકદમ ચૂપચાપ થઈ ગયો છે?' 'કંઈ નથી.' કહીને વાતને બીજે વાળવા એણે નિમાઈને પૂછ્યું કે, 'કપડામાં આ શું વીંટાળીને સાથે લાવ્યો છે?' 'જોવું છે તારે? લે જો,' અને રઘુનાથ સામે નિમાઈએ લખેલો એ હસ્તલિખિત ગ્રંથ સામે ધર્યો. અરે પણ આ ગ્રંથ અહીં સાથે લાવવાનું કંઈ કારણ? રઘુનાથે પ્રશ્ન કર્યો, 'તું જ કહે, શા માટે લાવ્યો હોઈશ! નિમાઈએ કહ્યું. 'મારું મન દુભવવા તો તું ન જ લાવે તેની મને ખાતરી છે છતાંયે...' રઘુનાથ અટકી ગયો! નિમાઈ કહે, 'અટકી કેમ ગયો? જવાબ સૂઝયો નથી, ખરું! તો લે હું જવાબ આપું', કહેતાં તેણે એ ગ્રંથ સીધો વહેતી નદીમાં પધરાવી દીધો. 'અરે અરે નિમાઈ તમે આ શું કર્યું', રઘુનાથે ચિત્કાર કર્યો, 'આ ગ્રંથ તો તને દુનિયામાં એક મહાન શાસ્ત્રીની ગણનામાં મૂકી દેવા સમર્થ હતો તેનું...' 'અરે દોસ્ત! મારા મિત્રની મૈત્રી સામે મને કીર્તિની કોઈ જ વિસાત નથી.' રઘુનાથને ભેટતાં નિમાઈએ કહ્યું અને રઘુનાથ સજળ નેત્રે નિમાઈને જોઈ રહ્યો ને ક્ષણવારમાં એના પગમાં પડી બોલી ઊઠ્યો, 'નિમાઈ, તું મહાન છે તું ખરેખર મહાન છે.'

એ નિમાઈ જેમણે ૧૬મા સૈકામાં હરિબોલની ધૂનથી આખા બંગાળને જાગ્રત કરી દીધું હતું તે જ આ મહાપ્રભુ ચૈતન્ય..

❖❖❖

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ • ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન–મુંબઈ**

## પારિતોષિક સમારંભ

કોરોના કાળ દરમ્યાન વિપરિત સંજોગોને કારણે ઝાલાવાડી સભા દ્વારા દર વર્ષે યોજાતો પારિતોષિક સમારંભ મુલત્વી રાખેલ હતો.

અમને જણાવતા આનંદ થાય છે કે આ પારિતોષિક સમારંભ ફરીથી ચાલુ કરવાનો નિર્ણય કારોબારી સમિતિએ લીધેલ છે.

આને અનુલક્ષીને આગામી મે-જૂન મહિનામાં પારિતોષિક સમારંભ યોજવાનું નક્કી કરેલ છે અને ગત બે વર્ષ દરમ્યાન આપણા સમાજના તેજસ્વી તારલાઓએ શૈક્ષણિક ક્ષેત્રે જે ઉત્કૃષ્ટ દેખાવ કરેલ છે તેને બિરદાવવાનું નક્કી કરેલ છે.

માર્ચ-૨૦૨૩ અને માર્ચ-૨૦૨૪ દરમ્યાન આપેલ પરીક્ષાના રિઝલ્ટ સાથે આપેલા ફોર્મ સહિત ૨૫ એપ્રિલ ૨૦૨૫ પહેલા ઝાલાવાડી સભાની કાલબાદેવી ઓફિસે મોકલી આપશોજી.

૨૦૨૩ અને ૨૦૨૪ ના બે વર્ષને પારિતોષિક સમારંભ સાથે યોજેલ છે માટે ઉપરોક્ત બંને વર્ષના રિઝલ્ટ મોકલી શકો છો.

### પારિતોષિક અને મેડલ યોજના

S.S.C.થી સ્નાતક Degree કક્ષાના આર્ટ્સ/કૉમર્સ/સાયન્સ/હોમ સાયન્સની (ડિગ્રી) તથા ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ તથા સ્પેશ્યલાઈઝ કોર્સ કર્યો હોય તે

### મૅરિટ સ્કૉલરશિપ યોજના

(1) H.S.C. (Sci.) PCB/PCM – 85%
(2) H.S.C. (Arts, Comm. & Home Sci. 75%
(3) Engineering (Dip.) Medical (Dip.)
Pharmacy (Dip.) or other Diploma Course – 65%
(4) Medical, Engineering, Pharmacy -
C.A., I.C.W.A., C.S. – 50%
(5) B.A., B.Sc., B.Com. – 70%
(6) M.D., M.S., M.Tech., M.E., M.Sc.– 50%

**● ઉપરની દરેક ફેકલ્ટીના કોર્સ દરમ્યાન પ્રત્યેક વર્ષના પરિણામ ઉપર નિયમ મુજબ મૅરિટ સ્કૉલરશિપ આપવામાં આવશે.**

**❖ માનદ્ મંત્રીઓ ❖**

| મનીષાબેન શાહ | અતુલભાઈ શાહ | અનિલભાઈ સંઘવી | મુકેશભાઈ શાહ–ચશ્માવાળા | નિરવભાઈ દોશી |
|---|---|---|---|---|
| ૯૮૨૦૨૯૬૯૬૫ | ૯૮૨૦૧૪૮૬૭૩ | ૯૮૨૧૦૯૬૩૨૮ | ૯૮૧૯૧૮૩૩૨૫ | ૯૮૨૦૮૨૩૪૦૦ |

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ • ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન–મુંબઈ**

**પારિતોષિકો અને મેડલ યોજના**

| | | | |
|---|---|---|---|
| S.S.C. (For Boys) | S.S.C. (For Girls) | C.B.S.E (For Boys) | C.B.S.E (For Girls) |
| I.C.S.E (For Boys) | I.C.S.E (For Girls) | NTSE | H.S.C. (Science) PCM |
| H.S.C. (Science) PCB | H.S.C. (Science) PCB | H.S.C. (Commerce) | H.S.C. (Arts) |
| B. Sc. | B. Com. | B.A. | Home Science |
| B.Sc. / I.T. | B.M.S. | B.A.M.S./L.I.H/D.M.L.T.,O.T.P.T. | B.D.S. |
| M.B.B.S. | C.A. | I.C.W.A. (Cost Accounting) | C.S. |
| I.I.T. | (Diploma) Engineering | (Degree) Engineering | LL.B. |
| LL.M./ Solicitor | ( Post Graduate) | M.Sc. | M.Com |
| M.A. | MBA | M.M.S. | M.B.A., M.M.S. (Finance) |
| Journalism | M.S. / M.D. | M.Tech. / M.E. | Ph.D. / M.Phil. / M.Ed. |
| ડિપ્લોમા/સ્પેશ્યલાઈઝ્ડ કૉર્સ | Jainology | ટેલેન્ટ | વક્તૃત્વ |
| નિબંધ | M. S. (Org. Chemical) | M. S. (Electrical) | M. D. (Medicine) |
| B.Com. (Accounting & Finance) | B. P. TH. | C.A. / C.S. | Computer Science I.T. |
| M.C.A./M.B.A./C.S. | M.M.S. / M.B.A. | B.E.Mech. / I.T. / Computer | શ્રેષ્ઠ પારિતોષિક |
| IIT/JEE/CET | ધાર્મિક પારિતોષિક | | |

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

## SHRI C. U. SHAH EDUCATIONAL MEDAL & SCHOLARSHIP SCHEME

Student's Two Photographs

One Photograph Loose

**PARITOSHIK / MEDAL** ☐ **MERIT** ☐ **DHARMIK SHRENI** ☐

**KANYA UTKARSH YOJNA** ☐ **KUMAR UTKARSH YOJANA** ☐

**YUVA UTKARSH YOJNA** ☐ **KISHOR UTKARSH YOJANA** ☐

**STUDENT : MALE** ☐ **FEMALE** ☐

(01) Student Full Name (With Surname) .................................................................... Age................

(02) Father's Full Name (With Grandfather Name) ........................................................................

(03) Mother's Name..........................................................................................................................

(04) Native Place ..................................

(05) Present Residence Address .......................................................................................................

..................................................................................................................................................

Phone : (R) ...............................................(O) ..............................................(Mobile).........................

(06) Relationship with Member of Applicant .....................................

(07) Exam for which you have applied for Scholorship ...................................................................

Total Marks ..................................... Obtained Marks ................................ Percentage ..................

P.C.M. Total Marks .......................... Obtaines Marks .......................... Percentage ..........................

P.C.B. Total Marks .......................... Obtaines Marks .......................... Percentage ..........................

Result Date .........................................................................................

Name of Board or University .....................................................

Name of College / School ..........................................................................................................

Details of Faculty (Arts / Science / Commerce / Enginnering)...........................................................

Number of Attempt for Passing Examination ..........................................................................

(08) Previous Exam Passed ..............................................................................................................

Total Marks .................................... Obtained Marks ............................... Percentage ..................

Above Information are True and Decision of the Education Committee Shall be binding on me

Mumbai, ,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,

Date ............................ Signature of Student

---

**Confirmation By Father or Guardian**

My Son / Daughter ..........................................................................................................................

has submitted above details which true and Correct. I confirm that

Date ......................... ...........................................................

Full Signature

---

**Please attach two Passport Size Photos. Name Should be written on the back of the Photograph**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ
# ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન-મુંબઈ

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે, ૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ, (કોલભાટ લેન) ચીરાબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨.

## પારિતોષિક અને મેડલની વિગતો તથા નિયમો

(૧) આ પારિતોષિકો **બૃહદ્ ફક્ત મુંબઈમાં રહેતા ઝાલાવાડી સભા મુંબઈના** સભ્યોના સંતાનો માટે છે. તેઓનું મૂળ વતન ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો) હોવું જરૂરી છે. પારિતોષિક માટે ભાગ લેનાર, પરીક્ષાના પરિણામ પહેલાંની ૩૧ માર્ચ સુધીમાં સભાના સભ્ય હોવા જરૂરી છે. **(સભ્યપદનું લવાજમ ભર્યું હોવું જરૂરી છે) તથા અરજી ફોર્મ સાથે લવાજમ ભર્યાની રસીદની ઝેરોક્ષ કોપી મોકલવી જરૂરી છે.**

(૨) ફૉર્મ ભર્યું નહિ હોય તે વિદ્યાર્થી/વિદ્યાર્થિની પારિતોષિકને પાત્ર ગણાશે નહીં.

(૩) **પરીક્ષાના પરિણામ પછી ૩૦ દિવસની અંદર માર્ક્સ સ્ટેટમેન્ટ સર્ટિફાઈડ (True) કોપી વગેરે ફૉર્મ સાથે મોકલવું જરૂરી છે.**

(૪) **અરજી ફૉર્મ સાથે અગાઉના વર્ષની પરીક્ષાનું પરિણામ (Mark sheet) ની ઝેરોક્ષ કોપી પણ મોકલવી જરૂરી છે.**

(૫) જેનાં પરિણામો અને માર્કશીટ (ચાલુ વર્ષના) ૨૫-૦૪-૨૦૨૫ સુધીમાં આવે તેઓના ફૉર્મ ચાલુ વર્ષના પારિતોષિક સમારંભમાં સમાવી લેવામાં આવશે. ૧લી મે પછી જેના પરિણામો તથા માર્ક્સશીટ આવશે તેઓ પછીના વર્ષના પારિતોષિક માટે ફૉર્મ ભરવા માટે યોગ્ય ગણાશે. માટે તેમણે આગામી જૂનમાં ફોર્મ ભરવાના રહેશે.

(૬) આ પારિતોષિકો માત્ર પ્રથમ પ્રયત્ને-પરીક્ષા પાસ કરનારને જ અપાશે.

(૭) આ પારિતોષિકો માત્ર S.S.C., H.S.C. **(ફક્ત)** ડિગ્રી B.Com., B.Sc., B.A., B.E. તથા Final Year Dip. Course-Double Graduate વિગેરે માટે છે.

(૮) પરીક્ષામાં પ્રથમ આવનાર એટલે સભાના સંતાનોમાં પ્રથમ આવનારને પારિતોષિક આપવામાં આવશે. (સંસ્થાના કાર્યાલયને મળેલ અરજીઓમાં સૌથી વધારે માર્ક્સ-ટકા મેળવેલ, વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને મળશે.)

(૯) પારિતોષિક મેળવવાની યોગ્યતા અંગે પારિતોષિક શૈક્ષણિક સમિતિનો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૦) ડિગ્રી માટે B.A., B.Sc. અને B.Com.ના પારિતોષિકો છે તથા અરજી ફૉર્મમાં મુંબઈ યુનિવર્સિટી/ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી ખાસ લખવું.

(૧૧) જે મેડલ કે પારિતોષિક માટે ફૉર્મ ભરતા હોય ત્યાં (✓) ની નિશાની કરવી. ફૉર્મમાં સ્પષ્ટપણે તેનો નંબર શબ્દમાં લખવો.

(૧૨) કુટુંબમાં એકસાથે રહેતા (એક રસોડે) મેમ્બરને સભ્ય ગણવામાં આવે છે. અલગ રહેતા કુટુંબના સભ્યે મેમ્બર હોવું જરૂરી છે.

(૧૩) ટ્રોફી અને ઈનામ મેળવવા પાત્ર થનારને (ફોર્મ ભરનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પૈકીને) પત્ર દ્વારા જાણ કરાશે.

(૧૪) **સર્ટિફાઈડ (True) કોપી એટલે S.E.O. ની સહીવાળી અથવા સ્કૂલ-કૉલેજના પ્રિન્સિપાલની સહી કરેલી તથા રબર સ્ટેમ્પ સાથેની ઝેરોક્ષ કોપી.**

(૧૫) આ પારિતોષિકો શુભેચ્છકોની ઇચ્છા પ્રમાણે જ આપ્યા છે. છતાં પણ કોઇના ઇનામોની ફેકલ્ટી બદલવી પડે તો બદલી શકવાના સર્વ હક્ક શિક્ષણ સમિતિને રહેશે.

(૧૬) સેમિસ્ટર સિસ્ટમવાળા વિદ્યાર્થીઓએ બન્ને સેમિસ્ટરનું રિઝલ્ટ ભેગું ગણી ટકા ગણવા.

(૧૭) એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓને છેલ્લા બે સેમિસ્ટરના માર્ક્સ ઉપર મેરિટ સ્કોલરશિપ આપવામાં આવશે.

(૧૮) જેઓએ ગ્રેજ્યુએટ અથવા પોસ્ટ ગ્રેજ્યેટ કોર્સ પૂરો કર્યો હશે અને આગળ અભ્યાસ કરવાના ન પણ હોય તેઓને પણ નિયમ મુજબ યોગ્ય હશે તો આપવામાં આવશે.

(૧૯) અરજી ફોર્મ સભાના કાર્યાલયમાં મોકલવાનું રહેશે.

(૨૦) ન સ્વીકારેલા ફોર્મ અંગે કોઈપણ જાતના કારણો દર્શાવવાની જરૂર રહેશે નહીં, તેમ જ તે અંગે કોઈ પત્ર વ્યવહાર પણ કરવામાં આવશે નહીં.

## સ્વધર્મી સહાય યોજના

### કુ. તૃપ્તિ તથા કુ પ્રીતિ જશવન્તલાલ શાહ પ્રેરિત સ્વધર્મી સહાય યોજના

શ્રી ઝાલાવાડ સ્થાનકવાસી જૈન સભા સંચાલિત ઝાલાવાડ સભાનું સભ્ય પદ ધરાવતા ઓછી આવકવાળા પરિવારોને આર્થિક સહાય માટેનું અરજી ફોર્મ ઓનલાઈન www.zalawadi.com સાઈટ ઉપરથી મેળવીને ભરવાનું રહેશે. અથવા સંસ્થાની ઑફિસેથી રૂબરૂ જઈને લેવાનું રહેશે. આ ફોર્મમાં ઝાલાવાડી સભાના કારોબારી સમિતિના સભ્ય અથવા કોઈ પણ ઝાલાવાડી સભાના સ્થાનિક પ્રતિનિધિની સહી કરાવવાની રહેશે આ ફોર્મ સાથે છેલ્લું ઈલેક્ટ્રિક બીલ/મેડિક્લેઈમ ની ઝેરોક્ષ મેમ્બરશિપ રસીદ અથવા નંબરની ઝેરોક્ષ અને મેડિક્લેઈમની ઝેરોક્ષ પણ આપવાની રહેશે જેનો મેડિક્લેઈમ હશે એનેજ સહાય નો ચેક આપવામાં આવશે. **ફોર્મ તા. ૩૦-૦૪-૨૦૨૫ સુધીમાં સભાની ઓફિસે જમા કરાવવાનું રહેશે** પછીના સમયમાં ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. નોંધઃ એપ્લિકેશન ફોર્મ અધુરૂં ભર્યું હશે તે રદબાતલ કરવામાં આવશે.

આપશ્રી સભાની ઓફિસમાં નિરવ શાહના
મો. ૯૮૧૯૦૧૨૪૬૮ પર ફોન કરી શકો છો. **માનદ્ મંત્રીશ્રી**

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

પ્રિય ઝાલાવાડી સભાના સભ્યો,
જય જીનેન્દ્ર,

સભાના વાર્ષિક સભ્યો **(ym members)** ને વિનંતિ કે આપણે ગયા વર્ષે આપણી વેબસાઈટ **zalawadi.com** પર વાર્ષિક મેમ્બરશીપ રિન્યુ કરવા માટે નવું પેજ લોન્ચ કરેલ, જ્યાં તમે એકજ વારમાં ઝાલાવાડી સભાનું તમારૂં સભ્યપદ **renewal** કરી શકો છો અને આવતા વર્ષ માટેની તમારી મેમ્બરશીપ **Gateway** થી ઘરે બેઠા વાર્ષિક લવાજમ ભરી શકો છો. જેથી **email** પર ઈન્સ્ટન્ટ રસીદ આપને મળી જાય છે. માટે દરેક મેમ્બર્સ ને વિનંતિ કે આપનું વાર્ષિક લવાજમ **website** પર નીચે આપેલ લિંક (જે દરેક પરાના **Whats App Group** માં મોકલાવેલ છે.) નો ઉપયોગ કરી મેમ્બરશીપ renew કરાવી લેશો. પર્યુષણ સુધી રાહ ન જોવા વિનંતિ. જેથી આપનું લ્હાણું સમયસર મળી શકે.

**https://www.zalawadi.com/Existing-Member**

આપશ્રી સભાની ઓફિસમાં નિરવ શાહના મો. ૯૮૧૯૦૧૨૪૬૮ પર ફોન કરી શકો છો.

**માનદ્ મંત્રીશ્રી**

### ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

### શ્રીમતી કંચનબેન વ્રજલાલ ત્રિકમદાસ શેઠ અને શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ નોટબુક યોજના

ઝાલાવાડી સભાના સભ્યોના બાળકો માટે નોટબુકની જરૂર હોય તેમના માટે સંસ્થાએ ગયા વર્ષ મુજબ આ વર્ષે પણ A4 સાઈઝની વિદ્યાર્થી દીઠ બે ડઝન નોટબુકનું વિતરણ એકદમ નોર્મલ ચાર્જથી કરવાનું આયોજન કરેલ છે.

નોટબુક માટેનું ફોર્મ Online **તા. ૩૦-૦૪-૨૦૨૫ સુધીમાં વિદ્યાર્થી દીઠ અલગ-અલગ સબમીટ કરવાનું રહેશે.** સાથે ગયા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના રિઝલ્ટની Copy Attach કરવાની રહેશે. જે મેમ્બર ભાઈએ નોટબુકની જરૂરિયાત હોય તો આપશ્રી મિલનભાઈ તુરખીયાના મોબાઈલ નંબર ૯૮૬૦૧૨૫૧૩૬ ઉપર Whatsapp કરશો તો આપને ગુગલ લીંક ફોરવર્ડ કરવામાં આવશે. તે લીંકથી આપશ્રી Online ફોર્મ ભરી શકશો.

નોટબુકનું વિતરણ જુન માસમાં કરવામાં આવશે. નોટબુક આપના સ્થાનિક સેન્ટરમાંથી મલશે. નોટબુક લેવા આવો ત્યારે નોટબુકની રકમ તથા મેમ્બરશીપ I-Card સાથે લાવવાનું રહેશે. **માનદ્ મંત્રીશ્રી**

### શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

## પત્રિકામાં જાહેરાત આપવા સંબંધી

ઝાલાવાડી સભાની માસિક પત્રિકામાં Advertisement આપવા ઈચ્છતાં દરેક મેમ્બર અને નોન મેમ્બર્સને વિનંતિ કે આપની જાહેરખબરની મેટર દરેક મહિનાની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપવા વિનંતિ. ત્યારબાદ મળેલ મેટર બીજા મહિનામાં છાપવામાં આવશે.

આપની જાહેરાતનું Artwork ફક્ત JPEG Format/PDF માંજ સ્વીકારવામાં આવશે. Advertisement Soft copy માં સ્વીકારવામાં આવશે. જેની દરેક સભ્યોએ નોંધ લેવા વિનંતી.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ

## માસિક પત્રિકા બાબત અગત્યની સુચના

સભાની માસિક પત્રિકા નિયમિત રીતે ૧૦/૧૧ તારીખે દર મહીને પોસ્ટ થાય છે. પરંતુ અમુક સભ્યોને પોસ્ટ નથી મળતી તેવા Phone Call અમોને આવે છે. પત્રિકા Pincode Wise બંડલો બાંધીને GPO માં નિયમિત ડીલીવરી કરવામાં આવે છે. છતાં પણ આપને પત્રિકા ન મળતી હોય તો (૧) **પ્રથમ આપનું કાર્ય આપની નજદીકની પોસ્ટ ઓફીસમાં જઈને તપાસ કરો અથવા લેખીતમાં આપો.** (૨) સભાની ઓફીસમાં સભ્યનું સરનામું બરાબર છે કે નહી તેની તપાસ કરો. સભાના નિરવભાઈ શાહ મો. 9819012468 નંબર પર લખીને મોકલાવો. (૩) મહેરબાની કરીને ઓફીસના સ્ટાફ જોડે જીભા-જોડી ન કરવી અને પત્રિકા માટે ફોન પણ ન કરવો. (૪) ઘણાં સભ્યોના મકાનો Re-Developmentમાં ગયા છે, અથવા તો સરનામું બદલાયેલ છે તેઓને નમ્ર નિવેદન સભાના Whatsapp No. 8850830865 પર Whatsapp કરી જાણ કરો. દર મહીનાની ૨૦ તારીખ સુધી આવેલ ફરીયાદ ૨૫ થી ૩૦ તારીખની વચ્ચે સુધારી લેવાની કોશીશ કરવામાં આવશે.

આપ સભાના માનવંતા સભ્યો છો આપને માસિક પત્રિકા મળે તે માટે અમો તત્પર છીએ.

માસિક પત્રિકા દર મહિનાની ૧૨ થી ૧૫ તારીખ સુધીમાં www.zalawadisabha.com પર પણ મુકવામાં આવે છે. આપ વેબસાઈટ પરથી પણ મેળવી શકશે.

**પત્રિકા ગ્રાહક :** ત્રણ વર્ષ માટે ફક્ત પત્રિકાના લવાજમ રૂા. ૧૦૦૦ + ૧૮% GST કુલ રૂા. ૧૧૮૦/-



''ખુશ ખબર''

**એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે. આ સ્કીમ ૧-૧૦-૨૪ થી ૩૧-૧૨-૨૪ સુધી જ છે.**

**ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિધ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*

**૬૮ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**





તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
**ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી**

સંપર્ક :
ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)
૯૮૨૧૦૨૯૦૫૩

જીગર – ૯૮૨૧૦૨૯૦૮૪

Advt.

# BIODATA



**NAME** : **NIRALI DEEPAK SHAH**
Date Of Birth : 7th Dec.1999
Time of Birth : 7:19 PM
Place of Birth : Mumbai
Height : 5'-2 inches
Caste/Religion : Visa Shrimali Sthanakvasi Jain
Native Place : Ranpur
Hobbies : Swimming, Travelling, Watching Movies, Playing Badminton

Education : B.Com - (Nagindas Khandwala College - Malad West)
M.Com - (Mumbai University-Mumbai)
LLB - (MKLM's Adhia College of Law - Vile Parle West)
Profession : Helping in Family Business
Resi. Address : Flat No. 3/201, Discovery Building, Opp. J.B. Khot School, Borivali East, Mumbai

**FAMILY DETAILS**

Grand Father : Navinchandra Shantilal Shah
Grand Mother : Late. Pratimaben Navinchandra Shah
Father : Deepak Navinchandra Shah (Mo. +91 9320644166)
Profession : Businessman
Manufacturing & Trading in Thread and All Kinds of Tailoring Material
Mother : Bhavisha Deepak Shah (Mo. + 91 9320644165)
Profession : Homemaker
Elder Sister : Devanshi Nishit Shah
Brother in law : Nishit Jayeshkumar Shah

**Paternal Details :** Uncle
(1) Nilesh Navinchandra Shah : + 91 9987124125
(2) Jayesh Navinchandra Shah : + 91 9320644167
(3) Hitesh Navinchandra Shah : + 91 9867888108

**Maternal Details:**
Grandfather : 91 Rajnikant Ramanlal Gopani
Grandmother : Late. Rasilaben Rajnikant Gopani
Mama : Dhanesh Rajnikant Gopani (Ahmedabad)
Mo. No. +91 9825483837

Advt.


।। શ્રી ગણેશાય નમઃ ।।
।। ભુરખીયા હનુમાન દાદા જય હો ।।
।।જય શ્રીકૃષ્ણ।। ।।શ્રી મહાવીરાય નમઃ।। ।।જય સોમનાથ।।

**દશા શ્રીમાળી તથા વિશા શ્રીમાળી તથા ઘોઘારી જ્ઞાતી ગોર**
(ઘાટકોપર), મુંબઈ
**શ્રી મહાલક્ષ્મી નમઃ**
**A to Z જ્યોતિષ**
**પુજા પાઠ કથા રાંદલ લોટા, શ્રીફળ વિધી, લગ્ન વિધિ, વાસ્તુ પુજા, નવચંડી હવન**
**વિરાટ એચ. પાઠક**
**૯૮૬૭૧૬૭૭૪૬ ૯૭૬૮૭૮૬૯૮૬**

કોઈપણ જ્ઞાતિ (લગ્નવિધિ, પુજા વિધિ, વાસ્તુ, વાંજાદરજી, પટેલ, મરાઠી, વૈષ્ણવ, લોહાણા, કપોળ, સુતાર, સોની, મારવાડી)

નવગ્રહ જપ સંપર્ક કરો
रुद्राभिषेक ऋद्धि पाठ
હનુમાન ચાલીસા પાઠ
સુંદરકાંન્ડ પાઠ

ગ્રહ પ્રવેશ , ચંડીપાઠ પાઠ, મહામૃત્યુજય જપ નક્ષત્ર શાંતી, કાલસર્પ યોગ, માંગલિક દોષ, પુજા કુંભ વિવાહ અર્ક વિવાહ, પિતૃ કાર્ય ગીતાજી ગરુડપુરાણ

કોઈપણ પુજા વિધિ માટે અથવા ઓનલાઈન વિડિયોકૉલ પુજા વિધિ માટે
**આગ્રા રોડ, એલ. બી. એસ માર્ગ, ગંગાવાડી, ગોપાલ ભુવન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૬.**

Virat pathak
Scan to pay with any UPI app

**સંપર્ક કરો : વિરાટ એચ. પાઠક ગોર**
**૯૮૬૭૧૬૭૭૪૬ ૯૭૬૮૭૮૬૯૮૬**

Advt.



શ્રીજી

**જમીન-મકાન તથા ખેતીની જમીનની લે-વેચ માટે મળો.**

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
**Mo. 98790 75965**
**અંકિતભાઈ એ. શેઠ**
**Mo. 98796 79553, 8200628452**
Email : ankitsheth77@gmail.com

**અતુલભાઈ ટી. શેઠ**
સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

।।શ્રી ગણેશાય નમઃ।।

શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



# શ્રી જૈન મેરેજ બ્યુરો

ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ

વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.

**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**

તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ

Advt.

# Shubh bandhan
**Global Matrimonial Assistance**



*Celebrating*
*20 Years*
*of Matchmaking*
*for Gujarati, Kutchi*
*& Marwari*
*Communities.*

Personalised Approach | Handpicked Match | Assured Meetings

Send us your Biodata on +91-9323626815 / +91-9769726815

www.shubhbandhan.com ShuBhbandhanMatrimony

Advt.


**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

# પુણ્યસ્મરણ

**સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ**
**દેહ મરે છે હું નથી મરતો અજર અમર પદ મારૂં**

**૫૯મી પુણ્યતિથિએ નતમસ્તક પ્રણામ**



**હરજીવનદાસ ખુશાલચંદ સંઘવી**
**દેહવિલય : એપ્રિલ ૧૫, ૧૯૬૬**

**૨૬મી પુણ્યતિથિએ નતમસ્તક પ્રણામ**



**નાનીબેન હરજીવનદાસ સંઘવી**
**દેહવિલય : ફેબ્રુઆરી ૨૨, ૧૯૯૯**

અમને ગૌરવ છે આપના પરિવાર હોવાનુ.
જેણે આ સંસારમાં જન્મ આપી, પાળી-પોષી, જીવન જીવવાની રીત શીખવી એવા માતપિતાનું ઋણ સો જન્મે પણ ફેડી શકાતું નથી.

આપના થકી ઉજ્જવળ છીએ આજે; જે કાંઈ છીએ તે આપના થકી.
આપે આપેલ સંસ્કારરૂપી મૂડીનો ખજાનો પ્રત્યેક પળે અમને જીવન જીવવાનું બળ આપે છે.

વરસો વીતી ગયા; આપ ઉપકારીનું સ્મરણ ક્યારેય ભુલાય તેમ નથી.
આપના શુભાશિષ સદૈવ અમારા પર વરસાવતા રહો એવી મંગળ કામના.


આપનો આત્મા ઉત્કૃષ્ટ ભાવે ધર્મકરણી કરી વહેલામા વહેલો પંચમગતિ (સિદ્ધ દશા) પામે એવી શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ.

## હરજીવનદાસ ખુશાલચંદ સંઘવી પરિવાર

**હ: ભૌમિક જીતેન્દ્રભાઈ સંઘવી**
(જોરાવરનગર નિવાસી    હાલ કાંદિવલી)

Advt.

# ચોથી પુણ્યતિથિએ
# સ્મરણાંજલિ સહ શ્રદ્ધાસુમન



**સ્વ. અનંતરાય મણીલાલ શાહ**

(નાવડા નિવાસી હાલ ઘાટકોપર - મુંબઈ)

જન્મ તા. : ૦૧-૦૨-૧૯૫૫

અરિહંતશરણ : ૨૯-૦૪-૨૦૨૧

*છોડી અમ સાથ તમે વસ્યા પ્રભુની પાસ*
*નથી હયાત પણ છો સાથે એવો રહે છે ભાસ*
*અમારા ઉપર આપના આશીર્વાદ હંમેશા વરસતા રહે*
*અમારા આપને કોટી કોટી પ્રણામ*

આપનો આત્મા સદાય સુખશાંતિ સાથે પરમપદને પામો એજ પ્રભુને પ્રાર્થના

**K શોકાતુર K**

પત્ની : સ્વ. મીનાબેન અનંતરાય શાહ

ભાઈ-ભાભી : શ્રી વ્રજલાલ મણીલાલ શાહ
સ્વ. ચંદ્રિકા વ્રજલાલ શાહ

પુત્ર-પુત્રવધુ : મિતુલ (ઋષભ) - અ.સૌ. ફોરમ

પુત્રી-જમાઈ : નિધી - જય સંઘવી

ભત્રીજા-ભત્રીજાવહુ : મનોજ - અ.સૌ. રીના
નીરવ - અ.સૌ. કૃપાલી
પારસ - અ.સૌ. સ્વાતિ

Advt.

# ૧૦મી પુણ્યતિથિએ
# ભાવભરી શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી પ્રિતમભાઈ જાદવજીભાઈ સંઘવી**

(બોટાદ નિવાસી હાલ ઘાટકોપર)

જન્મ તા. : ૨૧-૧૨-૧૯૪૧

અરિહંતશરણ : ૨૦-૦૪-૨૦૧૫

*''જાનારા જતા રહ્યાં ગુણો એમના સાંભરે*
*ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થશે''*
*આપની કુટુંબ ભાવના, કોઠાસુઝ, સાધુભગવંતોની વયાવચ્ચ તેમજ વ્યવહાર કુશળતા જેવા અનેક ગુણો આપની વાત્સલ્યતા નિઃસ્વાર્થપ્રેમ, ધર્મપ્રત્યેની શ્રદ્ધા વિ. સદ્‌ગુણો અમોને સદાય પ્રેરણા આપતા રહેશે*
*આપનું જીવન અમને જીવાડી ગયુ છે અને*
*આપનું મૃત્યુ અમને જગાડી ગયુ છે.*

આપનો આત્મા જયા હોય ત્યાં પરમ શાંતિ પામે અને વહેલી તકે મોક્ષગતીને પ્રાપ્ત કરે, એજ મંગલ પ્રાર્થના

**❊ શોકાતુર સ્વજનો ❊**

ધર્મપત્ની : ચંદ્રિકાબેન પ્રિતમભાઈ સંઘવી

પુત્ર : તુષાર - મયુર - ચિરાગ

પુત્રવધુ : પિના - બિના - તોરલ

પૌત્ર : મોનીલ - રાહીલ - ઓમ

પૌત્રી : રીયા - દિયા

**નિવાસ સ્થાન :**
૧૪૩/૪, જ્યોતિ એપાર્ટમેન્ટ, ગારોડિયા સ્કુલની સામે
ગારોડિયા નગર, ઘાટકોપર.

Advt.


FLAMINGO
transworld pvt. ltd.
You Travel We Care
Successfully Planned Holidays for more than 2,10,000 Families
WHY FLAMINGO?
Tours to more than 75 Countries around the globe
Flamingo has a specific NRI Division to serve you better
In-house team of 70 Tour Managers
More than 50 Locations all over India
A Team of more than 200+ Committed Individuals
14 N | 15 D
Scandinavia With Chef
22,28 MAY, 5,12,29 JUNE, 17,31 JULY, 12 AUG 2025
13 N | 14 D
Whole of South Africa
1,9,15,19,20,21,23,29 MAY, 3,6,13,20 JUN, 4 JULY, 8,14 AUG, 11,19 SEP 2025
11 N | 12 D
Tasteful Turkey With Chef
4,18 MAY, 1 JUN, 9 SEP, 17,18,19,20,21 OCT 2025
14 N | 15 D
Spain Portugal With Chef
10,24 MAY, 14,28 JUN, 12 JUL, 16 AUG, 6,13,20,27 SEP, 4, 18 OCT 2025
9 N | 10 D
Canadian Rockies
23 MAY, 4 JULY 2025
13 N | 14 D
UK Scotland & Ireland
9 May, 23 May, 13 Jun, 18 Jul, 15 Aug, 19 Sep 2025
Opera House | Kandivali | Ghatkoper | Juhu | Andheri | Kharghar | Thane | Mulund | Mira Road | Virar
+91 98199 30022
www.flamingotravels.co.in
Advt.




PAWANDHAM (KANDIVALI)



ZALAWADI SANATORIUM (DEOLALI)

## Why Rising Sun Electric?

- LATEST TECHNOLOGY PANELS
- MAXIMUM GENERATION EFFICIENCY
- REC CERTIFIED
- EXPERIENCED PROFESSIONALS (7+ YRS)
- SUPPLY, INSTALLATION, TESTING, COMMISSIONING IN ONE ROOF
- NO SUB-CONTRACTORS




# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future------

Shop No. 8, Somaiya Chambers, Arvind Khatri Showroom, S. V. Road, Malad (W), Mumbai - 400 064.

**Contact us : 7021213467**

Email : risingsunelect@gmail.com | Website : www.risingsunelect.com

Advt.


PURPLE CHARIOT
WEDDINGS
We know the culture
We Create
Magical Weddings
For Gujarati & Jain Families
Anywhere in India and Globally
Venue
Selection
Event
Planning
Wedding
Design
For obligation-free discussion and inqury call
Vishaal S Shah +91-9833-534-906
www.PurpleChariot.com
Advt.

# ચોથી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
૧૧.૦૭.૧૯૪૭

અરિહંતશરણ
૨૧-૦૪-૨૦૨૧

## સ્વ. ચંદ્રિકાબેન વ્રજલાલ શાહ (નાવડાવાળા)

જીવન જીવ્યા તમે ખુમારીથી, સંબંધો નિભાવ્યા સહજતાથી, હૈયે સૌના વસતા રહ્યા,
સજ્જનતા તમારી સુવાસ હતી, પરોપકાર તમારું જીવન હતું, પરિવાર જેનું મંદિર હતું,
સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી,
આંખોમાં ભક્તિનું અંજન, સ્વભાવમાં સંસ્કારનું ચંદન અને ભીતરમાં ત્રિશલાનંદનને વંદન કરી
વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી તમારી વિદાય એ અમને અજંપો લાગે છે.
આપનું જીવન ધર્મભાવના, કુટુંબભાવના અને સમાજભાવનાનો ત્રિવેણી સંગમ હતું.
આ ત્રિવેણી સંગમમાંથી અમે જ્ઞાનભક્તિ અને પ્રેરણાના જળનું ખોબે ખોબે આચમન કરેલ છે.
આપના આશીર્વાદ અમારી મૂડી છે. આપના આદર્શો અમારા જીવનની દીવાદાંડી છે.
આપનો પ્રેમાળ સ્વભાવ અમારો વિસામો છે.

**પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ આપે અને**
**જૈન ધર્મનું શરણું પ્રાપ્ત કરી ભવાંતરે મોક્ષ ગતિ થાય એ જ મંગળ પ્રાર્થના.**

**આપના સદૈવ ઋણી**

જીવનસાથી : વ્રજલાલ મણિલાલ શાહ (નાવડાવાળા)
પુત્ર-પુત્રવધૂ : મનોજ - રીના, નિરવ - કૃપાલી, પારસ - સ્વાતી
પૌત્ર-પૌત્રી : હર્ષ - શૈલી, જીનલ - જય, રાહીલ, પાર્શ્વી - શૌર્ય

**સ્વ. જયાબેન હરિલાલ શાહ પરિવાર (વાંકાનેરવાળા)**

Advt.

## પાંચમી વાર્ષિક પુણ્યતિથિ



જન્મ
૦૮-૦૨-૧૯૪૬

અરિહંતશરણ
૦૨-૦૪-૨૦૨૦

# સ્વ. શ્રી નટવરલાલ અમૃતલાલ ભલાણી

**સમઢીયાળા નં - ૧ (બોટાદ) નિવાસી - બોરીવલી**

છોડી અમ સાથ તમે વસ્યા પ્રભુની પાસ
નથી હયાત પણ છો સાથે એવો રહે છે ભાસ
"જીવન મળવું એ પુણ્યની વાત છે,
મૃત્યુ મળવું એ સમયની વાત છે,
સૌ કોઈના હૃદયમાં રહેવું એ,
જિંદગીના કરેલાં સત્કર્મોની વાત છે.''

**પ્રભુ આપના આત્માને પરમ-શાંતિ આપે એ જ પ્રાર્થના, તમોને સદાય યાદ કરતો પરિવાર**

લી.

**સ્વ. પૂ. માતુશ્રી શાંતાબેન અમૃતલાલ ભલાણી પરિવાર**
**ગં.સ્વ. ચંદનબેન મનસુખલાલ મોદી પરિવાર**
**ધર્મપત્ની ગં.સ્વ. લાભુબેન નટવરલાલ ભલાણી**

H **સુપુત્ર** H
શ્રી સમીર નટવરલાલ ભલાણી

H **પુત્રવધુ** H
અ.સૌ. રૂપા સમીર ભલાણી

H **પૌત્રી** H
કુ. કિષા ભલાણી, કુ. કાવ્યા ભલાણી

H **સુપુત્રી** H
બીનીતા મેહુલકુમાર શાહ
તેજલ કેતનકુમાર ગાંધી

H **દોહીત્ર** H
કુ. જેનીલ શાહ,
કુ. ઋત્વી ગાંધી અને કુ. જૈનમ ગાંધી

Advt.


To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.


# લીંબડી કેળવણી મંડળ સંચાલીત

## એસ એમ. દવે હાઈસ્કુલ અને પાણીસણાની સી સી હાઈસ્કુલમાં

## જ્ઞાનોત્સવ કાર્યક્રમની તસ્વીરી ઝલક









લીંબડી, પાણીસણા, સીયાણીની સ્કુલોના નુતનીકરણના જ્ઞાનોત્સવ માં મુંબઈ તથા અમદાવાદ થી સભાના લગભગ ૪૫ સભ્યો હાજર રહ્યા હતા.

માતબર રાશી માટે વચનો પ્રાપ્ત થયેલ છે.

- શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ ટ્રસ્ટ – મુંબઈ : રૂા. ૨૫ લાખ
- શ્રી અનીલભાઈ વૃજલાલ સંઘવી : રૂા. ૧૦ લાખ
- શ્રી છબીલદાસ ચુનીલાલ શાહ ગેડીવાળા : રૂા. ૧૦ લાખ
- શ્રી રજનીબેન સુધીરભાઈ મનસુખલાલ શાહ : રૂા. ૧૦ લાખ
- શ્રી કીશોરભાઈ મનસુખલાલ ચીમનલાલ શાહ : રૂા. ૭.૫ લાખ
- શ્રીમતી પુર્ણિમાબેન ચંદ્રકાંતભાઈ શાહ : રૂા. ૫.૦ લાખ
- શ્રી રમણીકલાલ અંબાલાલ પરશોત્તમદાસ શાહ પરિવાર : રૂા. ૫.૨૫ લાખ

સર્વોને ખુબ ખુબ અભિનંદન – અનુમોદના – અનુમોદના



Printed & Published by Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 3rd Floor, 47, Dr. M. B. Welkar Street, (Kolbhat Lane) Chira bazar, Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad M. Gandhi